Peer Reviewed Journal **Journal of Social Science** ISSN 2319-3522

# સમાજકારણ

**સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે**
**વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક**

**વર્ષ : 18** **જુલાઈ 2024** **અંક : 2**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | ખાણી-પીણીની શુદ્ધતાના અભાવે જોખમમાં મુકાયેલ માનવજિંદગી | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર : બેનો મેળ ખાય છે ?<br>લેખક : રોબર્ટ સ્કિડેલસ્કી<br>ભાવાનુવાદ : હેમંતકુમાર શાહ | | 05 |
| 3. | સરહદી વિસ્તારનો ઇતિહાસ : કચ્છના સંદર્ભમાં | ડૉ. અરુણ વાઘેલા | 21 |
| 4. | ગરીબી અંગે માનવઅર્થશાસ્ત્રનો અભિગમ | ડૉ. મંજુલા લક્ષ્મણ | 31 |
| 5. | શ્રમિકોના કલ્યાણમાં કેશવજી વાઘેલાનું પ્રદાન | ડૉ. હરપાલ બૌદ્ધ | 47 |
| 6. | સ્મરણાંજલિ : અર્થશાસ્ત્રી પ્રા. રમેશભાઈ શાહને | પ્રો. થોમસ પરમાર | 53 |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

# સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - 380009

**સંપાદક : ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

: સંપાદકીય સમિતિ :

**ફાલ્ગુની પરિખ** (સહસંપાદક) **વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર)

**હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર) **થોમસ પરમાર** (પરામર્શક, ઇતિહાસ)

**પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન) **ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)



**લેખ મોકલવા માટેનું સરનામું :** 3, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસસ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in



**ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ**

1. પ્રોફે. ધીરુભાઈ દેસાઈ પ્રમુખ
2. ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ મંત્રી-તંત્રી
3. અલ્પેશ પ્રજાપતિ સહમંત્રી

**સભ્ય**

1. પ્રોફે. વિદ્યુતભાઈ જોષી
2. ડૉ. હસમુખ પંચાલ
3. ડૉ. એચ. એલ. ચાવડા
4. ડૉ. ધવલભાઈ મકવાણા
5. ડૉ. ફાલ્ગુનીબેન પરિખ
6. ડૉ. આનંદભાઈ આચાર્ય

**આમંત્રીત સભ્ય**

1. જયેશભાઈ બારોટ
2. જયસિંહ ઝાલા
3. ચંદ્રિકાબેન રાવલ


**ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ**

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1500/-**

**'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...**

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

**આજીવન લવાજમ રૂ. 1500/-**

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર ઈમેલ પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

## સંપાદકીય

– ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

# ખાણી-પીણીની શુદ્ધતાના અભાવે જોખમમાં મુકાયેલ માનવજિંદગી

માનવીના અસ્તિત્વ અને ઊર્જા માટેના ખોરાક-પાણી પાયાની જરૂરિયાત છે. જીવન ટકાવવા અને વિવિધ કાર્યો પાર પાડવા માટે તેણે પોષક ખાનપાન કરવા પડે છે. માનવીએ અનુભવથી પોતાના પ્રદેશ મુજબ ખાનપાનની સંસ્કૃતિ વિકસાવી છે અને તેમાં પૌષ્ટિકતા, ઊર્જા અને શરીરને અનુકૂળ થાય તેવા ખાદ્ય પદાર્થોનો સમાવેશ કર્યો છે. તે માટેના નિયમો પણ બનાવ્યા છે. ટૂંકમાં આહાર-વિહારની રીત એવી ગોઠવી છે જેથી માનવી શારીરિક, માનસિક રીતે સ્વસ્થ રહી લાંબું આયુષ્ય ભોગવી શકે. એટલું જ નહિ, પરંતુ માનવીએ સર્વ સુખોમાં 'પહેલું સુખ તે જાતે નર્યા'ને મૂક્યું છે. એટલે કે શારીરિક-માનસિક તંદુરસ્તીને મહત્ત્વ આપ્યું છે. એટલું જ નહિ, પરંતુ રાજ્યે ફૂડ સેફ્ટી માટેના કાયદા અને ચકાસણી માટે વ્યવસ્થા પણ ગોઠવી છે. રાજ્યની એ જોવાની ફરજ છે કે દરેક માનવીને મળતાં ખાન-પાન શુદ્ધ અને ખાવા લાયક હોય. તે માનવી શરીર-મનને કોઈ નુકસાન કરતા ન હોય. આ માટે ઊભા કરેલ ફૂડ સેફ્ટી વિભાગે સજાગ અને સક્રિય રહેવાનું હોય છે. આ માટે કાર્યરત ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ ઑથૉરિટી ઑફ ઇન્ડિયા (FSSAI) છે. પરંતુ હમણાં જ બે લોકપ્રિય ભારતીય મસાલા બ્રાન્ડ્સમાં કૅન્સર પેદા કરતા જંતુનાશકો મળી આવતાં નોંધપાત્ર ભારતીય વસ્તી ધરાવતા હૉંગકૉંગ અને સિંગાપોરમાં એમ.ડી.એચ. અને એવરેસ્ટ બ્રાન્ડ્સ મસાલાના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે કારણ કે તેમના મસાલામાં ઇથિલીન ઑક્સાઇડની હાજરી હોવાનું જણાવ્યું છે જે કૅન્સર જન્માવે છે. ભારતીય ખાણી-પીણી માટે આ પહેલી ઘટના નથી કે જેના પર અન્ય દેશોમાં રેગ્યુલેટરી ઑથૉરિટી દ્વારા બ્રાન્ડ્સ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોય. ગયા વર્ષે યુએસ ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને એમ.ડી.એચ.ના ખાદ્ય ઉત્પાદનોમાં સેલ્મોનેલા બૅક્ટેરિયા મળી આવતાં શિપમેન્ટ રિજેક્ટ કર્યું હતું. પ્રશ્ન એ થાય છે કે ભારતીય નિયમનકારોએ તેમને પાસ કર્યા છે જ્યારે અન્ય દેશના નિયમનકારી અને નિરીક્ષણ સત્તાવાળાઓને ભારતીય ખોરાક અને ફાર્માસ્યૂટિકલ ઉત્પાદનોમાં સમસ્યા જોવા મળે છે. તો શું ભારતમાં કૃષિ ઉત્પાદનો ઑર્ગેનિક હોવાનાં પ્રમાણપત્રો ઉદાર ધોરણોથી આપવામાં આવે છે ? શું નિયમનકારી સંસ્થાઓમાં સેમ્પલ ચકાસણીમાં ભ્રષ્ટાચાર થાય છે ? આમ એટલા માટે લાગે છે કે અગાઉ સ્વિસ તપાસ સંસ્થા પબ્લિક આઈ એ ખુલાસો કર્યો કે ફૂડ મલ્ટિનૅશનલ નેસ્લે એશિયા, લૅટિન અમેરિકા અને આફ્રિકામાં વેચાતા બેબીફૂડમાં વધારાની ખાંડ ઉમેરી રહી છે. ત્યારે જ આપણી નિયમનકારી સંસ્થા ઍક્શનમાં આવી. તાજેતરમાં એક સંસ્થાના ઘટસ્ફોટને પગલે FSSAI એ ઈ કૉમર્સ વેબસાઇટને ચેતવણી આપી હતી કે બોર્નવીટા જેવા ઉત્પાદકોને હેલ્થ-એનર્જી ડ્રિન્ક્સ તરીકે દર્શાવી વેચવા નહિ. બોર્નવીટામાં શુગર લેવલ સ્વીકાર્ય સ્તરથી વધુ હતું. હાલમાં જ પતંજલિ જૂથને ભ્રામક જાહેરાતો રોકવા માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે. ટૂંકમાં આપણી નિયમનકારી સંસ્થાઓ માટે માનવજિંદગીની કિંમત નહીં હોય. યુરોપિયન દેશની સંસ્થા ખાદ્ય સલામતીનાં ધોરણો એટલાં કડક રાખે છે કે માનવસ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન કરી શકે, એટલું જ નહિ, ત્યાંની સંસ્થા આપણા દેશમાં આવી એમ.ડી.એચ.ની ફૅક્ટરીમાં પણ ઇન્સ્પેક્શન કરીને રિપોર્ટ આપ્યો કે ઉત્પાદન એકમમાં સ્વચ્છતાનો અભાવ છે. જ્યારે આપણે ત્યાં ખાદ્ય સલામતી સંસ્થા માત્ર ઔપચારિક ચકાસણી કરી અમુક કેસ કરીને ફરજ પૂરી કરી હોવાનું માને છે. બીજું રાષ્ટ્રીય રાજ્ય કક્ષાએ તેમજ સ્થાનિક કક્ષાએ ખાદ્ય અને ઔષધ નિયમનકારી સંસ્થાઓએ ખાણી-પીણીની વસ્તુ જાળવવા માટે ચોક્કસ માત્રામાં દ્રવ્ય કે રસાયણના ઉપયોગની મંજૂરી આપી હોય છે, પરંતુ તેનાં ધોરણો નબળાં હોય છે તેમજ ઘણાં કારણસર તેનો ચુસ્ત અમલ ન કરાવાતાં શરીરને ગંભીર

નુકસાન કરે તેવાં તત્ત્વ દરેક વસ્તુમાં જોવાં મળે છે. બીજું કારણ આપણે ત્યાં બીજા વિભાગોમાં જોવા મળતી લાલિયાવડી અહીં પણ જોવા મળે છે. આ વિભાગ જેટલા ખાદ્ય પદાર્થનાં સેમ્પલ લે છે તેનું પરિણામ વસ્તુ ખવાઈ જાય પછી આવે છે. હકીકતે મોબાઇલ લૅબોરેટરી હોવી જોઈએ જેથી જે તે જગ્યાએ લીધેલાં સેમ્પલની ચકાસણી તુરંત કરી પરિણામ આપવું જોઈએ અને જો ચકાસણીમાં નિષ્ફળ જાય તો આવા ખાદ્ય પદાર્થોને ફેંકી દેવા જોઈએ. એટલું જ નહિ, એક્સપાયરી ડેટવાળી વસ્તુ કચરાટોપલીમાં લોકો ફરજીયાત પધરાવે જવી તેવી તંત્રની ધાક હોવી જોઈએ. ટૂંકમાં ખાદ્ય શુદ્ધતાના અમલમાં નબળાઈ માનવજિંદગી પ્રત્યે મહાઅપરાધ ગણાય. તેને કોઈ કાળે ચલાવી ન લેવાય. આ માટે સૌએ જાગૃત થવું પડશે. સરકારે પણ વધુ ધ્યાન આપવું પડશે.

ઉપરાંત માણસો લોભ-લાલચ અને ઝડપી પૈસાદાર થવાની દોડમાં લોકોની જિંદગી સાથે રમત રમે છે, જેમ કે લાલ મરચામાં લાકડાનો વહેર, ધાણાજીરુંમાં ગધાડાની લાદ, જીરું અને વરિયાળી સિમેન્ટ કલર કરી વેચાતા હોવાના ખબર સમાચારપત્રોમાં જોવા મળે છે. ફળ અને શાકભાજીમાં વધુ ઉતારા માટે વિવિધ પેસ્ટિસાઇડનો ઉપયોગ કરે છે તો મીઠાશ લાવવા અને કલરફૂલ બનાવવા વિવિધ કેમિકલનો ઉપયોગ કરે છે. કેરી, કેળાં, પપેયાં પકવવા કેમિકલમાં ડુબાડીને બહાર કાઢે એટલે પાકી જાય છે પરંતુ તે ફળ પેટમાં જાય એટલે નુકસાન કરે છે, તો ગાય-ભેંસ દૂધ વધારે આપે તે માટે ઈન્જેક્શન અપાય છે તેમજ એવાં કેમિકલ પિવડાવાય છે કે દૂધ વધારે આપે છે પરંતુ તે દૂધ શરીરમાં રોગો પેદા કરે છે. સૌથી વધુ ખતરનાક તો કૃત્રિમ દૂધ જે યુરિયા, શેમ્પુ અને પામોલીન તેલથી બને છે. તેને તબેલામાં ગાય-ભેંસના દૂધમાં ભેળવી ડેરીમાં ભરવામાં આવે છે જે દૂધ તપાસનાં મશીન પણ તેને પાસ કરી દે છે જે આપણે બધા પીએ છીએ. ટૂંકમાં દરેક ખાણીપીણીની વસ્તુમાં પૈસાની લાલચમાં ભેળસેળ થાય છે અથવા એવું પણ કહેવાય છે કે આજે ઝેર પણ શુદ્ધ મળતું નથી એટલી ઉચ્ચ કક્ષાએ ભેળસેળ થાય છે. આવી ભેળસેળમાં ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરે છે તે ઓછો નુકસાનકારક છે. પરંતુ અખાદ્ય પદાર્થની ભેળસેળ અનેક ખતરનાક રોગો જન્માવે છે અને માનવજિંદગીને જોખમમાં મૂકે છે. ટૂંકમાં લોકોની જિંદગી ખરાબ કરી કમાયેલા પૈસા તેમના જીવનમાં સુખ નહિ આપી શકે, કારણ કે આ વિષચક્રમાં તે પણ આવી જશે માટે માનવતાને ધ્યાનમાં રાખી નૈતિકતા અપનાવવી પડશે.

કોઈ પણ રાષ્ટ્રની કાર્યક્ષમતા માટે અને ઉત્પાદકતા વધારવા જાહેર આરોગ્ય અને વ્યક્તિની તંદુરસ્તી મહત્ત્વની છે. પરંતુ ખાનપાનની નબળી ગુણવત્તા એ વ્યક્તિને અને સમાજને રુગ્ણ બનાવે છે. ઘરેલું ખાદ્ય સલામતી નિયમનની નિષ્ફળતા જાહેર આરોગ્યની સમસ્યા પેદા કરે છે. આવનાર સમયમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ અને બજાર વધી રહ્યું છે ત્યારે આવી સ્થિતિમાં ખાદ્ય ગુણવત્તાનાં મજબૂત ધોરણો અને નિયમનની જરૂર છે. સાચા અર્થમાં દરેક માનવીને તંદુરસ્ત બનાવવો હોય અને જાહેર આરોગ્યનું સ્તર ઊંચું લાવવું હોય તો વૈશ્વિક ધોરણોની સમકક્ષ ધોરણો બનાવીને આહાર શુદ્ધતા માટે ચુસ્ત અમલ કરવો જ રહ્યો.

**સમાજનિષ્ઠ અને ઊંડા અભ્યાસુ અર્થશાસ્ત્રી પ્રો. રમેશભાઈ શાહને હૃદયાંજલી**

તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ સમાજનિષ્ઠ અને ઊંડા અભ્યાસુ અર્થશાસ્ત્રી પ્રો. રમેશભાઈ શાહે ૮૮ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. વિચારોમાં સ્પષ્ટતા, તાર્કીકતા અને નિર્ભયતાને લીધે તેઓ હંમેશા સ્મૃતિમાં રહેશે. વિદ્યાર્થીકાળથી જ સંશોધન અને લેખનમાં વિદ્વતા ધરાવતા હોવાથી અનેક લેખો અને પુસ્તકોનું લેખન કરી શિક્ષણ અને સમાજને ઉપયોગી બની રહ્યા. ઉપરાંત તેઓએ ગુજરાત સામાજીક સેવા મંડળમાં પ્રમુખ-મંત્રી તરીકે સેવા આપી અને તેનાં મુખપત્ર ‘સમાજકારણ’નાં સંપાદક તરીકે ઉમદા કાર્ય કર્યું હતું. તેઓની વિદાયથી મંડળને માર્ગદર્શનની ખૂબ મોટી ખોટ સાલશે. કર્તવ્ય પરાયણ અને જ્ઞાન ઉપાસક તેમજ સમાજનિષ્ઠ એવા પ્રો. રમેશભાઈ શાહને ગુજરાત સામાજીક સેવા મંડળ ભાવપૂર્ણ હૃદયાંજલી અર્પે છે. - **સંપાદક**

## નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર : બેનો મેળ ખાય છે ?

– લેખક : રોબર્ટ સ્કિદેલસ્કી*
ભાવાનુવાદ : હેમંતકુમાર શાહ**

**અર્થશાસ્ત્ર અને નૈતિકતા : બે વિરોધાભાસી શબ્દો ?**

વીસમી સદીના મહાન બ્રિટિશ અર્થશાસ્ત્રી જ્હોન મેનાર્ડ કેઇન્સ (1883-1946) કહે છે કે 'મૂળભૂત સમસ્યા...એક એવી સામાજિક વ્યવસ્થા ઊભી કરવાની છે કે જે આર્થિક રીતે અને નૈતિક રીતે કાર્યક્ષમ હોય.' એવા જ બીજા બ્રિટિશ અર્થશાસ્ત્રી લાયોનેલ રોબિન્સ (1898-1984) દ્વારા આ શબ્દો સાથે અર્થશાસ્ત્રમાંથી નીતિને બહાર ફેંકી દેવામાં આવી. 'કોઈ આર્થિક ધ્યેયો નથી. માત્ર આપેલાં ધ્યેયો સિદ્ધ કરવા માટેનાં આર્થિક અને બિન-આર્થિક સાધનો છે... અર્થશાસ્ત્ર નિશ્ચિતતાથી કહી શકાય તેવી હકીકતો સાથે સંબંધ ધરાવે છે. નીતિને મૂલ્યો અને ફરજો સાથે સંબંધ છે. એમને સાંકળવાનો માર્ગ એમને નિકટ લાવવાનો છે.' એ બંને 'સંવાદમાં એક જ જગ્યાએ નથી.' 1984ના નોબેલ ઇનામવિજેતા અમેરિકન અર્થશાસ્ત્રી જ્યોર્જ જોસેફ સ્ટિગ્લર (1911-91) પણ એવા જ વિચારો ધરાવતા હતા. તેમણે લખેલું કે 'સામાજિક ભૂલો' સુધારવા માટે અર્થશાસ્ત્રને ગણિતની જરૂર છે, નીતિની નહિ.

અર્થશાસ્ત્રીઓની જૂની પેઢી ધ્યેયની તાર્કિકતા, સ્વાર્થમાં નીતિ અને સાધનોમાં નૈતિકતા જેવા મુદ્દા વિશે મૂંઝવણ અનુભવતા હતા. જોકે, આવા પ્રશ્નો પર ધ્યાન આપવામાં આવે તો તે યોગ્ય વિશ્લેષણ કરવામાં અવરોધ બને છે એમ ધીમે ધીમે વધુ ને વધુ સમજવામાં આવતું ગયું. બ્રિટનમાં કેમ્બ્રિજ ખાતેના રાજકીય અર્થતંત્ર વિષયના પ્રાધ્યાપક આલ્ફ્રેડ માર્શલ (1842-1924) દ્વારા 1903માં નૈતિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાંથી અર્થશાસ્ત્રની બાદબાકી કરી નાખવામાં આવી. તેમને એવી પ્રતીતિ થઈ હતી કે અધ્યાત્મશાસ્ત્ર (metaphysics) સારા લોકોને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતાં રોકે છે. લયોનેલ રોબિન્સ દ્વારા કહેવામાં આવ્યું હતું તેમ અર્થશાસ્ત્ર માત્ર સાધનોની કાર્યક્ષમતા સાથે જ સંબંધિત બનતું ગયું.

દા.ત. યુદ્ધ લડવા માટે ઓછા અને વધુ કાર્યક્ષમ રસ્તા છે. યુદ્ધ થવું જોઈએ કે નહિ તેને વિશે અને તે જે રીતે લડવામાં આવે છે તેની નૈતિકતા એ એવી બાબત છે કે જેના વિશે અર્થશાસ્ત્રીઓ અંગત મંતવ્યો ધરાવી શકે છે. પરંતુ કોઈ અર્થશાસ્ત્રી જો 'વૈજ્ઞાનિક' સલાહ આપે તો તેને વિશે અર્થશાસ્ત્રીઓએ કશી માથાકૂટ કરવી જોઈએ નહિ. જો કોઈ અર્થશાસ્ત્રી વ્યક્તિગત રીતે યુદ્ધ સાથે કે તે લડવાની પદ્ધતિઓ સાથે સંબંધિત ન રહેવાનું પસંદ કરે તોપણ એ નૈતિક મુદ્દો છે અને અર્થશાસ્ત્રની બહારનો મુદ્દો છે. અર્થશાસ્ત્ર વિષયમાં નૈતિક અને અનૈતિક વર્તન જેવું કશું છે જ નહિ. માત્ર કાર્યક્ષમ અને બિન-કાર્યક્ષમ વર્તન હોય છે. બહુ બહુ તો નૈતિક સૂત્રો કાર્યક્ષમતાના સાધન તરીકે કામ લાગે. જેમ કે, 'પ્રમાણિકતા એ શ્રેષ્ઠ નીતિ છે.'

સ્પષ્ટ છે કે આધુનિક અર્થશાસ્ત્રના પિતા ગણાતા બ્રિટિશ અર્થશાસ્ત્રી એડમ સ્મિથ (1723-1790) સ્વહિતના સ્વાર્થી મતલબથી વિક્ષુબ્ધ હતા. તેમણે સહાનુભૂતિના અલગ હેતુ વિશે વાત કરી હતી પણ તેમના અનુગામીઓએ એ મુદ્દો જ પડતો મૂક્યો હતો. તેમને એ મુદ્દો આનુમાનિક વ્યવસ્થા (deductive system)ના તર્કને ગૂંચવી નાખનારો લાગ્યો હતો. મહાન જર્મન ચિંતક કાર્લ માર્ક્સ (1818-1883)ને વિતરણના ન્યાય સાથે સંબંધ હતો. બ્રિટિશ દાર્શનિક જ્હોન સ્ટુઅર્ટ મિલ (1806-1873) દ્વારા એવો સવાલ ઉઠાવવામાં આવ્યો કે સારી જિંદગી માટે 'કેટલું હોવું પૂરતું છે ?' પરંતુ લાયોનેલ રોબિન્સના ખ્યાલમાં આવી બાહ્ય નૈતિક બાબતો કાઢી નાખવામાં આવી. તેમના

* રોબર્ટ સ્કિદેલસ્કી (૧૯૩૯-) અંગ્રેજ આર્થિક ઇતિહાસકાર છે અને ઇંગ્લૅન્ડમાં યુનિવર્સિટી ઑફ વોરવિક ખાતે રાજકીય અર્થતંત્ર વિષયમાં એમિરિટ્સ પ્રાધ્યાપક છે.
** ભાવાનુવાદ : પૂર્વ આચાર્ય એચ. કે. આર્ટ્સ કૉલેજ અને જાણીતા અર્થશાસ્ત્રી

અર્થશાસ્ત્રમાં વ્યક્તિઓ સ્વાર્થથી ભરેલી છે, તેમને સામાજિક સંબંધો છે જ નહિ. પરંતુ એ વ્યક્તિઓ વિવિધ પ્રકારની અનંત ઇચ્છાઓ ધરાવે છે અને તેમનું બજેટ ઓછું છે અને તેથી તેઓ એકસાથે બધી ઇચ્છાઓ પરિપૂર્ણ કરી શકતા નથી. તેથી તેમણે પસંદગીઓ કરવી પડે છે. અર્થશાસ્ત્ર આ રીતે આવી પસંદગીઓ વિશેના તર્કનો અભ્યાસ કરે છે.

લોકો ખરેખર કેવી રીતે વર્તે છે અથવા તેમણે કેવી રીતે વર્તવું જોઈએ તે વર્ણવવાનો આ મૉડલનો ઇરાદો છે કે નહિ તે મુદ્દો અહીં છે જ નહિ. બેમાંથી એકેયમાં નીતિ સામેલ છે જ નહિ, માત્ર ગણિત સામેલ છે. જો લોકોને સારી વસ્તુઓને બદલે ખરાબ વસ્તુઓ વાપરવાની ઇચ્છા થાય તો અર્થશાસ્ત્રમાં તેને માત્ર માંગમાં ફેરફાર થયો એમ જ ગણવામાં આવે છે અને એમાં અર્થશાસ્ત્ર માત્ર એટલું જ પૂછે છે કે ખરાબ વસ્તુઓ પ્રાપ્ત કરવાનો હેતુ સિદ્ધ કરવા કયાં સાધનો યોગ્ય છે સાધનો કે હેતુનું નૈતિક મૂલ્ય અર્થશાસ્ત્રમાં અપ્રસ્તુત છે.

આવા બધા વિચારો અર્થતંત્ર વિશેના અગાઉના વિચારોથી ખાસ્સા ઊંધા હતા. મધ્યયુગીન વ્યવસ્થાનું પતન થતું ગયું તેમ તેમ મૂડીવાદની સાથે સાથે વૈજ્ઞાનિક અર્થશાસ્ત્ર વિકસતું ગયું. મધ્યયુગીન વિચારધારાના કેન્દ્રમાં મૂલ્યનો પ્રશ્ન હતો. પ્રશંસા કે ગૌરવ માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય છે તે મહત્ત્વનું હતું. સીધીસાદી ભાષામાં કહીએ તો તેમાં શું સારું છે અને શું ખરાબ છે તે મહત્ત્વનું હતું. અર્થશાસ્ત્ર એની ખોજનો એક ભાગ હતું. પરંતુ સારી બાબતો અને ખરાબ બાબતો વિશેની ચર્ચામાં એમાં એક લાભ હતો અને તે એ હતો કે ભૌતિક વસ્તુઓનું મૂલ્ય (Value) સમતોલ કરી શકાય છે - એટલે કે તેના ખર્ચ અને લાભને નાણાંના એક જ માપદંડ દ્વારા નિર્ધારિત રીતે દર્શાવી શકાય છે. એટલે ભૌતિક ચીજોના મૂલ્યનો પ્રશ્ન આરંભથી જ નાણાકીય ભાવના સંદર્ભમાં દર્શાવી શકાય છે. એટલે આર્થિક વસ્તુઓના ભાવ પણ નૈતિક વ્યવસ્થામાં આ વસ્તુઓનું શું સ્થાન છે તે વ્યક્ત કરે તેમ બને, અને તેના સંદર્ભ સાથે તેની સમજૂતી પણ મળે.

આજે આપણે જોઈએ છીએ કે અર્થશાસ્ત્ર જેમ જેમ પુખ્ત થતું ગયું તેમ તેમાંથી નૈતિક બાબતો પડતી મુકાતી ગઈ. મૂલ્ય (value) અને કિંમત (price) વચ્ચેના સંબંધની ચર્ચા મૂલ્યમુક્ત ગણિતમાં સરી પડી. વ્યવહાર માટે મિલકતનું અસ્તિત્વ છે એવો ખ્યાલ અદશ્ય થઈ ગયો. સાધનોની નૈતિકતા કાર્યક્ષમતામાં સામેલ થઈ ગઈ અને ધ્યેયની નૈતિકતા ધર્મ અને નીતિશાસ્ત્રની બાબત છે એમ કહેવામાં આવ્યું. આજે સવાલ એ છે કે અર્થશાસ્ત્રીઓની સામાજિક ભૂલોના ઉપાય માટે પર્યાપ્ત શક્તિશાળી એવો નૈતિક સંવાદ આપણી પાસે છે કે નહિ.

**હીરો મોંઘો અને પાણી સસ્તું કેમ ?**

અર્થશાસ્ત્રમાં મૂલ્યનો સિદ્ધાંત (theory of value) પ્રયોગમૂલ્ય બાબતો અને નૈતિક બાબતો એમ બંનેનો સંયુક્ત વંશવેલો ધરાવે છે. એક તરફ એ વસ્તુઓની જે કિંમત હોય છે તે કેમ હોય છે તે સમજાવે છે. તો બીજી તરફ, તે વસ્તુઓની કિંમત કેટલી હોવી જોઈએ તે પણ સમજાવે છે. આ કિંમત જ ઉત્પાદકોના પ્રયાસોને અને ગ્રાહકોની જરૂરિયાતને ન્યાય આપે છે. એ એકબીજાનું શોષણ કરતા લોકોને રોકવા માટે ઘડવામાં આવેલા નૈતિક કાયદા ઉપર આધારિત છે. ન્યાયી (just) કિંમતનો સિદ્ધાંત છેક ગ્રીક દાર્શનિક એરિસ્ટોટલ (ઈ.સ. પૂર્વે 384 - ઈ.સ. પૂર્વે 322) સુધી જાય છે. મધ્યયુગીન વિદ્વાનોએ તેની વિસ્તૃત સમજૂતી પણ આપી છે. તેમના આ વિચારનો પાયો દૈવી કે કુદરતી કાનૂનમાં છે એમ કહેવાયું છે. ન્યાયી કિંમત એ વાજબી સોદાનું માપ છે.

આધુનિક આર્થિક વિચારધારા અગાઉ ન્યાયી કિંમતને અછડતી રીતે પરંપરાગત કિંમત તરીકે જોવામાં આવતી હતી. આખો સમાજ જેને વાજબી સોદા તરીકે જોતો હતો તેનો સંદર્ભ પરંપરાગત કિંમત તરીકે જ હાથવગો હતો. જોકે, 16મી અને 17મી સદીમાં જે ભયંકર ફુગાવો થયો અને વૈશ્વિક સ્તરે જે વ્યાપાર વધ્યો તેની સાથે જ બજારકિંમત એ પરંપરાગત કિંમતથી વેગળી

થઈ ગઈ. તેને પરિણામે એમ કહી શકાય કે નૈતિક અર્થતંત્ર ધંધાકીય અર્થતંત્રની તુલનાએ સંકોચાતું ગયું.

મૂલ્યનો શ્રમ સિદ્ધાંત (labour theory of value) એ ન્યાયી કિંમતના સિદ્ધાંતનું વ્યવહારુ સ્વરૂપ હતું. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ એટલે કે એડમ સ્મિથ અને તેમના અનુયાયીઓ તથા ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રીઓએ ઉત્પાદક અને અનુત્પાદક શ્રમ એમ બે શ્રમને અલગ કરી નાખ્યા. મૂલ્યના શ્રમ સિદ્ધાંતનો ઇરાદો એ હતો કે કિંમતના એ ભાગને અલગ ગણવો કે જે મૂલ્યનો ભાગ નથી, પણ જે ખરેખર તો ભાડું છે. આર્થિક ભાડું એવી કિંમત છે કે જેનો વાસ્તવિક ખર્ચ સાથે કશો સંબંધ નથી, તે તો જમીન અને નાણાંના માલિકોને તદ્દન મફતમાં મળે છે. પ્રશિષ્ટ મધ્ય યુગીન અન્યાયી કિંમત એટલે વ્યાજખોરી, લોન ઉપર લેવામાં આવતું વ્યાજ. એ અન્યાયી કે ગેરવાજબી કેવી રીતે ?

વ્યાજ નાણાંમાંથી નાણું જન્માવે છે માટે એ અન્યાયી છે. તમારે જેનો સહેજે ઉપયોગ નથી એવું નાણું ધિરાણમાં આપો તો તેમાં કશો ખર્ચ થતો નથી અને તેથી તમને એમાંથી કશું મળે એનો તમને અધિકાર નથી. એડમ સ્મિથ અને બ્રિટિશ અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડો (1772-1823) બંનેએ એમ સ્વીકાર્યું હતું કે લાંબા ગાળાની કે સામાન્ય કિંમત શ્રમના પ્રયાસોથી સમજી શકાય છે. બજારના ભાવથી નહિ. તેનું કારણ એ છે કે બજારના ભાવ તો બદલાયા જ કરે છે. તેમણે શ્રમના પ્રયાસોની કિંમત એટલે કે કુદરતી કિંમત અને બજાર કિંમત વચ્ચે ભેદ પાડ્યો હતો. એડમ સ્મિથે હીરા અને પાણી વચ્ચેનો વિખ્યાત કોયડો રજૂ કર્યો હતો. તેમણે પૂછ્યું હતું કે જિંદગી માટે હીરા તદ્દન નકામા છે અને પાણી જિંદગી માટે ખૂબ જ ઉપયોગી છે છતાં હીરા કેમ મોંઘા છે અને પાણી કેમ સસ્તું છે ? એડમ સ્મિથ દ્વારા તેનો જવાબ એમ અપાયો હતો કે, 'હીરા ખાણમાંથી બહાર કાઢવાનું બહુ મુશ્કેલ અને ખર્ચાળ છે.' તેના પરથી તેઓ એવા તારણ પર આવ્યા હતા કે 'માણસ જે મહેનત કરીને મુશ્કેલ ચીજ મેળવવા માગે છે તેની કિંમત વધારે હોય છે.'

એડમ સ્મિથને અનુસરીએ તો મૂલ્યનો શ્રમ સિદ્ધાંત જટિલ બની જાય છે. શું મૂડીપતિનો શ્રમ પણ વળતરને લાયક છે ? ડેવિડ રિકાર્ડો કહે છે કે મૂડી એ સંઘરેલો શ્રમ છે. એમ કહીને તેમણે મૂલ્યના શ્રમ સિદ્ધાંતમાં મૂડીપતિનું વળતર દાખલ કરી દીધું. મૂડીપતિની કરકસર અથવા બચતને પરિણામે જ મૂડી અસ્તિત્વમાં આવે છે. મૂડીપતિની બચત જ શ્રમિકોની પીડાદાયક મહેનતને મૂલ્ય અર્પે છે.

ડેવિડ રિકાર્ડોના કિસ્સામાં મૂલ્યનો શ્રમ સિદ્ધાંત એ ઉત્પાદનના ખર્ચનો સિદ્ધાંત બની ગયો. તેનું એક મૂળ મધ્યયુગના ન્યાયી કિંમતના વિચારમાં પડેલું છે. પરંતુ તેનો ઇરાદો સ્વહિતને કોઈક નૈતિક મહત્તા આપવાનો હતો. સ્વાર્થમાં મૂલ્યનું આરોપણ આ રીતે કરવામાં આવ્યું - ભાવિ વપરાશ માટે વર્તમાન વપરાશનું બલિદાન. આમ, નફાને એ બલિદાન માટેના ન્યાયી પારિતોષિક તરીકે જોઈ શકાય. બહુ મોડેથી પછી નફો એ જોખમ ઉઠાવવાનું કે સાહસ કરવાનું વળતર છે એવો વિચાર ઉદ્‌ભવ્યો.

કાર્લ માર્કસનું કામ જુદું હતું. તેમણે મૂલ્યના શ્રમ સિદ્ધાંતને સ્વીકાર્યો. તેમનો ઇરાદો મૂડીવાદી વર્ગના નફાને વાજબી ઠેરવવાનો નહોતો, પણ મૂલ્યના સમીકરણમાંથી મૂડીવાદી વર્ગને દૂર કરવાનો હતો. મૂડીપતિ નાણાંની વપરાશ કરતો નથી, તેને તેના નફા સાથે કશી લેવાદેવા નથી; પણ તે શ્રમ કરતો નથી તેની સાથે નફાને સંબંધ છે. નફો એટલે કામદાર જે અધિશેષ મૂલ્ય પેદા કરે છે તે મૂડીપતિ પોતાના ખિસ્સામાં લઈ લે તે. દા.ત. કામદાર આઠ કલાક કામ કરે છે પણ તેને પાંચ કલાકના શ્રમનું જ વળતર આપવામાં આવે છે. આ બે વચ્ચેનો તફાવત એટલે મૂડીપતિનું ભાડું, તેણે મહેનત નહિ કરીને મેળવેલી આવક. માર્ક્સવાદીઓ તેને શ્રમનું શોષણ કહે છે.

આ શોષણ શક્ય બને છે કારણ કે મૂડીપતિ મશીનોનો માલિક હોય છે. તેથી શ્રમિક પાસે તેનો શ્રમ

વેચવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આમ, એક વિશિષ્ટ અન્યાયી સોદાબાજી થાય છે. કામદારે તેને મૂડીપતિ જે વેતન આપે તે સ્વીકારી લેવું પડે છે, ભૂખમરો પણ વેઠવો પડે.

**ભાવ નક્કી કરવામાંથી નીતિમત્તાની બાદબાકી :**

ઉત્પાદનના ખર્ચ અંગેના તમામ સિદ્ધાંતો જે સમસ્યાનો સામનો કરે છે તે એ છે કે ઝડપથી વિસ્તરતા અને વધુ ને વધુ અનિયંત્રિત બજારમાં વસ્તુઓની જે કિંમત હોય છે તેને તે પેદા કરવામાં જે કલાકો શ્રમ થયો હોય છે તેની સાથે કશો સંબંધ હોતો નથી. લાંબા ગાળાની અથવા સામાન્ય અથવા કુદરતી કિંમત સતત ફેલાતા જતા વિનિયમના સંબંધોના જાળામાંથી સહેજે ઊભા થતા જ નથી. ભાવતંત્રમાં નૈતિક લંગસિયાનો અભાવ દેખાય છે. મૂલ્યનો સિદ્ધાંત વસ્તુઓના ભાવનું ખરું વર્તન સમજાવી શક્યો નહિ અને તે સ્પષ્ટ રીતે ખામીયુક્ત હતો. 1870ના દાયકાથી ઉત્પાદન ખર્ચનો સિદ્ધાંત માંગ અને પુરવઠાના સિદ્ધાંતમાં ધોવાઈ ગયો. તેમાં તો વસ્તુની અછત અને ગ્રાહકોની માંગને આધારે સંયુક્ત રીતે બજાર ભાવ નક્કી થાય છે એમ પ્રતિપાદિત થઈ ગયું.

એડમ સ્મિથ દ્વારા હીરાના ભાવ વધારે હોય છે તેનું કારણ ખાણથી બજાર સુધી તેને જતાં જે ખર્ચ થાય છે તે છે એમ સમજાવવામાં આવ્યું. પરંતુ તેમના સખત ટીકાકાર એવા આઈરિશ ચિંતક ચિરાર્ડ વોટલી(1787-1863)એ એ જ સમયે કહેલું કે મોતીના ભાવ એટલા ઊંચા નથી હોતા, કારણ કે મનુષ્યે સમુદ્રમાં ડૂબકી લગાવીને મોતી મેળવવાં પડે છે. એડમ સ્મિથ દ્વારા કંઈક અંશે તે વાત સ્વીકારાયેલી અને કહેલું કે વસ્તુની અછત અને વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા તેમ જ તેના ઉત્પાદનનું ખર્ચ વસ્તુની કિંમત પર અસર કરે છે.

હીરા અને પાણીની કિંમત અંગેના કોયડાનો ઉકેલ સીમાંતવાદ (marginalism)થી બે રીતે આવ્યો. પહેલું તો એ કે જરૂરિયાતો (needs) અને ઇચ્છાઓ (wants) વચ્ચેનો ભેદ કાઢી નાખવામાં આવ્યો. બંનેને વ્યક્તિના ઉપયોગિતા (utility) અથવા તુષ્ટિગુણ વિશેના વિચારમાં સમાવી લેવામાં આવ્યાં. જુદી જુદી વસ્તુઓ લોકોને જુદા જુદા પ્રમાણમાં સુખ આપે છે. તેથી જેટલું સુખ કે ઉપયોગિતા કે તુષ્ટિગુણ તેટલો ભાવ અને તેમાં તે વસ્તુની તુલનાત્મક અછત પણ ભાવ નક્કી કરે. સીધીસાદી ભાષામાં એમ કહેવાય કે લોકો કોઈક વસ્તુ માટે એ કિંમત ચૂકવે છે કે જે તેમને કેટલી જરૂરી છે અને તેની કેટલી અછત છે. લોકોને અમુક વસ્તુ જોઈતી હોય પણ તે વિનામૂલ્યે મળે એમ બને જો તેની અછત જ ન હોય. પાણી એ સામાન્ય રીતે કુદરતમાં મફત મળતી ચીજ છે, પણ રણમાં તેની કિંમત હોય; હવા મફત હોય કે જ્યારે જો માણસ ગૂંગળામણ ન અનુભવતો હોય વગેરે.

સીમાંતવાદીઓ (marginalists) એ બીજું એમ કહ્યું કે વસ્તુઓના ભાવ કેટલું સુખ વ્યક્તિને તેમનાથી મળે છે એના પર આધાર રાખે છે. અંગ્રેજ અર્થશાસ્ત્રી વિલિયમ જેવોન્સ (1835-1882) દ્વારા એમ કહેવામાં આવ્યું કે જરૂરિયાતો સંતોષાય તો તેમાંથી કુલ કેટલું સુખ મળ્યું તે માપવાની જરૂર નથી પણ કઈ વસ્તુમાંથી વધારે સુખ મળ્યું તે માપવાની જરૂર છે. જુદી જુદી વસ્તુમાંથી જુદું જુદું સુખ મળે છે અને કઈ વસ્તુમાંથી બીજી વસ્તુ કરતાં વધારે સુખ મળે છે તે અગત્યનું છે કે જેથી સુખ મહત્તમ થાય. વિલિયમ જેવોન્સ દ્વારા એવી આગાહી કરવામાં આવી કે વ્યક્તિને મળતા સુખની ગણતરી આંકડામાં કરવામાં આવે તો અર્થશાસ્ત્ર કુદરતી વિજ્ઞાન (natural science) જેવું બની જશે.

આમ, સીમાંતવાદે કિંમતના ઉત્પાદન ખર્ચના સિદ્ધાંતને ફગાવી દીધો. શ્રમને મૂલ્યનું સ્રોત ગણાવી શકાય નહિ, કારણ કે વસ્તુ પેદા કરવામાં જે શ્રમ ખર્ચાય છે તે તો જતો રહે છે અને કાયમ માટે ગુમાવી દેવાય છે. વેતન વસ્તુના મૂલ્યનું કારણ નથી પણ તેની અસર છે. વધુ પ્રયાસો કરવામાં આવે તો સૈદ્ધાંતિક રીતે પુરવઠો વધે, પણ ઇચ્છાબળ વિના તો તે થાય જ નહિ. આ સીમાંતવાદ વૈજ્ઞાનિક તેમ જ રાજકીય વિજય હતો.

મૂલ્યના સિદ્ધાંતના ઘણા જૂના કોયડા તેણે સમજાવી દીધા. જેમ કે, દુર્લભ ચિત્રોની કિંમત. તે તો કાયમ માટે ગુમાવી દેવાયેલા શ્રમથી બનેલાં હોય છે. તેણે માર્ક્સના શોષણના સિદ્ધાંતને પણ કચરાટોપલીમાં ફેંકી દીધો. જો કે, વસ્તુ વાપરવાથી મળતા વ્યક્તિના સુખની તીવ્રતા કેટલી છે તે માપવામાં આ સીમાંતવાદનો સિદ્ધાંત નિષ્ફળ ગયો એ વાત જુદી છે.

વધારે ગંભીર વાત એ છે કે મૂલ્યનો નૈતિક અર્થ ગુમાવી દેવાયો. વસ્તુઓની અછત છે અને વ્યક્તિ તેમાંથી કેટલું સુખ મેળવવાની અપેક્ષા રાખે છે તેના પર જ મૂલ્ય આધાર રાખે છે. બજારભાવથી પર કશું નથી. બજાર ભાવ તો જ અન્યાયી હોય જો બજારમાં ઈજારાને લીધે હરીફાઈ નિયંત્રિત થતી હોય. એટલે પછી એમાંથી મુખ્ય પ્રવાહની આર્થિક નીતિમાં એક ધોરણ એ બની ગયું કે બજારને વધુ ને વધુ સ્પર્ધાત્મક બનાવવું.

આ રીતે વ્યક્તિએ વ્યક્તિએ વસ્તુનું મૂલ્ય બદલાય છે એવા સિદ્ધાંતે અર્થશાસ્ત્રની પદ્ધતિમાં પરિવર્તન આણ્યું. જ્યાં સુધી ખર્ચના સંદર્ભમાં વસ્તુનું મૂલ્ય અંકાય છે, ત્યાં સુધી અર્થશાસ્ત્રનો વિષય કંઈક અંશે સામાજિક રહ્યો, અને કિંમતની ઘટના શુદ્ધ રીતે બજારના સંબંધો પર આધારિત બની. એક વાર એમ સમજાયું કે બજારની આ ઘટના વ્યક્તિગત પસંદગીનું પરિણામ છે અને જે સામાજિક ઘટના દ્વારા તેને સમજાવવામાં આવે છે તે પણ વ્યક્તિગત પસંદગીનું પ્રતિબિંબ છે; પછી તરત જ અર્થશાસ્ત્રનું સામાજિક પાસું ફેંકાઈ ગયું. ગાણિતિક અર્થશાસ્ત્ર દ્વારા આ વાતને ઔપચારિક સ્વરૂપ આપી દેવાયું.

અર્થશાસ્ત્ર તેનો બૌદ્ધિક વારસો સદંતર છોડી શક્યું નહિ. આર્થિક જીવનમાં સમતુલા અને કુદરતી કિંમતનાં મૉડલ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા સતત ચાલુ રહી. તેને પરિણામે ન્યાયી કિંમતના સિદ્ધાંત માટેનો તેનો લગાવ તો રહ્યો જ નહિ. ‘કુદરતી’ શબ્દ પ્રત્યેનું વળગણ હજુ પણ યથાવત્ છે જેમ કે કુદરતી બેકારી અને વ્યાજનો કુદરતી દર. મૂલ્યના વાસ્તવિક ખર્ચના સિદ્ધાંતોનાં આ ભૂત હજુ ધૂણે છે. પણ એ માત્ર ભૂત જ છે : મૂલ્ય તો એ છે કે જે તમે બીજા પાસેથી બળજબરીખથી ખેંચી લો છો.

**મિલકતના માલિકોની કોઈ નૈતિક જવાબદારી ખરી કે નહિ ? :**

મૂડીવાદી વ્યવસ્થામાં નૈતિક રીતે ડંખતો જોડો ખાનગી મિલકત છે એ લગભગ 400 વર્ષ અગાઉ અંગ્રેજ દાર્શનિક જ્હોન લોક (1632-1704) પારખી ગયા હતા. મધ્યયુગમાં એવો સિદ્ધાંત હતો કે સંપત્તિનો વાજબી ઉપયોગ થવો જ જોઈએ. જ્હોન વોક દ્વારા તેમના ‘Two Treatises of Government’ પુસ્તકમાં એમ કહેવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિને પોતાના શ્રમથી મિલકત પ્રાપ્ત કરવાનો કુદરતી અધિકાર છે એટલે કે તેને તેના પોતાના શ્રમ દ્વારા પૃથ્વી પર તેને જે કંઈ મળે તે મેળવવાનો હક છે.

હવે સવાલ એ છે કે મોટા ભાગની જમીનના માલિક બહુ ઓછા લોકો છે એ બાબત સાથે આનો મેળ કેવી રીતે ખાય ? જ્હોન લોક દ્વારા એવી દલીલ કરવામાં આવી કે વધુ સારા પ્રયાસો કરનારને વધુ મિલકત મળે તો તે તેને લાયક છે, એટલે કે મિલકતની અસમાન વહેંચણી હોઈ શકે. પછી ઘણે મોડેથી ઉપયોગિતાવાદીઓએ એવી દલીલ કરી કે અસમાનતાથી તો ઉત્પાદકતા વધે છે. અમેરિકામાં 1981-89 દરમિયાન ચાળીસમા રાષ્ટ્રપ્રમુખ રહેલા રોનાલ્ડ રીગન (1911-2004) અને 1979-90 દરમ્યાન બ્રિટનનાં વડા પ્રધાન રહેલાં માર્ગરેટ થેચર(1925-2013)ના પુરવઠાલક્ષી અર્થશાસ્ત્રની કેન્દ્રીય માન્યતા આ જ હતી.

જ્હોન લોક દ્વારા મિલકતની ન્યાયી માલિકી વિશેના જૂના ખ્યાલો સાથે જીવંત સંબંધ પણ રાખવામાં આવ્યો. તેમણે એવી દલીલ કરી કે જેઓ પોતાની મૂડી કે જમીન નકામી પડી રહેવા દે છે તેમની પાસેથી તે લઈ લેવી જોઈએ, કારણ કે ‘કશું બગડે અથવા નાશ પામે તે માટે ઈશ્વરે માણસ માટે કશું સર્જ્યું નથી.’ મિલકતની માલિકી છે તે સાર્વજનિક ભલા માટે ટ્રસ્ટ તરીકેની છે. સારા જમીનદારો સારા સંચાલકો હતા.

એટલે ખાનગી માલિકી જો સાર્વજનિક ભલા માટે પ્રયોજાય તો, તેનાથી પોતાના શ્રમથી મિલકત મેળવવાના લોકોના કુદરતી અધિકારનો ભંગ થતો નથી.

ઔદ્યોગિક યુગમાં કામદારોએ મિલકતની માલિકીની જેમ જ કામના અધિકારનો પણ દાવો કર્યો. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં પૂર્ણ રોજગારીની ધારણા કરીને એ દાવાને ફેંકી દેવામાં આવ્યો. તેમાં એમ કહેવામાં આવ્યું કે જેઓ કામ ઇચ્છે છે તેમને પૂરતા પ્રમાણમાં લવચીક શ્રમબજારમાં કામ મળી જ રહેશે. લોકો દ્વારા આરામ કરવા માટે જ બેકાર રહેવાનું પસંદ કરવામાં આવે છે એમ તેમાં ધારી લેવામાં આવ્યું. એટલે પછી એવી વ્યક્તિને આવકનો કોઈ અધિકાર રહેતો નથી એમ પણ કહેવામાં આવ્યું.

કામદારોએ તેમના શ્રમથી જે અધિશેષ જન્મે છે તેમાંથી પણ હિસ્સો મેળવવા દાવો નોંધાવ્યો. કાર્લ માર્ક્સ એમ કહે છે કે મૂડીવાદમાં એ શક્ય જ નથી. અંગ્રેજ અર્થશાસ્ત્રી એ. સી. પીગુ (1877-1959) જેવાઓએ આવકની પુનઃ વહેંચણી માટે વૈજ્ઞાનિક કેસ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. જે માણસ પાસે પૈસા છે તેની પાસેના પૈસાનો સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે એમ કહીને પીગુએ ધનવાનોના પૈસા ગરીબોને આપવાની તરફેણ કરી. પછી આ પ્રયાસ પર પાણી ફરી વળ્યાં, કારણ કે લાયોનેલ રોબિન્સ દ્વારા 1938માં એમ કહેવામાં આવ્યું કે સંતોષની તીવ્રતા માપવાનું અશક્ય છે. પછી એ સ્વીકૃત સિદ્ધાંત બની ગયો કે જુદી જુદી વ્યક્તિઓના તુષ્ટિગુણની સરખામણી કરીને સામાજિક કલ્યાણનું વિધેય તારવી શકાય જ નહિ.

કેટલાક અર્થશાસ્ત્રીઓએ એમ ભારપૂર્વક કહ્યું કે સામાજિક કલ્યાણનું વિધેય ગેરહાજર હોય એટલે એનો અર્થ એવો નથી થતો કે સંપત્તિની પુનઃ વહેંચણીનું ધ્યેય ત્યજી દેવામાં આવ્યું છે. એનો અર્થ તો માત્ર એટલો જ થાય છે કે મુખ્ય પ્રવાહના અર્થશાસ્ત્રમાં વિતરણના ન્યાયનો પ્રશ્ન છોડી દેવામાં આવ્યો છે. તેને બદલે એવી સાબિતીઓ પણ આપવામાં આવી કે પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદનનાં તમામ સાધનોને તેમના સીમાંત ઉત્પાદન જેટલું વળતર મળે જ છે. તેને પરિણામે સંપત્તિના વિતરણને રાજકીય નહિ તો આર્થિક એજન્ડામાંથી બહાર ફેંકી દેવામાં આવ્યું.

હકીકતમાં વીસમી સદીના મોટા ભાગના સમયમાં વિતરણનો સવાલ રાજકીય એજન્ડામાં પ્રભાવક રહ્યો. સામાજિક લોકશાહીમાં માનનારાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવી કે નાગરિકત્વને લીધે રાજ્યની એ જવાબદારી ઊભી થાય છે કે તે લોકશાહી અર્થપૂર્ણ રીતે કાર્યરત બને તે માટે લોકોની ભૌતિક સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં સમાનતા આવે તેમ કરે. આજે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અને નિરાશાવાદી સમાજશાસ્ત્રીઓ કલ્યાણ રાજ્યના ખ્યાલ ઉપર સમાન રીતે હુમલા કરે છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ માને છે કે કલ્યાણ રાજ્ય (welfare state) મનુષ્યની કામ કરવાની વૃત્તિ ઓછી કરી નાખે છે અને નિરાશાવાદી સમાજશાસ્ત્રીઓ એમ માને છે કે તે સમાજનું નૈતિક અધઃપતન આણે છે.

હાલ મિલકતના અધિકારના ન્યાય વિશે અર્થશાસ્ત્રીઓ કરતાં દાર્શનિક વધુ ચર્ચા કરે છે. અમેરિકન દાર્શનિક જ્હોન રોલ્સ (1921-2002) દ્વારા અસમાનતાનો સિદ્ધાંત અપાયો. બ્રિટિશ દાર્શનિક જ્હોન લોક દ્વારા એમ કહેવાયું હતું કે ખાનગી મિલકતની માલિકીનું નૈતિક વાજબીપણું હોવું જોઈએ. જ્હોન લોક જ્યારે એમ કહે છે કે જેમની પાસે બહુ ઓછી મિલકત છે તેમની સ્થિતિ સુધરવી જોઈએ ત્યારે જ્હોન રોલ્સ જ્હોન લોકની જ વાતમાં સુધારો કરે છે એમ કહેવાય.

મુખ્ય પ્રવાહના અર્થશાસ્ત્રની બહાર મિલકતની માલિકીની નૈતિક જવાબદારીના પ્રશ્નમાં ફરી એક વાર રસ જાગ્યો છે. શૅર હોલ્ડરોના શૅરનું મૂલ્ય મહત્તમ કરવાની કંપનીઓની કાનૂની જવાબદારી છે તે ઉપરાંત શું તેમની કોઈ નૈતિક જવાબદારી હોય ખરી ? કંપનીઓની સામાજિક જવાબદારી (Corporate Social Responsibility-CSR) અને હિતધારક મૂડીવાદ (stakeholder Capitalism)ના ખ્યાલો આવી

જ ચર્ચાનું ફળ છે. જોકે, CSR એ મોટે ભાગે મોટો ધંધાકીય પ્રચાર બની ગયો છે.

એમ અનેક અભ્યાસો દર્શાવે છે કે જે કંપનીઓ માત્ર તેમના માલિકો અને વરિષ્ઠ મૅનેજરોનું જ હિત જુએ છે તેમના કરતાં કામદારો, પુરવઠાકારો અને નજીકના રહીશો પ્રત્યે વધુ જવાબદારીઓ અદા કરનારી કંપનીઓ વધુ નફો રળી લે છે. પરંતુ મુખ્ય પ્રવાહના અર્થશાસ્ત્રમાં મિલકતના માલિકો તો મિલકતના કારભારી છે એવા ખ્યાલનો પડઘો ભાગ્યે જ પડ્યો. એનું કારણ એ છે કે મિલકતના અધિકારો વિશેના સંકુચિત ખ્યાલને તે પડકારે છે. એટલું જ નહિ, તે જમીન, મૂડી અને શ્રમનાં બજારો એકદમ ન્યાયી છે અથવા તો તેને ન્યાયી બનાવી શકાય તેમ છે એવા દિમાગમાં ઘૂસી ગયેલા ખ્યાલને પણ પડકારે છે, કારણ કે એ ખ્યાલ તો એમ સમજે છે કે તમામ ઉત્પાદકોને એટલું જ વળતર મળે છે કે જે ગ્રાહકો માટે યોગ્ય છે.

નૈતિકતાની ચર્ચા ફક્ત એકપક્ષી રહી નથી. કાનૂની રીતે અમલમાં મૂકી શકાય તેવા મિલકતના સુસ્પષ્ટ અધિકારો માટે કાર્યક્ષમતાની દલીલ કરવામાં આવે જ છે. વળી, જાહેર લાભ માટે મિલકતનો ઉપયોગ થવો જોઈએ એવો આગ્રહ ખાનગી મિલકતના પ્રશિષ્ઠ ઉદારમતવાદી બચાવને ઓછો આંકે છે, કારણ કે તે એમ કહે છે કે તેનાથી તો રાજ્ય સ્વચ્છંદી રીતે ખાનગી મિલકત પચાવી પાડે છે. એવી એક ઉદારમતવાદી દલીલ પણ કરવામાં આવે છે કે કામદારો અને માલિકો વચ્ચે જે સ્વૈચ્છિક કરારો થતા હોય તેમાં રાજ્યે વચ્ચે પડવું જોઈએ નહિ. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ આ દલીલોને અવગણવી જોઈએ નહિ. તેમણે તો તેમની વિશ્લેષણની પસંદગીઓ નૈતિક અને રાજકીય છે કે નહિ તે પ્રત્યે સભાન રહેવું જોઈએ એટલું જ.

**આધુનિક પ્રગતિનું ખર્ચ શું ? કોના માટે અને કોના ભોગે ? :**

અર્થશાસ્ત્રીમાંથી નૈતિકતા અદૃશ્ય થઈ ગઈ તેનું ત્રીજું પાસું એ છે કે આર્થિક પ્રગતિનું કેટલુંક ગંભીર ખર્ચ હોય છે એવો વિચાર જ અદૃશ્ય થઈ ગયો. મનુષ્યોએ હંમેશાં સારા જગતનું નિર્માણ કરવા, ક્રાંતિઓ કરવા અને યુદ્ધો કરવા માટે વિનાશ વેર્યો છે એ તેનાં મુખ્ય ઉદાહરણો છે. આર્થિક પરિવર્તન પદ્ધતિની દૃષ્ટિએ હળવું રહ્યું છે, પણ અસરની દૃષ્ટિએ ઓછું વિક્ષેપજનક નથી રહ્યું. સ્થિર અર્થતંત્ર તરફથી ગતિશીલ અર્થતંત્ર તરફ 19મી સદીમાં જવાયું ત્યારે તેની સાથે તેનું નૈતિક ખર્ચ શું હશે તે વિચારનો જ એકદમ ત્યાગ કરી દેવાયો.

કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એન્જલ્સ દ્વારા 'કૉમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'માં આ બાબત બહુ સરસ રીતે કહેવાઈ છે : 'ઉત્પાદનમાં સતત ક્રાંતિ આવતી જ રહે, કોઈ પણ વિક્ષેપ વિના તમામ સામાજિક પરિસ્થિતિમાં ફેરફાર થતો જ રહે, સતત અનિશ્ચિતતા અને ઊથલપાથલ થતાં રહે… નિશ્ચિત અને ઝડપથી થીજી ગયેલા તમામ સંબંધો ધોવાઈ જાય…જે ધન છે તે બધું જ ઓગળી જાય.' અમેરિકન અર્થશાસ્ત્રી ડંકન ફોલી(1942)એ લખ્યું છે કે, 'એડમ સ્મિથના કથનનો નૈતિક તર્કદોષ એ છે કે તે આપણને જે પ્રત્યક્ષ અને ઠોસ દૂષણ છે તેને સ્વીકારવાનું કહે છે કે જેથી તેમાંથી જે પરોક્ષ અને અમૂર્ત ભલું છે તે નીપજે.' તેઓ જે સવાલ ઉઠાવે છે તે ટાળી શકાય તેમ નથી : શું સાધ્ય સાધનને વાજબી ઠરાવે છે ?

મુખ્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રમાં એ સ્વીકારવામાં આવે છે કે પ્રગતિ(progress)ની કિંમત હોય છે. પરંતુ લગભગ તમામ અર્થશાસ્ત્રીઓ એમ કહેશે કે એ કિંમત ચૂકવવા યોગ્ય છે, કારણ કે ભૂતકાળ કરતાં ભવિષ્ય સારું હશે. જો તેમનો ટીકાકાર એમ કહે કે સતત નવીનતમ સ્થિતિ સાથે ગોઠવણ કરવાનું ખર્ચ બાદ કરવામાં આવે તો તમે જોશો કે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં લોકો જીવતા હતા તેના કરતાં આજે કેટલા બધા લોકો વધુ સારી સ્થિતિમાં જીવે છે.

સ્કોટિશ દાર્શનિક જેમ્સ મિલ (1773-1836) દ્વારા 19મી સદીમાં કરવામાં આવેલી આ રજૂઆત અત્યારે પણ પ્રસ્તુત લાગે : 'મુક્ત સાહસના અર્થતંત્રમાં તેની પોતાની મુસીબતો છે, પણ આપણે પ્રગતિ અને

સાર્વજનિક લાભ માટે એ કિંમત ચૂકવીએ છીએ.' તેમના દાર્શનિક દીકરા જ્હોન સ્ટુઅર્ટ મિલ (1806-73) અન્ય લોકોના દર્દને નજરઅંદાજ કરવા માટે તૈયાર નહોતા. એટલે એમણે તેમાં એક નવી વાત મૂકી. તેઓ કહે છે કે આ દર્દ કામચલાઉ જ છે અને જેમ જેમ સંપત્તિ વધતી જશે તેમ તેમ દર્દ હળવું થતું જશે. એનાથી વિરુદ્ધ અંગ્રેજ દાર્શનિક અને મનોવૈજ્ઞાનિક હર્બર્ટ સ્પેન્સર (1820-1903) દ્વારા તદ્દન ડાર્વિનવાદી વલણ અપનાવવામાં આવ્યું. તેમણે તો એમ કહ્યું કે ગરીબોના દર્દને લીધે જ સમાજનો વિકાસ થયો છે. ધનવાનોને વધુ સંપત્તિ આપીને અને ગરીબોને સજા કરીને જ સમાજનો વિકાસ થવાનું સતત ચાલુ રહે છે.

જ્હોન મેનાર્ડ કેઈન્સ પણ બંને પિતા-પુત્ર મિલ સાથે સંમત થાય છે. મૂડીવાદનું મુખ્ય મનોવૈજ્ઞાનિક તત્ત્વ છે પૈસા પ્રત્યેનો પ્રેમ. એ નૈતિક રીતે ખરાબ છે. પણ તે સાર્વજનિક ભલા માટેનું સાધન છે. તે વિપુલતાનું સર્જન કરીને આપણને વધુ ડહાપણભરી રીતે, સર્વસ્વીકૃત રીતે અને સારી રીતે જીવવા માટે સક્ષમ બનાવે છે. મૂડીવાદ તો વચગાળાનો તબક્કો છે એ બાબતે કેઈન્સ કાર્લ માર્ક્સ સાથે સંમત હતા.

પરંતુ મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ મૂડીવાદ પછીના યુગને ભાળી શક્યા નહિ. તેનું કારણ એ કે તેઓ વસ્તુઓ અને સેવાઓની અછતને કાયમી પરિસ્થિતિ સમજતા રહ્યા. લાયોનેલ રોબિન્સની વ્યાખ્યામાં મનુષ્યોની જરૂરિયાતોની કોઈ મર્યાદા જ નથી. અછતમાં ગાણિતિક ઉકેલો છે પણ નૈતિક ઉકેલો નથી. વળી, મૂડીવાદે એમ બતાવી દીધું કે વિકાસના એન્જિન તરીકે પોતે સામ્યવાદ કરતાં શ્રેષ્ઠ છે. તેનું કારણ એ કે કેન્દ્રીય આયોજન જરૂરી સામાજિક ગણિત કરી શકતું નથી. આવી દલીલ 1974નું નોબેલ ઇનામ વિજેતા યુરોપિયન અર્થશાસ્ત્રી ફ્રેડરિક વોન હાયેક (1899-1992) દ્વારા કરવામાં આવી છે.

પછી આવે છે યુરોપિયન અર્થશાસ્ત્રી જોસેફ શુમ્પિટર (1883-1950). તેમનાં મંતવ્યોનું એક મુખ્ય તારણ એ કે : 'કોઈ પણ મંદીને કદી પણ નકામી જવા ન દો.' તેઓ તો સંપત્તિનું સર્જન 'સર્જનાત્મક વિનાશ' દ્વારા કરવા માટેના જાણે કે દેવદૂત હતા. પ્રગતિ કંઈ આસાન ઉત્ક્રાંતિનો માર્ગ નથી; પણ એ તો અંધાધૂંધીથી જ આવે છે. તેમાંથી તો સતત મરણોન્મુખ મહાકાય આર્થિક સાહસોને સ્થાને ચાલાક નવાં સાહસો આવે છે અને સફળ રીતે જૂનાં સાહસોનો વારસો સંભાળી લે છે.

આધુનિક જમાનાની સિલિકોન વેલીમાં આ ખ્યાલ આત્મસાત્ થયેલો છે. તેમાં 'વિક્ષેપાત્મક નવપ્રવર્તન' જેવો જરા હળવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. જોસેફ શુમ્પિટર કહે છે કે સર્જનાત્મક વિનાશ દ્વારા મૂડીવાદી વ્યવસ્થા કામ કરતી રહે છે. તેમણે એમ પણ કહ્યું હોત કે તે જે મૂલ્યનો નાશ કરે છે તેના કરતાં વધુ મૂલ્યનું સર્જન કરે છે. ટૅક્નૉલૉજીના માંધાતાઓ દ્વારા આવો જ જવાબ આપવામાં આવે છે. વધુ સચોટ રીતે કહીએ તો એમ કહેવાય કે તેઓ એમ કહે છે કે ઑટોમેશનથી હાલની ઘણી રોજગારી અને જીવન જીવવાની પદ્ધતિ નાશ પામશે, પરંતુ લાંબે ગાળે સૌ સારાં વાનાં થઈ રહેશે.

પ્રગતિના ખર્ચ વિશેના ખ્યાલમાં હાલની પેઢીને જે ખર્ચ સહન કરવાનું આવે છે તેની વાત છે. એમ ધારણા કરી લેવાઈ કે હાલની પ્રગતિથી ભાવિ પેઢીઓને લાભ થશે. આર્થિક વિકાસ માટેની આપણી બેફામ દોટને લીધે ભાવિ પેઢીઓ પણ કિંમત ચૂકવશે એવો વિચાર તો કરવામાં આવ્યો જ નહિ. હજુ હમણાં જ એમ સ્વીકારવામાં આવ્યું કે આપણે આપણાં બાળકો અને તેમનાં પણ સંતાનોની ભાવિ પેઢીઓને ભોગે લાભ ખાટી રહ્યા છીએ.

પ્રગતિના નૈતિક ખર્ચ વિશે કોઈ ગંભીર ચર્ચા અર્થશાસ્ત્રનાં પાઠ્યપુસ્તકોમાં મળતી નથી. અર્થશાસ્ત્રની વિશ્લેષણાત્મક ભાષા એવી તરતપાસને ઠંડી પાડી દે છે. એ તેને ટૂંકો ગાળો અથવા વચગાળાનો સમય કહીને ખૂણામાં હડસેલી દે છે. તેમાં તો કાર્યક્ષમ બજાર અથવા ટૅક્નૉલૉજીની પ્રગતિથી પ્રગતિનું ખર્ચ હંગામી રહેશે એમ કહેવામાં આવે છે.

વધુ ઉદાર સામાજિક કલ્પનાઓ કરતા અર્થશાસ્ત્રીઓએ એવી દલીલ કરી છે કે પ્રગતિનું ખર્ચ ઘટાડવા માટે જ વળતરનો સિદ્ધાંત શોધી કાઢવામાં આવ્યો છે. એટલે કે જેને પ્રગતિનું ખર્ચ સહન કરવું પડે તેને વળતર મળે. જેમને પ્રગતિથી લાભ થાય છે તેઓ જો જેમને નુકસાન થાય છે તેમને વળતર ચૂકવે તો ફ્રેંચ અર્થશાસ્ત્રી વિલ્ફ્રેડ પેરેટો (1848-1923) કહે છે તેમ બજાર કાર્યક્ષમ બની જાય. આમાં ખોટી રીતે એવી ધારણા કરવામાં આવી છે કે લાભ અને હાનિ એક જ નાણાકીય માપદંડથી માપી શકાય છે. આ વળતરને વ્યવહારમાં મૂકવા માટે જરૂરી રાજકારણની સમસ્યા પણ તે અમૂર્ત બનાવી દે છે.

ભાગ્યે જ મળતા કેટલાક અપવાદો સિવાય, જે લોકો એમ સ્વીકારે છે કે પ્રગતિની કિંમત હોય છે જ તેઓ એવો સવાલ પછી પૂછે છે કે પ્રગતિ શાને કાજે છે ?

**આવકમાં વધારો એ જ ધર્મ ? :**

અર્થશાસ્ત્રના બચાવમાં તેનો એવો હેતુ દર્શાવાયો કે તે લોકોને પોતાની વપરાશ સંતોષવા માટે સક્ષમ બનાવવાનો નથી, પરંતુ ગરીબી અને બીમારીનો અંત લાવવા માટે લોકોને સહાય કરવાનો છે. એક વાર એ સિદ્ધ થઈ જાય પછી તેનું મુખ્ય કાર્ય પૂર્ણ થયું ગણાય. દાર્શનિકો, સમાજશાસ્ત્રીઓ, ઇતિહાસકારો, મનોવૈજ્ઞાનિકો વધુ ને વધુ એમ કહેતા જશે કે સુખાકારી અને દુઃખાકારીનાં કારણો માપી શકાય તેમ નથી. એ જ બાબત કેન્દ્રમાં આવીને ઊભી રહી. અર્થશાસ્ત્રીઓ તો પણ ઉપયોગી રહેશે. તેનું કારણ એ કે વસ્તુઓ અને સેવાઓમાં અછત તો પ્રવર્તશે જ. તેથી કાર્યક્ષમ ફાળવણીની જરૂર રહેશે જ, કમ-સે-કમ સમયની કાર્યક્ષમ ફાળવણી તો કરવાની રહે જ.

જ્હોન મેનાર્ડ કેઇન્સ દ્વારા આ જ વિચારવામાં આવ્યું હતું. તેમણે એના સારાંશ રૂપે એમ કહ્યું કે 'સાચા ધર્મનો હેતુ આવક વધારવાનો બની ગયો.' તેમણે એવો દાવો કર્યો કે આવકનો વધારો એટલે કે સાધનો એ નૈતિક પ્રશ્નને ચાવી ગયા કે 'આવકનો વધારો શાને માટે ?' આપણામાંના મોટા ભાગના લોકો થોડુંઘણું ચિંતનમનન કર્યા પછી આ પ્રશ્નનો જવાબ એવો આપીશું કે વધુ સારી જિંદગી જીવવા માટે અર્થશાસ્ત્રીઓ લોકોની એવી લાગણી સાથે સંમત થઈ ગયા કે સુખાકારી માટે ભૌતિક સુવિધાઓ જરૂરી છે. પણ સુખાકારી એટલે શું ? દરેક વ્યક્તિના મનની સ્થિતિ છે કે પછી એ કોઈક વસ્તુલક્ષી બાબત છે ?

જો આપણે લાયોનેલ રોબિન્સની વાત સ્વીકારીએ તો વ્યક્તિને સુખાકારીનો અનુભવ ત્યારે થાય કે જ્યારે તેની જરૂરિયાતો સંતોષાય. એટલે કે તેનું પેટ ભરાઈ જાય. આને સુખાકારીની વસ્તુલક્ષી બાબત કહી શકાય. પરંતુ કાલ્પનિક જરૂરિયાતો સાપેક્ષ હોય છે, એટલે વ્યક્તિ સુખાકારી માટે પોતાને માટે કેટલું ભૌતિક કલ્યાણ જરૂરી છે એ કદી કહી શકે જ નહિ. અછત હંમેશાં રહેશે જ. જ્યાં સુધી લોકો તેમની પાસે જે છે તેના કરતાં વધુ પ્રાપ્ત કરવા માગશે ત્યાં સુધી. તેથી અર્થશાસ્ત્રનો હેતુ માત્ર એ જ એક હશે કે વધુ કાર્યક્ષમ રીતે આવક કેવી રીતે વધારવી. આ જ માત્ર તેનો ધર્મ છે. એ સિવાય તેની પાસે ઉપદેશ આપવા માટે બીજું કશું રહે જ નહિ.

આપણે આવકની વૃદ્ધિના સવાલનો જવાબ ત્રણ રીતે આપી શકીએ. પહેલો એ કે આવક વધ્યા જ કરે, તેનો કોઈ અંત નથી, કારણ કે લોકો પાસે જે છે તેનાથી કદી તેમને સંતોષ થતો જ નથી. આ અસંતોષ કેટલી સંપત્તિ પ્રાપ્ત થયેલી છે તેના પર આધાર રાખતો જ નથી કે પછી કેટલી અસમાનતા છે તેની સાથે પણ તેને નિસબત નથી. ખરેખર તો, જુદા જુદા વર્ગના લોકો વચ્ચે આવકની ખાઈ મોટી હોય તો સાપેક્ષ જરૂરિયાતોની અસર મોટી હોય. તેનું કારણ એ કે લોકોમાં ઈર્ષા વધારે વ્યાપક હોય અને સ્પર્ધા વધારે તીવ્ર હોય.

બીજું, ડાબેરીઓ દલીલ કરે છે તેમ, જો આવકની સમાનતા વધારે હશે તો આવકવૃદ્ધિ ઓછી ઝડપી હશે. લોકોને તેમને સમાજની કુલ આવકમાંથી જે હિસ્સો મળે છે તેનાથી સંતોષ હશે. જે સંતોષ દેખાય છે તે તો

ખરેખર તો અસમાનતાનું પરિણામ છે. એટલે આવક વૃદ્ધિ કરતાં આવકની વધુ સમાન વહેંચણીની જરૂર છે. જોકે, આવક પણ સાથે સાથે વધતી રહે તો એ કામ સિદ્ધ કરવાનું વધુ સરળ થાય.

અમેરિકન અર્થશાસ્ત્રી જ્હોન કેનેથ ગાલબ્રેથ) (1908-2006)ની ભાષામાં કહીએ તો, આપણે ઓછી ખાનગી અને વધુ જાહેર વિપુલતાની જરૂર છે. જો સમાજની આવક વધુ સમાન રીતે વહેંચાયેલી હોય અને જો જાહેર સેવાઓ સારી હોય તો અર્થતંત્રમાં ઝડપી વધારો ન પણ થાય. કદાચ ધનવાન દેશોમાં તો અર્થતંત્રની વૃદ્ધિની જરૂર જ ન રહે. આને લીધે એક નૈતિક સવાલ ઊભો થાય છે. તેમાં મૂળમાં વ્યક્તિની ઈર્ષા નથી, અસંતોષની લાગણી નથી; પરંતુ વાજબીપણા માટેની સામાજિક માંગ છે. ત્રીજો મુદ્દો વધુ સમકાલીન છે. તેમાં એવી દલીલ કરવામાં આવે છે કે પૃથ્વીને લાંબે ગાળે ભારે હાનિ પહોંચી રહી છે. વધુ ને વધુ વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત કરવાની આપણી અથાગ વૃત્તિ ભાવિ પેઢીઓને માટે નુકસાન ઊભું કરે છે. માટે હવે આવકની વૃદ્ધિ નહિ કરવી જોઈએ એવી દલીલ થાય છે.

જોકે, આ તફાવતો ભૌતિક બાબતોના સંતોષની આસપાસ ફરે છે. શાને માટે એની જરૂર છે તેની ચર્ચા તેઓ કરતા નથી. તેથી આપણે શિક્ષણ અને આરોગ્ય પાછળ થતા ખર્ચને સુખાકારી પ્રાપ્ત કરવા માટેનું સાધન ગણીએ છીએ અને તેને વાજબી ઠેરવીએ છીએ; પણ આપણે તેને જ સુખકારીનો ભાગ ગણતા નથી અને તેથી તે અંતર્ગત રીતે જ મૂલ્યવાન બાબતો છે એમ સમજતા નથી.

દરેક વ્યક્તિનો સુખાકારી વિશેનો ખ્યાલ જુદો જુદો હોય છે તેથી, અર્થશાસ્ત્ર માત્ર સાધનો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે અને એ એવી ધારણા કરી લે છે કે લોકો ભૌતિક બાબતોના સંતોષને સુખાકારીમાં રૂપાંતરિત કરવા માટે સક્ષમ છે. એટલે જ, અર્થશાસ્ત્ર કુલ રાષ્ટ્રીય આવક (જીડીપી) અથવા માથાદીઠ આવક પર આવીને અટકી જાય છે; કારણ કે કમ-સે-કમ આપણે તેને માપી તો શકીએ છીએ.

આવક વૃદ્ધિની બહાર નીકળીને વિચારવાની નીતિ અંગે કેટલાક છૂટાછવાયા પ્રયાસો પણ થયા છે. એક પ્રેરણા ટૅક્નિકલ ટીકામાંથી આવી છે. તે એ છે કે કુલ રાષ્ટ્રીય આવકમાં શું માપી શકાતું નથી. જીડીપી તો તમામ વસ્તુઓ અને સેવાઓના બજાર મૂલ્યનો વાર્ષિક સરવાળો છે. પણ તેમાં સ્વૈચ્છિક રીતે થતું કામ, ઘરમાં થતું કામ, બાળઉછેર જેવી ખર્ચ વગરની ચીજો ગણતરીમાં લઈ શકાતી નથી. બીજી તરફ, તેમાં ગુનાખોરી, પ્રદૂષણ, માદક દ્રવ્યોનું બંધાણ, સંસાધનોનું ધોવાણ વગેરે સામે થતું ખર્ચ તો ગણાય જ છે. રાષ્ટ્રીય આવકની ગણતરીના પિતા ગણાતા સાયમન કુઝનેટ્સ (1901-1985) જેવા 1971ના નોબેલ ઇનામ વિજેતા અમેરિકન અર્થશાસ્ત્રી પણ એમ તો કહે જ છે કે 'રાષ્ટ્રનું કલ્યાણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાંથી ભાગ્યે જ તારવી શકાય.'

**રાષ્ટ્રની આવક વધે તો લોકોનું સુખ વધે એ જરૂરી નથી :**

કેટલાક અર્થશાસ્ત્રીઓ એમ કહે છે કે કોઈ પણ નીતિ(policy)નું ધ્યેય રાષ્ટ્રીય આવકને બદલે 'સુખ' (happiness) હોવું જોઈએ. આ બાબતે દરેક વ્યક્તિ સંમત થાય જ કે લોકોને તેમની માનસિક સુખાકારી-(wellbeing)માં સુધારો કરવાના અર્થમાં વધુ સુખી થવું એ પ્રશંસનીય લક્ષ્ય છે જ. આ અભિગમ એવા સર્વે તરફ લઈ જાય છે કે જે એમ બતાવે છે કે આવકનું પ્રમાણ એટલે સુખ એવું નથી. આ ઘટનાને 'ઇસ્ટરલિનના કોયડા' તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકન અર્થશાસ્ત્રી રિચર્ડ ઇસ્ટરલિન (1926) દ્વારા એમ જણાવવામાં આવ્યું કે અમુક હદ પછી રાષ્ટ્રીય આવક વધે તેની સાથે સાથે સુખ વધે એવું બનતું નથી. અમુક હદ સુધી જ બંને સાથે વધે છે અને પછી સુખ સ્થિર થઈ જાય છે અને આવક વધવાનું ચાલુ રહે છે.

આ એમ બતાવે છે કે કોઈ પણ નીતિમાં આવકના વધારાને બદલે સુખમાં વધારો થાય તેવું ધ્યેય હોવું જોઈએ. એનો અર્થ એ છે કે લોકો સુખી થાય એ અસુખી થાય તે માટેનું કારણ માત્ર પૈસા નથી હોતા.

સુખ અને અસુખનાં વ્યક્તિલક્ષી પગલાંને વસ્તુલક્ષી પરિસ્થિતિ સાથે જોડવાં પડે. અનેક સર્વે એમ બતાવે છે કે લોકો આ બાબતોથી વધુ સુખી થાય છે : પરિવાર અને મિત્રો સાથે વધુ સમય વિતાવવો, જેમાંથી આવક મળે છે તે કામમાં સંતોષ પણ મળવો, આવકની સલામતી હોવી વગેરે. કોઈ પણ નીતિમાં આ ધ્યેયોને સુખ સાથે જોડવાં જોઈએ.

સુખનો ખ્યાલ પોતે જ બહુ નબળો ખ્યાલ છે. મોટા ભાગના સંશોધકો એમ કહે છે કે તેનો અર્થ એ છે કે તે માનસિક સુખાકારી અથવા મનના આનંદ સિવાય બીજું કશું નથી. ધર્મગુરુઓ સુખ વિશે ઉપદેશો આપે છે, શાળાઓમાં સુખ વિશેના અભ્યાસક્રમો ચાલે છે; વગેરે બધું આજકાલ વધતું ચાલ્યું છે. 2008ની મંદી પછી સત્તા પર આવેલા અને 2010 થી 2016 દરમિયાન બ્રિટનના વડા પ્રધાનપદે રહેલા ડેવિડ કેમેરોન દ્વારા એક વાર એમ કહેવામાં આવ્યું હતું કે તેઓ દર ત્રણ મહિને દેશના નાગરિકોની સુખાકારી માપશે અને સુખાકારીમાં જે ફેરફાર થયો હશે તેને આધારે તેમની નીતિઓ સફળ થઈ કે નહિ તે જોશે અને એને માટે તેઓ પોતાની જાતને જવાબદાર ગણશે. પછી આ પ્રયાસ વિશે કશું સાંભળવા મળ્યું નહોતું. જ્યારે અર્થતંત્ર ખાડામાં પડી રહ્યું હોય ત્યારે સુખાકારી માપવાનું તદ્દન વિચિત્ર લાગે છે.

પહેલી વાર જોતાં જ એમ લાગે છે કે કોઈ પણ નીતિનું ધ્યેય સુખ પ્રાપ્ત કરવાનું હોય તો એ કુલ રાષ્ટ્રીય આવક(જીડીપી)માં વધારો કરવાનું છે. તે આવકની વૃદ્ધિના ચક્રમાંથી બહાર નીકળવામાં અથવા તેને ધીમી કરવામાં સહાય કરે છે અને જે સારું (good) છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે.

પરંતુ સુખને મજબૂતપણે કેવી રીતે માપવું એ મુદ્દાને બાજુ પર મૂકીએ તોપણ આમાં એક ખતરનાક ફસામણી છે. જો સુખને કાયમી રીતે સંમત થઈ શકાય તેવી મનની બાબત ગણીએ તો તો ખુશી વધારતી દવાઓ મફત વહેંચવાથી, અસ્તિત્વ ટકાવવા માટે સુખ મહત્તમ થઈ શકે છે. આ તો અક્ષરશઃ લોકો માટે અફીણ કહેવાય. અલબત્ત, સુખની ચિંતા કરનારા અર્થશાસ્ત્રીઓ પણ આની હિમાયત કરતા નથી. જોકે, બ્રિટિશ અર્થશાસ્ત્રી અને World Happiness Reportના સહલેખક રિચર્ડ લેયાર્ડ (1934-) તેમના સુખ પેદા કરવાના એજન્ડામાં ઔષધીય અને મનોરંજક દવાઓનો સમાવેશ કરે છે ખરા. તેઓ એમ ઇચ્છે છે કે નીતિ એવી હોવી જોઈએ કે જે એવી સ્થિતિનું નિર્માણ કરે કે જે સ્થિતિ લોકો માટે ઓછી દુઃખદાયી હોય. તેઓ એમ પણ માને છે કે આવી સ્થિતિની શોધ થઈ શકે છે.

ઓછા દુઃખની બાબતને વચગાળાના નૈતિક ધ્યેય તરીકે ખરેખર ગંભીરતાથી લેવી જોઈએ. એટલે કે લોકો વધુ સારી જિંદગી જીવી શકે તે શક્ય બનાવવું જોઈએ. પરંતુ સુખને જ અંતિમ ધ્યેય ગણીને તે સિદ્ધ કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. સુખ તો સારી જિંદગી જીવવાનું પરિણામ છે. પ્રાચીન ગ્રીક દર્શનમાં એમ જ જણાવવામાં આવ્યું છે. સુખ એ કોઈ અલગ ધ્યેય નથી અને તે ઘણી વાર આપોઆપ બની જતી ઘટના છે.

1998ના નોબેલ ઇનામ વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન (1933-) સુખ માટે બીજાં કેટલાંક માપ બતાવે છે. આલ્ફ્રેડ માર્શલની જેમ અમર્ત્ય સેન એમ વિચારે છે કે નીતિનું ધ્યેય સુખાકારીમાં વધારો હોવું જોઈએ. પરંતુ સુખાકારીને માત્ર ભૌતિક વપરાશ જ ન સમજવી જોઈએ. તેને બદલે તે અનેક અને એકબીજાને વળગતી ક્ષમતાઓ કે સમર્થતાઓ (capabilities)થી થાય છે. તે ક્ષમતાઓ એકબીજાથી અલગ પણ ન હોઈ શકે. તે ભૌતિક કલ્યાણ તો છે જ, પણ તેમાં બિન-આર્થિક પાસાં પણ છે, જેમ કે, વ્યક્તિની પોતાને માટે પોતાની યોજના બનાવવાની સ્વતંત્રતા. પરિણામે, આર્થિક વિકાસને વિસ્તરતી ક્ષમતાઓ કે સમર્થતાઓ તરીકે સમજવી જોઈએ, અને ગરીબીને એ સમર્થતાઓના અભાવ તરીકે સમજવી જોઈએ.

સમર્થતાને નીતનું ધ્યેય બનાવવામાં આવે તો અંતિમ ધ્યેયની વ્યાખ્યા કરવાની ફસામણીમાંથી બચી શકાય છે. પરંતુ 'શાની સમર્થતા ?' એવા પ્રશ્નનો ઉત્તર

આપવામાં તે નિષ્ફળ જાય છે. વ્યક્તિઓ તંદુરસ્ત કે શિક્ષિત થવા માટે સમર્થ બને તેની કે તેના જેવી બીજી ચિંતા આપણે શા માટે કરવી જોઈએ ? હકીકતમાં જે બાબત મહત્ત્વની છે તે તો એ છે કે તેઓ ખરેખર તંદુરસ્ત અને શિક્ષિત હોય. તંદુરસ્ત અને શિક્ષિત હોવું એટલે શું તે અંગે સરકાર વલણ નક્કી કરે તો તેને તાનાશાહી કહેવાય. એટલે કે સમર્થતા વ્યક્તિગત પસંદગીનું જતન કરે છે.

**નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની મિલીભગત : તેમની ભાષામાં જ તાનાશાહીની ગંધ :**

અમર્ત્ય સેનને ખ્યાલ આવી ગયો હતો કે એક વૈકલ્પિક આંકની જરૂર છે અને તેથી તેમણે મહબૂબ અલ-હક અને બીજાઓ સાથે મળીને માનવ વિકાસ આંક (HDI) કાઢવાની શરૂઆત કરી. તેમાં દેશની આવક, શિક્ષણ અને આરોગ્યના નિર્દેશકોનો સમાવેશ કરવામાં આવ્યો. અન્ય નવા આંક પણ શરૂ થયા. જેમ કે, ઓઈસીડીનો બેટર લાઇફ ઇન્ડેક્સ (BLI). તેમાં અગિયાર ઘટકોનો સમાવેશ થયો છે. ભુતાનના રાજાનો કુલ રાષ્ટ્રીય સુખનો આંક (OPHI) અને UNDPનો બહુ આયામી ગરીબી (MPI) આંક તેમાં જ ગણી શકાય. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) કહે છે કે વૃદ્ધિ નહિ પણ સામાજિક ન્યાય ધ્યેય હોવું જોઈએ, પરંતુ તે એમ સ્વીકારે છે કે 'સામાજિક ન્યાયનો કોઈ વસ્તુલક્ષી ખ્યાલ નથી.'

હરમાન ડેલી (1938-2022) નામના અમેરિકન પર્યાવરણ અર્થશાસ્ત્રીએ ચિરંતન વિકાસ માટેનો આંક સૂચવ્યો છે. તેમાં પર્યાવરણનું ધોવાણ અને કુદરતી મૂડીના ઘસારાને ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. 1989માં તેમણે આ આંક સૂચવ્યો અને તેમાં ત્રણ નિયમો તેમણે જણાવ્યા.

(1) પુનર્પ્રાપ્ય સંસાધનોનો ચિરંતન ઉપયોગ એટલે કે એ સંસાધનોના પુનર્સર્જનનો જે સમયગાળો હોય તેના કરતાં તેના વિનાશનો સમયગાળો વધુ હોવો જોઈએ નહિ.

(2) અપુનર્પ્રાપ્ય સંસાધનોનો ઉપયોગ પણ ચિરંતન હોવો જોઈએ. એટલે કે અપુનર્પ્રાપ્ય સંસાધનોનાં અવેજીરૂપ સંસાધનો જે ઝડપે ઉપયોગમાં આવે તેના કરતાં વધારે ઝડપથી તેમનું ધોવાણ થવું જોઈએ નહિ.

(3) પ્રદૂષણ અને કચરાનો ચિરંતન દર; એટલે કે કુદરતની વ્યવસ્થાઓ જે ગતિએ તેમને સમાવી શકે, ફરી ઉપયોગમાં લઈ શકે અથવા તેમને નુકસાનકર્તા ન બને તેમ કરી શકે; તેના કરતાં વધુ ઝડપથી તે વધવાં જોઈએ નહિ.

આ બધા જ મિશ્ર આંકમાં, જોકે, ટૅક્નિકલ ખામીઓ છે. પહેલી ખામી તો એ છે કે તેઓ એ ચીજો માપવાનો પ્રયાસ કરે છે જે માપી શકાય તેમ છે જ નહિ. જેમ કે કોઈ વ્યક્તિના મિત્રોની ગુણવત્તાની ગણતરી કરીને એ વ્યક્તિના સામાજિક જીવનની ગુણવત્તા નક્કી કરવી. બીજી ખામી એમાં એ છે કે જે માપી ન શકાય એવો જથ્થો છે તેને એક આંકડામાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવે છે અને એ રીતે, નીતિનિર્ધારકોને નૈતિક પસંદગીઓ કરવામાંથી મુક્તિ આપી દેવામાં આવે છે.

કુલ રાષ્ટ્રીય આવકના ટીકાકારો જે રીતે આપણને યોગ્ય લાગે છે અને તેઓ લોકપ્રિય બન્યા છે. તેમાં મુખ્ય મુદ્દો એ છે કે તેઓ બહુ સરળ અને સીધી-સાદી વાત કરે છે : સ્પષ્ટ અર્થ સાથે તેઓ આંકડા આપે છે. આ એક ડેશબોર્ડ અભિગમ છે. તેમાં દરેક બાબતને એવી રીતે જોવાનો પ્રયાસ કરવામાં આવે છે કે તે બધી જ બાબતો બહુ જ જટિલ હોય. શિક્ષણ અને આરોગ્ય વિશેના ઢગલાબંધ આંકડાથી તમે કેવી રીતે એમ સાબિત કરી શકો કે કોઈ એક દેશ બીજા કરતાં બહુ સારી સ્થિતિમાં છે ?

**નીતિશાસ્ત્ર કેવી રીતે અર્થશાસ્ત્રને મદદ કરી શકે ? :**

અર્થશાસ્ત્રમાં નીતિશાસ્ત્રનો ફરીથી પ્રવેશ કરાવવાની સમસ્યા એ છે કે આર્થિક બાબતો અંગેના વિચારોમાં જ નૈતિક પાયો ઊભો કરવો. પણ હાલનો નૈતિક સિદ્ધાંત અલગ રીતે સ્થિર થઈ ગયો છે. મોટા ભાગના પાશ્ચાત્ય જગતમાં ધર્મ અને રીતરિવાજો સર્વસામાન્ય નૈતિકતાને

ચોંટેલી બાબત રહી નથી. જૂની ધાર્મિક માન્યતાઓના ટુકડા તરીકે ધર્મનિરપેક્ષ નૈતિકતાની વ્યવસ્થાઓ ઊભી થઈ છે અને તેને માટે કોઈ દૈવી કાયદાની અધિકૃતતાની જરૂર નથી રહી.

વળી, ધંધો અને ધંધાકીય ગણતરીઓ મનુષ્યની પ્રવૃત્તિઓમાં વધુ મહત્ત્વનો હિસ્સો બન્યાં છે. તેમાં ધંધાકીય નૈતિકતા એટલે કોઈ છેતરપિંડી ન કરવી એટલું જ નહિ પણ તેના કરતાં કંઈક વધુ સમજવામાં આવે છે. આમ, નૈતિક વર્તન એટલે શું તેને વિશેની બાબત ધર્મનું પતન અને ધંધાકીય મૂલ્યોનો ફેલાવો એમ બંને પક્ષે મહત્ત્વનું બન્યું છે. પરિણામે નીતિશાસ્ત્ર વ્યક્તિગત ગણતરીની બાબત બની ગયું છે.

શું સારું છે તેને વિશે વ્યક્તિઓ વચ્ચે અસંમતિ હોય છે. સારા જીવન વિશેના સામાજિક પાયાનું ધોવાણ થયું છે ત્યારે તેના વિશે સર્વસામાન્ય વિચાર ફરી ઊભો કરવાનો પ્રયાસ કરવામાં પિતૃસત્તાકવાદ (paternalism) અથવા તો તેનાથી પણ વધુ ખરાબ એવી તાનાશાહીની ગંધ આવે છે. તેમાં આપોઆપ ઊભી થતી સ્થિતિ એ છે કે વધુ ને વધુ ભૌતિક વસ્તુઓ પેદા કરવી અને વાપરવી. અર્થશાસ્ત્ર એક એવું વિજ્ઞાન છે કે જે તમને આ કામ સૌથી કાર્યક્ષમ રીતે કરવા માટે સક્ષમ બનાવે છે એવી તેમાં ધારણા છે. આમ, આપણે ત્યાં જ આવીને ઊભા રહીએ છીએ કે જ્યાં આપણે હતા.

અર્થશાસ્ત્ર કદાચ નીતિશાસ્ત્રને ક્યાંક મળી શકે તેવા તમામ મુદ્દામાં આપણે હંમેશાં નીતિશાસ્ત્રમાં જ વાંક જોઈએ છીએ. સમકાલીન અર્થશાસ્ત્ર અને સમકાલીન નીતિશાસ્ત્ર બંનેમાં એક જ પ્રકારનો વ્યક્તિવાદી દૃષ્ટિકોણ છે. સમકાલીન મૂડીવાદની નૈતિક ટીકાનો મુખ્ય મુદ્દો જ એ છે કે તેનું સત્તાનું માળખું બહુ ઓછા લોકોને સારી પસંદગીઓ કરવા માટેની તક પૂરી પાડે છે. ન્યાયી વહેંચણીને અધિકારિતાના એક સ્વરૂપ તરીકે તેમાં જોઈ શકાય છે. પરંતુ પસંદગીઓને આપોઆપ સાનુકૂળ રીતે સશક્ત લોકો પર છોડી દેવી જોઈએ એમ તેમાં કહેવામાં આવે છે. અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વ્યક્તિવાદની જે પદ્ધતિ છે તેને જ અનુસરીને એકસમાન ભાષા બોલે છે.

જ્હોન મેનાર્ડ કેઈન્સે અર્થશાસ્ત્રનો નૈતિક પાયો સારા જીવન માટેની તકમાં શોધ્યો, કે જે અર્થતંત્રે અને ખાસ કરીને ટૅક્નૉલૉજિકલ પ્રગતિએ ઊભી કરી હતી. સારું જીવન એટલે શું તેને વિશેનો તેમનો ખ્યાલ બહુ સ્પષ્ટ હતો. તેમણે એમ વિચાર્યું હતું કે સારા જીવનનો પાયો સાર્વત્રિક નૈતિક અંતર્પ્રેરણામાં છે. પરંતુ તેઓ નૈતિક સમુદાયના અસ્તિત્વનો ઉલ્લેખ કરતા હતા અને તેઓ જ્યારે યુવાન હતા ત્યારે તેના પર કશું ધ્યાન આપવામાં આવ્યું નહોતું. આજે આપણી પાસે નાના નૈતિક સમુદાયો છે અને તેઓ શં સારું છે તેને વિશે પોતાની દૃષ્ટિ ધરાવે છે પરંતુ શું સારું છે તેને વિશે કોઈ નૈતિક સર્વસંમતિ પ્રવર્તતી નથી.

ધ્યેય સિદ્ધ કરવા માટેના નીતિશાસ્ત્રનું પતન થયું છે અને તેથી સમકાલીન નીતિશાસ્ત્રીય દલીલ સાધનોની નૈતિકતા તરફ વળી ગઈ છે. આપણે એને કાર્યવાહીગત (procedural) નીતિશાસ્ત્ર કહી શકીએ. આવકની ન્યાયી વહેંચણી અને જીવનની તકો એટલે શું એને વિશે રાજકીય દાર્શનિકોમાં ભારે ચર્ચા ચાલે છે. સામાજિક લોકશાહીવાદી જ્હોન રોલ્સ (1921-2002) અને અમેરિકન રૂઢિચુસ્ત દાર્શનિક રોબર્ટ નોઝિક (1938-2002)ની ચર્ચા આ સંદર્ભમાં બહુ જ મહત્ત્વની છે.

જે કુદરતી અધિકારો છે તેમને માનવઅધિકારો બનાવી દેવામાં આવ્યા છે. લોકોને જાતિ, સ્ત્રી-પુરુષ અને ઉંમરને આધારે પોતાની સાથે ભેદભાવ ન થાય તેનો અધિકાર છે. જુદા જુદા માર્ગે છેલ્લે કોઈ તારણ પર આવીએ તો એમ કહેવાય કે ઉપયોગિતાવાદી દર્શન અને અધિકારોનું દર્શન એમ સ્વીકારે છે કે કોઈને નુકસાન પહોંચાડવું એ ખરાબ બાબત છે. કોઈને નુકસાન થતું અટકાવવું એ લઘુતમ નૈતિક કાર્યક્રમ છે. શું સારું છે તેને વિશે આપણે સંમત ન થઈ શકીએ તોપણ શું ખરાબ છે તેને વિશે સંમત થવાની આપણે આશા રાખી જ શકીએ.

કોઈને નુકસાન થતું અટકાવીએ એવો જે વિચાર

છે તે તો એવા વિચાર પર આધારિત છે કે વ્યક્તિઓ તેમની પોતાની સ્વતંત્ર યોજના મુજબ જીવન જીવી શકે છે. હા, એ બીજાને હાનિ પહોંચાડનારી ન હોવી જોઈએ. દા.ત. આરોગ્ય અને સુરક્ષાના નિયમો ઉત્પાદકોને એવી વસ્તુઓ અને સેવાઓ પેદા કરતાં રોકે છે કે જે તેના વપરાશકારોને નુકસાન કરતાં હોય; દુકાનદારો વસ્તુઓ વિશે સાચી માહિતી ગ્રાહકોને આપે તેવી અપેક્ષા છે. વર્લ્ડ વાઈડ વેબ (WWW) ઉપર વધુ ને વધુ નિયમનો આવી રહ્યાં છે કે જેથી હાનિકારક, અપમાનકારક અને ઘૃણા પેદા કરનારી બાબતોનો ફેલાવો ન થાય. બીજાને થતું નુકસાન રોકવા માટેનો જે વિચાર છે તે હવે તો રોબૉટને પણ લાગુ પડે છે. બાયોકેમિસ્ટ અને વિખ્યાત અમેરિકન લેખક આઈઝેક આસિમોવ (1920-92) દ્વારા રોબૉટિક્સના જે ત્રણ નિયમો નિરૂપવામાં આવ્યા તેમાં એમ પણ છે કે 'રોબૉટ મનુષ્યને ઈજા નહિ કરે, અથવા, નિષ્ક્રિય રહીને મનુષ્યને બીજાને હાનિ પહોંચાડવા નહિ દે.'

પર્યાવરણીય અર્થશાસ્ત્ર (environmental Economics) અને પરિસ્થિતિશાસ્ત્રીય અર્થશાસ્ત્ર (ecological economics) એમ અર્થશાસ્ત્રની બે શાખાઓ બીજાને હાનિ નહિ પહોંચાડવાના સિદ્ધાંતને અનુસરે છે. તેમણે મનુષ્યના અસ્તિત્વ સાથે જ એને જોડ્યો છે. માનવસર્જિત મોસમ પરિવર્તન (climate change)થી જે ખતરો ઊભો થયો છે તે જોતાં આર્થિક પ્રવૃત્તિઓને મનુષ્યના અસ્તિત્વ સાથે સુસંગત બનાવવી પડે. સામૂહિક કારભારના વિચારના પુનરુત્થાન માટે આ એક પ્રવેશબિંદુ છે. હાલ જેઓ પૃથ્વીના 'માલિકો' બની બેઠા છે તેમની ફરજ છે કે તેઓ ભવિષ્યના માલિકો માટે તેમના વારસાના મૂલ્યનું જતન કરે. અર્થશાસ્ત્રીઓ વિશિષ્ટ રીતે આ ફરજનું ખર્ચ શું તે ગણી કાઢશે.

પર્યાવરણીય અર્થશાસ્ત્ર એવી દલીલ કરે છે કે પર્યાવરણ એ અર્થતંત્ર માટે મહત્ત્વનું સંસાધન છે અને પર્યાવરણના નુકસાનથી આર્થિક ખર્ચ પેદા થાય છે અને તે જેણે ખર્ચ કર્યું છે તેને જ નહિ પણ બધાને વેઠવાનું આવે છે. આથી નૈતિક સંકટ(moral hazard)ની સમસ્યા પેદા થાય છે. એટલે કે ભવિષ્યની પેઢીઓ પર એ સમસ્યા ધકેલી દેવામાં આવે છે. એનો અર્થ એ છે કે પૃથ્વીને પ્રદૂષિત કરવાનું ખર્ચ કાર્બન વેરા દ્વારા ચૂકવાવું જોઈએ.

બીજું પરિસ્થિતિશાસ્ત્રીય અર્થશાસ્ત્ર એ વધુ ઉદ્દામવાદી અભિગમ છે. તે પર્યાવરણનું રક્ષણ થવું જોઈએ એવા વિચારને સ્વીકારે છે પરંતુ તે એવા દાવાને નકારે છે કે પર્યાવરણના દરેક ધોવાણની બજારકિંમત યોગ્ય રીતે નક્કી થઈ શકે છે. મહત્ત્વની બાબત એ છે કે લોકોએ એ સમજવું જોઈએ કે તેઓ પોતે આખી વૈશ્વિક વ્યવસ્થા(ecosystem)માં ક્યાં બંધ બેસે છે અને કેવી રીતે આર્થિક પ્રવૃત્તિઓ એ વૈશ્વિક વ્યવસ્થાને હાનિ પહોંચાડે છે અને કેવી રીતે જતન કરવા તેમણે પોતે બદલાવાની જરૂર છે. આ પ્રશ્ન સૌપ્રથમ 'ક્લબ ઑફ રોમ'ના એક અતિ મહત્ત્વના પુસ્તક 'The Limits to Growth'માં ઉઠાવવામાં આવ્યો હતો. તેમાં રોમાનિયાના ગણિતશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી જ્યોર્જસ્ક્યુ-રોગેન દ્વારા તો એટલી હદ સુધી દલીલ કરવામાં આવી હતી કે પૃથ્વી પરની અંધાધૂંધીને રોકવાનો એકમાત્ર ઉપાય આર્થિક વૃદ્ધિ ઘટાડવાનો (de-growth) છે.

આ જ શ્રેણીમાં એક મહત્ત્વની દલીલ અંગ્રેજ અર્થશાસ્ત્રી કેટ રાવર્થ (1970-) દ્વારા 'ડોનટ ઇકૉનૉમિક્સ' (doughnut economics) તરીકે કરવામાં આવી છે. તેમાં એમ કહેવામાં આવ્યું છે કે 'સામાજિક પાયા' અને 'પરિસ્થિતિશાસ્ત્રીય મર્યાદા' વચ્ચે અર્થશાસ્ત્રે સંતુલન શોધવું જોઈએ. એ તેને માટે પડકાર છે. આર્થિક પ્રવૃત્તિ પર્યાવરણીય શક્યતાઓની સીમાઓમાં રહીને જ થવી જોઈએ એમ તેમાં કહેવામાં આવે છે.

સુખાકારીના અર્થશાસ્ત્રમાં આપણે જે જોયું નથી તેવી જ અનિશ્ચિતતા પરિસ્થિતિશાસ્ત્રીય અર્થશાસ્ત્રના મૂળ વિચારમાં પણ છે. પર્યાવરણનું રક્ષણ એટલે ખરેખર શું ? એ તો એક વર્તુળની બહાર કેટલીક ખરાબ બાબતોને

મૂકે છે અને સારી બાબતોને વર્તુળની અંદર મૂકે છે એટલું જ. આપણે કુલ રાષ્ટ્રીય આવક તરીકે આપણે પોતાની પ્રવૃત્તિઓનું મૂલ્ય આંકવાની આશા રાખીએ છીએ, પરંતુ કુલ રાષ્ટ્રીય આવકની અસર પર્યાવરણ પર શી થાય છે તે ચોક્કસપણે માપવાનો કોઈ રસ્તો છે જ નહિ.

મોસમ પરિવર્તન પોતે જ માપનના મોટા પ્રશ્નો ઊભા કરે છે. તેથી 'ડોનટ ઇકૉનૉમિક્સ' એવા સર્વગ્રાહી શબ્દો છે કે જેમાં જેમને પર્યાવરણના રક્ષણ સાથે સીધો સંબંધ નથી એવા સ્ત્રી-પુરુષ સમાનતા અને નેટવર્ક જેવાં અનેક યોગ્ય ધ્યેયોનો સમાવેશ પણ થઈ જાય છે. સંભવતઃ જેઓ લોભ અને વૈભવને ભારે ધિક્કારે છે તેમને એ પ્રગાઢ અપીલ કરે છે. પરંતુ તે પશ્ચિમના રાજકીય સ્વતંત્રતા અને આર્થિક સ્વતંત્રતાના મૉડલ સાથે સુસંગત છે કે નહિ તે પાયાનો પ્રશ્ન છે.

તેમ છતાં સ્પષ્ટ રીતે વધુ સારી નૈતિક દલીલ પ્રાપ્ય છે; અને તે એ છે કે પ્રકૃતિ સાથે સંવાદિતાથી જીવવું અને તેથી પ્રકૃતિએ જે સીમાઓ દોરેલી છે તેમાં જ જીવવું; અને તે જ સારા જીવનનો ભાગ છે. આપણી ખરાબ આદતોને લીધે જે હાનિકારક પરિણામો માપી શકાય છે તેમને બાજુ પર મૂકીને પણ આ વાત સાચી છે એમ કહેવાય. પરંતુ, નિરાશાજનક બાબત એ છે કે આ દલીલ પણ સારું જીવન એટલે શું તેને વિશે પૂરતી સંમતિ ઊભી થાય તેના પર આધાર રાખે છે, અને એવી સંમતિનો તો અભાવ પ્રવર્તે છે. એટલે આપણે પાછા આભાસી વિજ્ઞાન પર આવી જઈએ છીએ અને આ મહાન હેતુ માટે કોઈ ટેકો ભાગ્યે જ મેળવી શકીએ છીએ.

અર્થશાસ્ત્રમાં નીતિશાસ્ત્રને પાછું લઈ આવવાના ખરેખર તો બે ખરા રસ્તા છે. પહેલો રસ્તો એ છે કે 'ઘોડાના દિમાગમાં' જઈને ગહન રીતે વિચારવું. એટલે કે 'આર્થિક માનવી' (homo economicus) વિશેનો જે ખ્યાલ છે તેને વિશે ઊંડાણથી વિચારવું. તેનાથી એ ખ્યાલ આવશે કે નૈતિક બાબતોમાં ઘણું વૈવિધ્ય પ્રવર્તે છે તેમ છતાં તે ધારવામાં આવે છે તેટલી વિસ્તૃત બાબત નથી. તેમાં જેને આપણે 'પાયાની ચીજો' (basic goods) કહી શકીએ તેને વિશે એક વ્યાપક સંમતિ ઊભી થઈ શકશે.

આરોગ્ય, પરસ્પર આદર, સલામતી, વિશ્વાસના સંબંધો અને પ્રેમને દુનિયાભરમાં બધે જ સારા માનવીય જીવનના ભાગ તરીકે સ્વીકારવામાં આવ્યાં જ છે. એમની ગેરહાજરીને બધે જ કમનસીબી ગણવામાં આવે છે. એટલે પછી આપણી પાસે સારું જીવન એટલે શું તેના અર્થ વિશે સાર્વત્રિક તપાસ કરવાની સામગ્રી હાજર જ છે. તેને દેશ અને કાળ લાગુ પડતાં નથી. જો સારા જીવન વિશેની સર્વસંમતિ ઊભી કરીશું તો આપણે બજાર, કાયદા અને રાજકારણ દ્વારા ખેલવામાં આવતી મૂલ્યો વિશેની અનંત લડાઈ લડતાં લડતાં નાશ નહિ પામીએ. બીજો અભિગમ અમેરિકન દાર્શનિક માઇકલ સેન્ડલ (1953-) દ્વારા રજૂ કરવામાં આવેલો છે. તેમનું આરંભબિંદુ એ છે કે પિતૃસત્તાવાદની વ્યવસ્થા-(paternalism)ના ભયને લીધે નૈતિકતાના અર્થો વિશે જાહેર ચર્ચાઓ થતી જ નથી. તેઓ પિતૃસત્તાવાદની રજૂઆત કરતા નથી પરંતુ તેઓ બજારની નૈતિકતા વિશે જાહેર ચર્ચા કરવાનું કહે છે.

શું તમે દરેક ચીજ ખરીદી શકો છો કે પછી કેટલીક ચીજો એવી છે કે જેમની કોઈ કિંમત હોતી જ નથી ? કોઈક કતારમાં તમે ઊભા હોવ અને એમાં ઝડપથી આગળ વધવા માટે તમે કશુંક કરો તો તેનાં કેવાં પરિણામો આવે ? યુદ્ધો અને જેલો માટે કૉન્ટ્રેક્ટરો રાખવામાં આવે અને તેમનું એ રીતે આઉટસોર્સિંગ કરવામાં આવે તો તેનું શું પરિણામ આવે ? જે બજારલક્ષી અર્થતંત્ર છે તે તો એક સાધન છે, તેનું રૂપાંતર એવા બજારલક્ષી સમાજમાં કરવામાં આવે કે જેમાં પ્રાથમિક ચીજો મેળવવા માટે પણ પૈસા અનિવાર્ય હોય અને તમામ સામાજિક સંબંધો રોકડ રકમમાં સમાઈ ગયા હોય, તો તેનું પરિણામ શું આવે ? માઇકલ સેન્ડલને એવી આશા છે કે આવા પ્રશ્નો ઉઠાવીને આપણે કદાચ સૌના ભલા વિશેનો જે જૂનો વિચાર છે તેને ફરી જીવંત કરી શકીએ.

અર્થશાસ્ત્રની અછતલક્ષી વ્યાખ્યા આપનારા લાયોનેલ રોબિન્સ દ્વારા અર્થશાસ્ત્રને વધુ વૈજ્ઞાનિક બનાવવા માટે નીતિશાસ્ત્રની અર્થશાસ્ત્રમાંથી જે હકાલપટ્ટી કરવામાં આવી તે એક મરણિયો પ્રયત્ન હતો. તે અર્થશાસ્ત્રની નબળાઈઓને વિજ્ઞાન તરીકે જોઈને તેના ટુકડા કરે છે. માનવવર્તનના અનુભવોને આધારે મજબૂત નિયમો પ્રસ્થાપિત કરવાનું લગભગ અશક્ય છે ત્યારે, અર્થશાસ્ત્રનો જે 'વૈજ્ઞાનિક ગર્ભ' છે તે એકદમ જડ અને અવાસ્તવિક બાબતોને તાર્કિક અને ગાણિતિક સરવાળા-બાદબાકીવાળો બનાવી દે છે.

જ્હોન મેનાર્ડ કેઈન્સે જેને આત્મનિરીક્ષણ અને મૂલ્ય નિર્ણય કહ્યાં હતાં તેમાંથી અર્થશાસ્ત્ર છટકી શકે નહિ; પણ અર્થશાસ્ત્ર તેને વૈજ્ઞાનિક તર્ક દ્વારા કબરમાં દાટી દે છે. તેને પરિણામે અર્થશાસ્ત્રના મોટા ભાગના ખ્યાલો દુનિયાના ચિત્ર તરીકે નકામા બની જાય છે અને તેથી નીતિવિષયક નિર્ણયો માટે તે ગંભીર રીતે ગેરમાર્ગે દોરનારા બને છે. તેમ છતાં પાશ્ચાત્ય જગતમાં હજુ પણ જે નૈતિકતા બચી છે તે અર્થશાસ્ત્રીઓની સામાજિક ભૂલો સુધારવા માટે પૂરતી શક્તિશાળી છે.

**સ્રોત :**

લેખકનું પુસ્તક 'What is Wrong with Economics ?' પ્રકરણ12, 'Ethics and Economics'. Yale University Press, USA, 2020.

## સ્વરાજ્યમાં શું નહીં હોય ?

આપણે એવું સ્વરાજ્ય ઇચ્છીએ છીએ કે જેમાં સૂકા રોટલાને અભાવે સેંકડો માણસો મરતાં નહીં હોય, પરસેવો ઉતારી પકવેલું અનાજ ખેડૂતનાં છોકરાંનાં મોંમાંથી કાઢી પરદેશ ઘસડી જવામાં નહીં આવતું હોય, જેમાં પ્રજાને વસ્ત્રને સારુ પારકા દેશ ઉપર આધાર રાખવો પડતો નહીં હોય, જેમાં પ્રજાની ઇજ્જત સાચવવાનું કે લૂંટવાનું પરદેશીઓની મરજી ઉપર નહીં હોય, સ્વરાજ્યની ધારાસભાના પ્રમુખ પરદેશી 'વિગ' કે ઝભ્ભો નહીં પહેરતા હોય અને સ્વદેશી ટોપી (ગાંધી ટોપી) પહેરતાં નોકરી છોડવાનો ભય નહીં હોય. સ્વદેશી કાપડ જ પહેરવું એ પ્રજાનો સ્વાભાવિક ધર્મ ગણાતો હશે. આપણા સ્વરાજ્યમાં થોડા પરદેશીઓને સગવડ કરી આપવાની ખાતર રાજ્યકારભાર પરદેશી ભાષામાં ચાલતો નહીં હોય. આપણા વિચારનું અને શિક્ષણનું વાહન પરદેશી ભાષા નહીં હોય. આપણાં મહાવિદ્યાલયોના આચાર્યો પરદેશી નહીં હોય. રાજ્યનો કારભાર આભ અને ધરતી વચ્ચે પૃથ્વીની સપાટીથી સાત હજાર ફૂટ ઊંચેથી નહીં ચાલતો હોય. મહાન દેશભક્તોની સ્વતંત્રતા જોખમમાં હોય પણ દારૂડિયાઓની સ્વતંત્રતાનું રક્ષણ કરવા ખાસ કાળજી રાખવામાં આવે એવી સ્થિતિ સ્વરાજ્યમાં નહીં હોય. આપણે આંગણે પાકતી મહુડાં જેવી ખોરાકમાં વપરાતી ચીજ ઉપર અંકુશ મૂકતા હોય એ સરકાર તે મહુડાંનો દારૂ બનાવી તેનો વેપાર કરતી હોય; એટલું જ નહીં, પણ લાખો રૂપિયાનો વિસ્કીનો દારૂ પરદેશથી છૂટથી આવતો હોય એવું આપણું સ્વરાજ્ય નહીં હોય. સ્વરાજ્યમાં દેશ-રક્ષણને માટે દેશ ગીરો મૂકી દેવાળું કાઢવા વખત આવે એટલું લશ્કરી ખર્ચ નહીં હોય. સ્વરાજ્યમાં આપણું રક્ષણ પેટિયું નહીં હોય. તેનો ઉપયોગ આપણને ગુલામ બનાવવામાં અને બીજી પ્રજાઓની સ્વતંત્રતાનો નાશ કરવામાં નહીં થતો હોય. મોટા અમલદારોના અને નાના નોકરોના પગારની વચ્ચે આભજમીન જેટલું અંતર નહીં હોય. ઇન્સાફ અતિશય મોંઘો અને લગભગ અશક્ય જેવો નહીં હોય અને એ સહુથી વિશેષ તો એ છે કે આપણું સ્વરાજ્ય હશે ત્યારે આપણે આપણા પોતાના દેશમાં તેમ જ પરદેશમાં જ્યાં અને ત્યાં હડેહડે નહીં થતા હોઈએ.

'સરદારની વિચારસૃષ્ટિ'માંથી સાભાર — **સંપાદક : સિદ્ધાર્થ ભટ્ટ**

# સરહદી વિસ્તારનો ઇતિહાસ : કચ્છના સંદર્ભમાં

– અરુણ વાઘેલા*

**પ્રાસ્તાવિક :**

'સરમુખત્યાર નેપોલિયને કહ્યું છે કે તમે મને કોઈ દેશની ભૂગોળ બતાવો હું તેનો ઇતિહાસ કેવો હશે તે કહી આપીશ.' આ વિધાન ગુજરાતમાં કોઈ એક પ્રદેશને વિશેષ પ્રમાણમાં લાગુ પાડી શકાય તો તે કચ્છ છે. ફ્રાંસમાંથી ઇતિહાસના નિર્માણમાં ભૌગોલિક તત્ત્વોની ભૂમિકા જેવાં કે નદી, સમુદ્ર, પહાડો, ભૂકંપ, પુર, વાવઝોડું અને રણપ્રદેશ વગેરેની ઇતિહાસનિર્માણમાં ભૂમિકા તપાસતી 'એનાલ્સ ઇતિહાસલેખન શાખા' (Annals School) 1929થી શરૂ થઈ હતી, તેના પરિપ્રેક્ષ્યમાં પણ કચ્છના ઇતિહાસ અને સંસ્કૃતિને તપાસવાની જરૂર છે. કારણ કે કચ્છના ઇતિહાસ અને સંસ્કૃતિના ઘડતરમાં તેની ભૂગોળની ખાસ ભૂમિકા રહી છે.

ગુજરાતના પશ્ચિમ છેડે સ્થિત કચ્છ ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કચ્છની સીમાઓ આંતરરાષ્ટ્રીય સીમાઓ હોવાથી ગુજરાત ઉપરાંત દેશ માટે પણ તેનું ખાસ મહત્ત્વ છે. ઐતિહાસિક રીતે ગુજરાત અને સૌરાષ્ટ્ર કરતાં કચ્છનું અસ્તિત્વ વધુ જૂનું છે. હડપ્પન સંસ્કૃતિના ધોળાવીરાથી શરૂ કરી આઝાદી આવી ત્યાં સુધી કચ્છે ઇતિહાસના રંગમંચ પર વૈવિધ્યપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. જે અનેક મહાનિબંધો અને સેંકડો પુસ્તકોનું વિષયવસ્તુ છે. ઇતિહાસલેખનની રીતે પણ ગુજરાતના કોઈ પણ ભાગ કરતાં કચ્છ પર ઐતિહાસિક અને પુરાતત્ત્વીય દ્રષ્ટિકોણથી વિશેષ સંશોધન-લેખન થયું છે. એ એટલી વિસ્તૃત છે કે 'કચ્છણાં ઇતિહાસલેખન પ્રવૃત્તિઓ' શીર્ષકથી મહાનિબંધનું લેખન થઈ શકે ! અત્રે ગુજરાતના આ વિશિષ્ટ ભૌગોલિક પ્રદેશ, કચ્છના ઇતિહાસ વિશે બૃહદ પરિપ્રેક્ષ્યમાં અને તેના ઇતિહાસના સીમાસ્તંભોના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે. આ લેખમાં કચ્છ પર આવેલી કુદરતી આપદાઓ, પાકિસ્તાન સાથેનાં યુદ્ધો (1965 અને 1971) વખતે કચ્છની ભૂમિકા અને કચ્છના ઘડવૈયાઓ પૂરતી વિશેષ ચર્ચા કરી તેની તાસીર અને તસવીર સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**કચ્છ નામાભિધાન અને સંક્ષિપ્ત ઇતિહાસ :**

સૌરાષ્ટ્ર અને ગુજરાતના શાબ્દિક અસ્તિત્વ પહેલાં 'કચ્છ' શબ્દ જન્મી ચૂક્યો હતો. એક અંદાજ પ્રમાણે કચ્છ 15 કરોડ વર્ષ જૂનો પ્રદેશ છે. (જેનો પુરાવો કચ્છમાંથી પ્રાપ્ત થયેલાં એમોનાઇટ ફોસીલ્સ છે.) અભ્યાસુઓ કચ્છ પ્રદેશ ચાર વખત સમુદ્રમાં ડૂબી ગયો અને ચાર વખત ઉપર આવ્યો હોવાનું જણાવે છે. (ધોળકિયા '1981 : 119) કચ્છ ભૌગોલિક વિશેષતા સૂચક નામ છે. તેના નામકરણ પાછળ એકાધિક ભૌગોલિક વિશેષતાઓનો સંદર્ભ છે. કચ્છ નામાભિધાન પાછળ વિદ્વાનોમાં પુષ્કળ મતમતાંતરો રહેલાં છે. કચ્છ નામના પર્યાય બેટ, ભેજવાળો પ્રદેશ, કિનારો, નીચાણવાળી જમીન, કર્ક, કાચબો (કચ્છપ), લંગોટ (કચ્છ ભીડવો પરથી), તુંબડું, નદીના જળથી વીંટળાયેલો ઝાડીવાળો પ્રદેશ, પાણીથી ભેદાયેલો નૌકાનો વિશેષ ભાગ, કાદવવાળો પ્રદેશ અને અનુપ (અહિતકારી અને અનારોગ્ય કરનાર જલપ્રાય પ્રદેશ), કસ જેવા શબ્દોમાંથી કચ્છ નામ નિષ્પન્ન કરવાના પ્રયત્નો થયા છે. અલબત્ત કચ્છનો ભૌગોલિક આકાર કાચબાની પીઠ જેવો લાગે છે અને કચ્છ નામ એના પરથી આવ્યું હોવાનો મત વધુ સ્વીકાર્ય બન્યો છે. સમુદ્ર કે નદીપ્રદેશની કાંઠાની કક્ષા એ ઉપરથી ચોમાસામાં જ્યાં પાણી ફરી વળે અને શિયાળા-ઉનાળામાં જમીન કોરી પડે એવો પ્રદેશ જેને 'અનુપ' કે 'કચ્છ' કહેવાનું શરૂ થયું હોય તેવો પણ એક મત છે. (ભટ્ટી : 1992:3). પ્રાચીન ભારતીય સાહિત્ય અને અભિલેખોમાં કચ્છને લગતા અનેક નિર્દેશો પ્રાપ્ત

* પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. મો. ૯૬૩૮૯૮૧૩૮૮
email : arun.tribalhistory@gmail.com

થાય છે. કાલીદાસે મેઘદૂતમાં કચ્છને 'કચ્છના કાંઠાની કન્દલી' તરીકે વર્ણવ્યો છે. 'કચ્છનું સંસ્કૃતિદર્શન' પુસ્તકમાં રામસિંહ રાઠોડે 'કચ્છ એટલે પાણીના ભરાવાની વચ્ચેનો પ્રદેશ' કહ્યો છે. કચ્છની ભૌગોલિક સંરચનાને સમજવા માટે કેપ્ટન જેમ્સ મેકમર્ડોલિખિત 'કચ્છ પ્રાંતનો... વૃત્તાંત (અંશ)' લેખ પણ મહત્ત્વપૂર્ણ છે. (ગાલા : 1989:1-12) ટૂંકમાં કચ્છની ભૌગોલિક વિશેષતાને વર્ણવતા અનેક સ્રોતો ઉપલબ્ધ છે.

ભૂસ્તરશાસ્ત્ર અને ભૌગોલિક રીતે કચ્છ જેટલી વિવિધતા અને વિશેષતાઓ ભારતનો કોઈ પ્રદેશ ધરાવતો નથી. વિશાળ વિસ્તાર અને પાંખી વસતિ એ કચ્છની વિશેષતા છે. સાગર અને રણ જોડાયેલાં એવો કદાચ ભારતનો આ એકમાત્ર પ્રદેશ છે. ગુજરાત રાજ્યના કુલ વિસ્તારનો 23 ટકા હિસ્સો કચ્છ ધરાવે છે. તેના કુલ 16724 ચોરસ માઈલ વિસ્તારમાં નાનું અને મોટું રણ મળી 8525 ચોરસ માઈલ રણ વિસ્તાર છે. કોઈએ કચ્છને 'મ્યુઝિયમની મિજબાની' એવું ઉપનામ આપ્યું છે. કામચલાઉ અને કાયમી સ્થળાંતરની રીતે પણ કચ્છ બેજોડ છે. તેની વસતિના કેટલાક આંકડા જોઈએ.

| | |
|---|---|
| 1821 | 5,10,000 |
| 1901 | 4,88,000 |
| 1951 | 5,67,606 |
| 1961 | 6,96,440 |
| 1971 | 8,49,769 |
| 1981 | આશરે 11 લાખ |
| 2001 | 15,83,225 |
| 2011 | 20,92,371 |

(ધોળકિયા : 1981:121)

1971ના વસતિગણતરી અહેવાલ પ્રમાણે કચ્છમાં શહેરી વસતિ 2,14,454 અને ગ્રામીણ વસતિ 6,35,315 હતી. ટૂંકમાં ભૂગોળ, વસતિ એમ અનેક રીતે કચ્છ પુષ્કળ વૈવિધ્ય ધરાવતો પ્રદેશ છે. આજે ભલે કચ્છ ગુજરાતનો એક જિલ્લો ગણાતો હોય પરંતુ એક પ્રદેશ તરીકેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિવિધતા કચ્છ ધરાવે છે.

**કચ્છનો યુગયુગીન ઈતિહાસ :**

ગુજરાત જ નહિ ભારતમાં પણ સંસ્કૃતિનો ઉષઃકાલ કચ્છના ધોળાવીરાથી શરૂ થયો હતો. લગભગ 5 હજાર વર્ષનો ઇતિહાસ ધરાવતા કચ્છમાં ઐતિહાસિક રીતે ઘણા આરોહ-અવરોહ આવ્યા કર્યા છે. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં કચ્છ સૌરાષ્ટ્રનો ભાગ હતું. ઈ.સ. 1025-26માં મહમૂદ ગઝનવીએ સોમનાથનું મંદિર તોડ્યું ત્યારે તેણે કચ્છનું રણ ઓળંગ્યું હતું. મધ્યકાળમાં ઈસ્લામી શાસન આવ્યું તો લાંબા સમય સુધી કચ્છમાં જાડેજા રાજપૂતોનું શાસન પણ રહ્યું હતું. કચ્છના પહેલા રાજવી ખેંગારજી પહેલાના પિતાનું જામ રાવળે ઈ.સ. 1506માં ખૂન કર્યું હતું,. જામ રાવળે કચ્છ પચાવી પાડ્યું. પછી બાળ ખેંગારજીને બાદશાહ મહમૂદ બેગડાની તહેનાતમાં રાખવા અમદાવાદ લઈ જવાયા. દરમિયાન એક રસિક કિસ્સો બન્યો. એક દિવસ બાદશાહ મહમૂદ બેગડો સિંહનો શિકાર કરવા ગયો ત્યાં હાથી પર બેઠેલા મહમૂદ પર સિંહે તરાપ મારી. બાદશાહના બીજા અંગરક્ષકો નાસી ગયા પણ નાની વયના ખેંગારજીએ ભાલો મારી સિંહને મારી નાંખ્યો અને બાદશાહનો જીવ બચાવ્યો. તેની કદર રૂપે મહમૂદ બેગડાએ ખેંગારજીને કચ્છનું ગુમાવેલું રાજ્ય પાછું અપાવવા સહાય કરી અને ખેંગારજીએ કચ્છ પરત મેળવ્યું. સને 1510માં કચ્છની પહેલી રાજધાની રાપરમાં ખેંગારજીનો રાજ્યાભિષેક થયો. પ્રસ્તુત બાબત દંતકથા કરતાં વિશેષ નથી લાગતી, કારણ કે એક તરફ મહમૂદ બેગડાની શારીરિક શક્તિની બાબત લોકસાહિત્યમાં ખૂબ ચર્ચાઈ છે એટલે એક બાળક એને બચાવે તે ખેંગારજીને હીરો તરીકે ઉપસાવવા વપરાશમાં લીધેલા સાધન કરતાં વિશેષ કાંઈ લાગતું નથી. ઇતિહાસમાં આવા દાખલાઓ ઓછા નથી.

ગુજરાતમાં ક્યાંય ન જણાતી એક વિશિષ્ટ પ્રથા કચ્છમાં પ્રચલિત હતી અને તે રાજાના અવસાન સમયે ગાદીવારસે સ્મશાનમાં ન જવું તે. તેને લગતી દંતકથા એવી છે કે ઈ.સ. 1698માં રાવ રાયઘણજીના અવસાન

પછી તેનો ત્રીજા ક્રમનો કુંવર આંખો દુઃખવાનું બહાનું કરી સ્મશાન ન ગયો અને મહેલમાં જ રોકાયો. બાકીના રાજકુમારો અને રાજપરિવારના સભ્યો રાજાની અંતિમક્રિયા કરવા સ્મશાન ગયા તે દરમિયાન તેણે સિંહાસન પર બેસી ખુદને જ કચ્છના શાસક તરીકે ઘોષિત કરી દીધો. આ પ્રસંગ બન્યા પછી કચ્છ રાજ્યમાં ગાદીવારસ સ્મશાન જતા ન હતા. (ધોળકિયા : 1996:90). રાજ્ય લોકો પાસેથી ભાતભાતના 88 લાગાઓ (Taxes) લેતું હતું. અંગ્રેજોના આગમન પછી કચ્છમાં જાડેજા રાજપૂતોમાં પ્રચલિત દૂધપીતીના રિવાજને નાબૂદ કરવાની પ્રક્રિયાનો ઇતિહાસ પણ રોમાંચક રહ્યો છે. (ગાલા : 1989:37-58) કચ્છ ગુજરાતમાં નોખી-અનોખી ઓળખાણ ધરાવે છે. રાજાશાહીનો વિસ્તાર હોવા છતાં સ્વતંત્રતાસંગ્રામ દરમ્યાન અહીં સામૂહિક આંદોલન અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનું વિશિષ્ટ સ્વરૂપ ઘડાયું હતું. 'કચ્છ સેવા સમાજ' (1920), કચ્છ પ્રજા સંઘ (1923) અને કચ્છ પ્રજાકીય પરિષદ (મુંબઈ, 1925) વગેરે જેવી સંસ્થાઓ, કિસાન સંમેલનોનું આયોજન, ચિત્તા સત્યાગ્રહ અને અનાજ સત્યાગ્રહો તથા યુસુફ મહેરઅલી જેવા સ્વતંત્રતા સૈનિકો દ્વારા કચ્છમાં અકલ્પ્ય ચેતનાનો ઝણકાર વગેરે કચ્છમાં સ્વતંત્રતાઆંદોલનની તાસીર અને તસવીર હતી. આ બધાને પરિણામે દેશના અન્ય ભાગોની સાથે કચ્છ પણ 15 ઑગસ્ટ, 1947ના રોજ આઝાદ થયું. આઝાદી પછી દેશી રિયાસતોના વિલીનીકરણની પ્રક્રિયા શરૂ થઈ. તે સમયે પાકિસ્તાનમાં જોડાવાના મહમ્મદ અલી ઝીણાએ આપેલાં આકર્ષણથી કચ્છના છેલ્લા શાસક વિજયરાજ ઉર્ફે માધુભા ચલિત થયા હતા, પરંતુ આખરે કચ્છના હિતમાં ભારત સંઘમાં જોડાવાનો નિર્ણય કર્યો અને 1 જૂન, 1948ના રોજ કચ્છનું જોડાણ 'ક' વર્ગના રાજ્ય તરીકે ભારત સરકારના સીધા વહીવટ હેઠળ થયું. (ધોળકિયા : 1981:1). વિલીનકરણ પછી કચ્છ રાજ્યનો ભગવો ધ્વજ નીચે ઊતર્યો અને ભારતનો ત્રિરંગો ઉપર ચડ્યો. આમ રાવ ખેંગારજી પહેલાએ સ્થાપેલા કચ્છ રાજ્યનો તેના 17મા શાસક મદનસિંહ દ્વારા અંત આવ્યો. કચ્છના શાસકને ભારત સરકારે વાર્ષિક આઠ લાખનું સાલિયાણું બાંધી આપ્યું હતું. કચ્છ માટે ગૌરવશાળી બાબત એ હતી કે આઝાદી પછી રચાયેલી બંધારણ સભામાં કચ્છના અબડાસા તાલુકાના તેરા ગામના વતની ભવાનજી અરજણજી ખીમજી સભ્ય તરીકે ચૂંટાયા હતા. (ધોળકિયા : 1981:3) કચ્છના ચીફ કમિશનર તરીકે છોટુભાઈ કે. દેસાઈએ 1 જૂન, 1948ના રોજ ચાર્જ સંભાળ્યો હતો. 10 જાન્યુઆરી, 1952ના દિવસે પંડિત નહેરુના હસ્તે કંડલા બંદરનો પાયો નંખાયો હતો. તે પહેલાં વેસ્ટ કોસ્ટ સમિતિ સમક્ષ સિક્કા અને કંડલાના રૂપમાં બંદર વિકસાવવાના સંદર્ભમાં બે વિકલ્પો હતા. સમગ્ર મામલો સરદાર પટેલ સામે આવ્યો. તેઓએ 'હું કંડલા પસંદ કરું છું' કહ્યું અને ભારતનાં પહેલું ફ્રી ટ્રેડ પૉર્ટનો ઇતિહાસ શરૂ કર્યો. (ધોળકિયા : 1981:28)

1947માં કોમી ભેદભાવો અને ભયંકર રક્તપાત પછી ભારત અને પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યાં. બંને તરફ વ્યાપક સ્થળાંતર થયાં. સિંધ અને પંજાબમાં રહેતા હિન્દુઓને પાકિસ્તાન છોડી ભાગવું પડ્યું. આ હિજરતીઓ કચ્છ તરફ વળ્યા. આમ તો કચ્છ અને સિંધ વચ્ચે સૈકાઓનો સંબંધ હતો. કચ્છી અને સિંધી ભાષાઓ વચ્ચે પણ ઘણું સામ્ય હતું. કચ્છના તત્કાલીન મહારાવ વિજયરાજ ઉર્ફે માધુભાએ શરણાર્થીઓને કંડલા પાસે નવી વસાહત સ્થાપી વસાવવા માંડ્યા. આ યોજનાની આખરી મંજૂરી ગાંધી પાસે રજૂ કરવાનું નક્કી કર્યું. આ સમાચાર 30 જાન્યુઆરી 1948ના રોજ સવારે દિલ્હીમાં ગાંધીજીને મળ્યા અને સાંજે તેઓ ગોડસેની ગોળીઓથી વીંધાઈ ગયા. 12 ફેબ્રુઆરી, 1948ના રોજ આચાર્ય કૃપાલાનીએ કંડલા પાસે નકટી ખાડીમાં ગાંધીજીનાં અસ્થિ વિસર્જિત કર્યું અને ત્યારથી તે સ્થળનું નામ પડ્યું 'ગાંધીધામ.' 1951માં ગાંધીધામની વસતિ 6 હજારની હતી જે 5 જ વર્ષ પછી 40 હજારની થઈ હતી અને ગાંધીધામ કચ્છનું પ્રવેશદ્વાર પણ બન્યું. ત્યાંની પહેલી વસાહતને 'આદિપુર' નામ આપવામાં આવ્યું હતું.

(ધોળકિયા : 1981:30) 31 ઑક્ટોબર, 1956ના રોજ કચ્છનો 'ક' વર્ગના રાજ્ય તરીકે અંત આવ્યો અને કચ્છ મુંબઈ રાજ્યના 43 જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો બન્યો. તે વખતે પેટ્રોલનો ભાગ 41 પૈસા હતો. મહાગુજરાત આંદોલનના અંતે ગુજરાત રાજ્યનો ભાગ બન્યો. અલબત્ત કચ્છમાં કચ્છને મુંબઈ સાથે ભેળવવાની દરખાસ્ત થઈ હતી. કચ્છ ભલે મુંબઈ કે ગુજરાત રાજ્યનો ભાગ રહ્યું હોય પણ તેની નોખી-અનોખી ઓળખાણ છે, તેનાં આગવાં ઇતિહાસ અને સંસ્કૃતિ છે. કચ્છનાં ઇતિહાસ અને સંસ્કૃતિના નિર્માણમાં તેની સરહદી ભૂગોળનો મોટો ફાળો રહેલો છે. વિશિષ્ટ પ્રકારની ભૂગોળ અને સંસ્કૃતિને કારણે 20મા સૈકાના પ્રારંભ સુધી કચ્છ લગભગ ગુજરાતના અન્ય ભાગોથી વિખૂટું રહ્યું હતું. અંગ્રેજ અમલમાં વાહન-સંદેશાવ્યવહારના ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો થયા છતાં કચ્છ તેનાથી અછૂતું રહી ગયું હતું. આઝાદી પછી પણ કચ્છમાં જવા માટે દરિયો ફરજિયાતપણે ઓળંગવો પડતો હતો. કચ્છની આ દુર્ગમ દશાનો ચિતાર સરદાર પટેલે 20 ફેબ્રુઆરી 1949 લખેલા પત્રમાં પડઘાય છે : 'અનેક સદીઓ પહેલાનું પુરાણી દુનિયાનું આ જગતમાં કોઈ સ્થળ જોવું હોય તો એ કચ્છ છે. જ્યાં આધુનિક દુનિયાની કોઈ હવા લાગી નથી, જેમનું તેમ પડી રહ્યું છે.' (ધોળકિયા : 1981:9) છતાં ખમીરવંતી કચ્છી પ્રજાએ પોતાનાં સાહસિક અભિયાનો દ્વારા દેશાવરોમાં કચ્છનું નામ રોશન કર્યું હતું. પૂર્વ આફ્રિકામાં તો જયરામ શિવજી જેવા શરાફી વ્યાપારીઓની પેઢીઓ ચાલતી હતી (મહેતા : 2003). કચ્છ અને સિંધના પ્રદેશમાં અનેક ગુજરાતી મહાનુભાવોનું જીવન ઘડાયું હતું. ઉદા. તરીકે ભાઈકાકા, એચ.એમ.પટેલ, લાલચંદ નીનામા (દાહોદ) વગેરે. સમયના વહેણ સાથે કચ્છ, ગુજરાત સાથે જોડાતું ગયું. સડક સાથે સુરજબારી જેવાં રેલવે અને 1937-38માં વિમાની સેવા શરૂ થઈ હતી. તે વખતે ભુજથી મુંબઈની પ્લેનની ટિકિટ 40 રૂપિયા હતી. આમ કચ્છ ઇતિહાસના રંગમંચ પર વૈવિધ્યપૂર્ણ ભૂમિકા ભજવતું રહ્યું હતું. હવે કચ્છના ઇતિહાસમાં આવેલી કુદરતી-માનવસર્જિત આપદાઓ અને તેના ઘડવૈયાઓની ઇતિહાસનિર્માણમાં ભૂમિકા વિશે જોઈએ.

**કચ્છ પરની કુદરતી અને માનવસર્જિત આપદાઓનો ઇતિહાસ :**

કુદરતી આફતોના સંદર્ભમાં કચ્છે જેટલું સહન કર્યું છે તેટલું ગુજરાતની કોઈ પ્રજાએ ભાગ્યે જ સહન કર્યું હશે ! ધરતીકંપ, દરિયાઈ તોફાનો, દુષ્કાળો અને વાવાઝોડાં જેવી કુદરતી આપદાઓ તો કચ્છી પ્રજા માટે સહજ બાબતો રહી છે. અનેક ભૂકંપોનો સામનો કરનાર કચ્છમાં ભૂકંપની તવારીખ ઘણી લાંબી છે. કચ્છમાં 1819 થી 1956ના 137 વર્ષના ગાળા દરમિયાન 72 ભૂકંપો નોંધાયા છે. (ધોળકિયા : 1981:42) તેમાં ઈ.સ. 1819, 1956 અને તાજેતરનો 2001ના ધરતીકંપના ઇતિહાસની નોંધ તો રાષ્ટ્રીય કક્ષાના ધરતીકંપના ઇતિહાસમાં લેવાઈ છે. 16 જૂન, 1819નો કચ્છનો ધરતીકંપ કચ્છ માટે તાત્કાલિક અને લાંબા ગાળાની રીતે ઘણો વિનાશક નીવડ્યો હતો. તેમાં દોઢ હજાર કરતાં વધુ લોકો મોતને ભેટ્યા હતા. 7 હજાર ઘર પડી ગયાં હતાં. તેનું સિલસિલાબંધ વર્ણન અંગ્રેજ કૅપ્ટન જેમ્સ મેકમર્ડોએ કર્યું. આજે પણ વાંચતાં કોઈ સીધું પ્રસારણ જોઈ રહ્યા હોઈએ તેવી અનુભૂતિ કરાવે છે. મૂળ લેખ 'Transaction of Literary society of Bombay' ના 1820ના વર્ષના ત્રીજા અંકમાં છપાયો હતો. મેકમર્ડો લખે છે કે 'આ બનાવની આગાહીરૂપ આકાશમાં કે વાતાવરણમાં એવું કોઈ ચિહ્ન તે અગાઉ નિહાળવામાં આવ્યું ન હતું. ગરમીના દિવસો હતા, આકાશ સ્વચ્છ અને શાંત હતું; પશ્ચિમનો પવન વાતો હતો. ત્રીજી જૂને ગાજવીજ સાથે વરસાદ પડ્યો, તે પછી અંજારમાં અમે એક ટેકરીના બુરજ પર ખુરશીઓ નાંખી બેઠા હતા. ભૂકંપ આવ્યો તે પહેલાં અમારી ખુરશીઓ ગતિમાન થઈ, જાણે ઊંચકાઈ જતી હોય અને પવનથી બારી-બારણાં ખસતાં હોય એવો અવાજ થયો, અમારી ખુરશી ફરીથી ઊંચકાઈ જતી હોય તેમ માલૂમ પડ્યું, મે

ધરતીકંપનો આંચકો અગાઉ અનુભવ્યો ન હતો તે હું કદી ભૂલી શકું નહિ. બુરજમાંથી દરેક જણ બનતી ઝડપે નાસી છૂટ્યા અને સહેજ વારમાં એ દેખાતો બુરજ તૂટી પડી, ભોંય ભેગો થયો. તેમાં તોપ વગેરે સામાન દટાઈ ગયાં અને તે પછી તુરત જ કિલ્લાની દીવાલ, મિનારા અને પંદરસોથી વધુ ઘરો ખંડિયેર થઈ પડ્યાં. ધરતીકંપનો આંચકો લગભગ બે થી અઢી મિનિટ ચાલ્યો હશે ! એ સમય એવો હતો કે મનની સ્વસ્થતા રહી શકે નહીં. તે રાત્રે ચાલુ કરતાં વધુ તારા ખર્યા હતા. તે પછી પણ દિવસો સુધી આંચકા આવતા રહ્યા હતા. ત્રણ મહિના દરમિયાન આશરે સોથી વધુ આંચકા જણાયા હતા. આ ભૂકંપનો વ્યાપ વિશાળ હોવા છતાં તેની અસર માત્ર કચ્છમાં જણાઈ હતી.' (પારેખ : 1937:89-95).

ધરતીકંપની અસર પશુ-પક્ષીઓ ઉપર ઝાઝી થઈ ન હતી, પરંતુ ઘોડાઓ ચાલતી વખતે તેમનું સમતોલન ગુમાવતા હતા, ભુજમાં હાથીઓ ભયભીત થઈને હાથીખાનામાંથી ભાગી રસ્તા પર દોડતા હતા. જમીનમાં મોટી તિરાડો પડી ગઈ હતી. નદીઓ અને કૂવાઓમાં પાણી ઉભરાઈ આવ્યું હતું. સિંધુની લખપત પાસેની એક શાખામાં 24 ફૂટ ઊંડું પાણી જણાયું હતું. લખપતની કોરીની ખાડી પાસે પાણીની આવકની જગ્યાએ ધરતીકંપના કારણે પાતાળની જમીન ઊંચે આવતાં કુદરતી બંધની રચના થઈ હતી, જે આજે 'અલ્લાહ બંધ' તરીકે ઓળખાય છે. (ધોળકિયા : 1991:43) કચ્છ પાણીદાર પ્રદેશમાંથી નપાણિયા પ્રદેશમાં ધકેલાઈ ગયો હતો. ધરતીકંપ પછી અનેક અંધશ્રદ્ધાઓ હિંદુઓ અને મુસ્લિમોમાં પ્રચલિત બની હતી. ટૂંકમાં 1819ના ભૂકંપે કચ્છ પર પરસ્પર વિરોધાભાસી અસરો ઉપજાવી હતી. એક વિદેશીનું ભૂકંપ વિશેનું બયાન આજે પણ 200 વર્ષ પૂર્વેની તારાજીને આપણી સમક્ષ તાદૃશ કરે છે. એથી વિરુદ્ધ 2001ના ધરતીકંપ વખતે આપણા મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ધીરેન્દ્ર મહેતાએ વૈયક્તિક રીતે પોતાને પડેલી વિપદાનું સમસંવેદનાત્મક વર્ણન 'શબ્દસૃષ્ટિ' (ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર) સામયિકમાં કર્યું હતું. તેમના પત્રને તત્કાલીન સંપાદકે ધીરેન્દ્ર મહેતાના હસ્તાક્ષરમાં જ છાપ્યો હતો. પત્ર વાંચ્યા પછી લેખકની વેદના સાથે સમસંવેદન ન સધાય તો જ નવાઈ ગણાય ! પરંતુ વૈયક્તિક જાણકારી સિવાય વિશેષ જાણકારી તેમાંથી મળતી નથી. આજથી 50 વર્ષ પછી કોઈ ઇતિહાસકાર 2001ના ધરતીકંપનો ઇતિહાસ લખવાનો પ્રયાસ કરે અને 2001 વખતના એક બૌદ્ધિક તરીકે ધીરેન્દ્ર મહેતાના આ લેખને ઇતિહાસના માહિતીના સ્રોત તરીકે તપાસે તો તેને નિરાશા સિવાય કશું હાથ લાગી શકે તેમ નથી. ટૂંકમાં અંગ્રેજો કુદરતી આપદાઓ વખતે પણ સંશોધનાત્મક અભિગમ દર્શાવવાનું ચૂક્યા ન હતાં. જ્યારે આપણે આપણા અનુભવોને વ્યક્તિગત સમસ્યાઓ કરતાં વધુ મહત્ત્વ આપી શક્યા નથી.

1956નો ધરતીકંપ 21 જુલાઈ ને શનિવારના રોજ રાત્રે 9 વાગ્યા ને 4 મિનિટથી લઈ 27 જુલાઈ વચ્ચે આવ્યો હતો. કુંદનલાલ ધોળકિયાએ 1956ના ધરતીકંપનું આંખ્યે દેખ્યું વર્ણન કરતાં નોંધ્યું છે કે '21મી જુલાઈ, 1956ના રોજ ભુજમાં રાત્રે નવેક વાગ્યે જાણે બાજુથી મોટો ખટારો પસાર થયો હોય તેમ ગડગડાટ ધ્રુજારાનો અવાજ સંભળાયો, બારી-બારણાં ખખડ્યાં, જમીન અને ભીંતો ધ્રૂજી. હું કાંઈ સમજુ તે પહેલાં સહુ બૂમાબૂમ પાડી ઊઠ્યા, 'ધરતીકંપ, ધરતીકંપ !' લોકો ઘરની બહાર દોડી આવ્યા.' (ધોળકિયા : 43-44) ભૂકંપની વિશેષ અસર ભુજ, અંજાર અને ભચાઉ તાલુકાઓમાં થઈ હતી. એકંદરે કચ્છના 1600 કિલોમીટરમાં ધરતીકંપની અસર થઈ હતી. ભૂકંપમાં કુંદનલાલ ધોળકિયાના મતે 135 લોકો મૃત્યુ પામ્યા, 135ને ગંભીર ઈજાઓ પહોંચી, 2225 ઘરો જમીનદોસ્ત થયાં હતાં. એક કરોડથી વધુની નુકસાની થઈ હતી. ભુજ તાલુકાના ઝુરમ અને મોખાણા તથા અંજાર તાલુકાના ધમકડા, સુખપર અને ભુજપર જેવાં ગામો તો સંપૂર્ણ તારાજ થઈ ગયાં હતાં. 1956ના ધરતીકંપ વખતે દુનિયાભરમાંથી કરુણાની સરવાણી ફૂટી નીકળી, સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓ બચાવ-રાહત અને નવરચના

માટે ધસી આવી. 17 ઑગસ્ટ, 1956ના રોજ તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ પણ કચ્છ આવ્યા હતા. ધરતીકંપના અસરગ્રસ્તોને હૈયાધારણ આપતાં તેમણે કહ્યું હતું કે 'આ આંસુઓમાંથી સહુ હવે નવસર્જન કરે અને નયા અંજાર બનાવે.' તેનો ઉત્તમ નમૂનો ભૂકંપ પછી બનેલું અંજાર પાસેનું 'નયા અંજાર' ગામ છે. પંડિત નહેરુની મુલાકાત દરમિયાન તેમની જીપ ઊથલી પડતાં ઝુરણ અને ધાણેટી ગામો વચ્ચે અકસ્માત થયો હતો, જેમાં નહેરુને થોડી ઈજા પણ થઈ હતી. (ધોળકિયા : 1981:45-46) તે પછી ઝુરણ ગામનું નામ જવાહરનગર અને મોખાણા ગામનું નામ ઈન્દિરાનગર રાખવામાં આવ્યાં હતાં. આમ, કચ્છ કુદરતી આપત્તિઓની સામે દાયકાઓથી ઝીંક ઝીલતું આવ્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો ફિનિક્સ પછી રાખમાંથી બેઠું થાય તેમ કચ્છ પુનઃજીવિત થયું છે. જે એક પ્રજાના ખમીર અને જુસ્સા વગર શક્ય બની શકે નહિ.

**ભારત-પાકિસ્તાન યુદ્ધો (1965 અને 1971) અને કચ્છ :**

પાકિસ્તાન સાથે કચ્છની સરહદનો ઘણો ભાગ જોડાયેલો છે. સીમા વિવાદ મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે એકાધિક યુદ્ધો થયાં છે. તેનો મુખ્ય વિવાદ કચ્છની સરહદને લગતો હતો. 1914ના ફેબ્રુઆરીમાં કચ્છ-સિંધની સરહદોના રેખાંકનનો કાયદેસર બનાવતો ઠરાવ મુંબઈ સરકારે કર્યો હતો. 1914માં જે સીમાસ્તંભો નક્કી થયા હતા તે આઝાદી પછી ભારત અને પાકિસ્તાન અલગ પડ્યા તે પ્રમાણે વહેંચાયા હતા. 1947 પહેલાંના બ્રિટિશ દસ્તાવેજોમાં અને રાજકીય નકશાઓમાં કચ્છ રાજ્યનો રણનો ભાગ ભારત સાથે જ જોડાયેલો રહ્યો, પરંતુ પાકિસ્તાને રણની અધવચ્ચે જ સરહદી રેખા હોવી જોઈએ તેવો દાવો કર્યો અને તે સીમાવિવાદનું કારણ બન્યું. 1947માં ભાગલા પછી ફેબ્રુઆરી, 1956માં પાકિસ્તાને કચ્છના છાડબેટ પર આક્રમણ કર્યું. વડાપ્રધાન તરીકે પંડિત નહેરુએ પ્રચંડ લશ્કરી સરંજામ સાથે છાડબેટમાં લશ્કર ખડકી પાકિસ્તાનને સૈન્ય પાછું ખેંચવાની ફરજ પાડી હતી. (ધોળકિયા : 1981:80). યુદ્ધની પૂર્વતૈયારીના ભાગ રૂપે પાકિસ્તાને હથિયારો વધારવાનું, સરહદ પર ભેદી બલૂનો ઉડાવવાનું શરૂ કર્યું. 12 એપ્રિલે સરદારકોટ અને વિઘાકોટ પર ગોળીબાર પછી લડાઈ લગભગ શરૂ જ થઈ ચુકી હતી. તેમાં પાકિસ્તાનના 34 અને ભારતના 5 સૈનિકો માર્યા ગયા હતા. 1 સપ્ટેમ્બર, 1965ના રોજ પાકિસ્તાને પંજાબના છાંબ વિસ્તારમાં અને કાશ્મીરની સરહદે ઓચિંતો હુમલો કર્યો, અમેરિકા પાસેથી ઉછીની લીધેલી ટૅન્કો રણમાં ઉતારી. પ્રતિક્રિયા રૂપે ભારતની વાયુસેનાએ યુદ્ધમાં ઝુકાવ્યું. સરહદી વિસ્તાર હોવાથી કચ્છના ભુજ, ગાંધીધામ વગેરે સ્થળોને સાયરનો દ્વારા સચેત કરવામાં આવ્યાં હતાં. 6 સપ્ટેમ્બરના રોજ અંજાર ઉપરથી પાકિસ્તાની ફાઈટર વિમાન ઊડ્યું. 7 સપ્ટેમ્બરે જામનગર ઉપર પાકિસ્તાની વિમાને બૉમ્બમારો કર્યો. દરમિયાન એક મૃત પાકિસ્તાની સૈનિકના ખિસ્સામાંથી મળેલી ડાયરીમાં નોંધ હતી કે પાકિસ્તાનનો પ્લાન ભુજ, જામનગર અને દિલ્હીનાં વિમાનીમથકો પર હુમલો કરવાનો હતો. (આ બાબતનો ઉલ્લેખ 'બોર્ડર' ચલચિત્રમાં પણ થયો છે.) યુદ્ધ સતત 21 દિવસ સુધી ચાલ્યું. કચ્છમાં બ્લૅક આઉટ થયું, સાયરનો સતત ગુંજતી રહી હતી. 1965ના સપ્ટેમ્બર મહિનાના બીજા અઠવાડિયામાં પાકિસ્તાને જામનગર અને દ્વારકા પર બૉમ્બમારો કર્યો. 20 થી 22 એપ્રિલ વચાળે છાડબેટ, કંજરકોટ અને વિઘાકોટ પર પાકિસ્તાને તોપમારો કર્યો. વળતા હુમલામાં ભારતે સૈન્ય તાકાત બતાવી હતી.

1965ના યુદ્ધ સાથે ગુજરાતના રાજકારણની કરુણ દાસ્તાન પણ જોડાયેલી છે અને તે યુદ્ધ દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાનું મૃત્યુ, પાકિસ્તાનના હુમલા વિરુદ્ધ બળવંતરાય મહેતાએ ગુજરાતના લોકોને આશ્વાસનની સાથે જડબાતોડ જવાબની ખાતરી આપી. 19 સપ્ટેમ્બરના રોજ તેમણે જામનગર, ઓખા જઈ લોકોને રૂબરૂ મળી હૈયાધારણ આપવાનું નક્કી કર્યું. સલાહકારોની સલાહને અવગણી

પત્ની સરોજબહેન સાથે હવાઈ નિરીક્ષણ અર્થે નીકળી પડ્યા પરંતુ સાંજે 6 વાગ્યે તો તેમના વિમાનને પાકિસ્તાનનાં બે વિમાનોએ ઘેરી લઈ શરણે આવવા કહ્યું પરંતુ તેઓએ શરણાગતિ ન સ્વીકારતાં શસ્ત્રસજ્જ અને લડાયક પાકિસ્તાની વિમાનોએ શ્રી મહેતાના વિમાન પર ગોળીઓ છોડી. તેમાંની એક ગોળી પ્લેનની પેટ્રોલની ટાંકીને વાગી. તરત જ તેમનું વિમાન કચ્છના નલિયા નજીક 2 માઈલ દૂર સુથરી ગામની સીમમાં તૂટી પડ્યું. શ્રી મહેતા, તેમનાં પત્ની સરોજબહેન, ગુજરાત સમાચારના પત્રકાર શ્રી કે. પી. શાહ, પાઈલટ શ્રી એન્જિનિયર અને મુખ્યમંત્રીના અંગત સચિવ શ્રી પરેશનાં કરુણ મોત થયાં. ચોમેર વેરાયેલાં માનવઅંગોને મહામુસીબતે એકઠાં કરી ઓળખવામાં આવ્યા. બળવંતરાય મહેતાનાં પત્ની સરોજબહેનની લાશ તો મહિલાનાં ચપ્પલ પહેરેલાં હોવાથી ઓળખાઈ હતી. (શાહ : 2000 : 293-94) પાકિસ્તાનના આ હિચકારા કૃત્યની દુનિયાભરમાં આકરી ટીકા થઈ હતી.

ભારતના સૈનિકોએ 65ના યુદ્ધ વખતે રણની અનેક યાતનાઓ વેઠી હતી. એક લેફ્ટેનનો જીવ તો 48 કલાક પાણી વિના તરફડવાને કારણે ગયો હતો. ભયંકર જાનહાનિ અને ધનહાનિ છતાં ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું યુદ્ધ પછીનું વક્તવ્ય સદૈવ સ્મરણીય રહે તેવું છે : 'હું સ્પષ્ટપણે અને સચ્ચાઈપૂર્વક કહેવા માંગું છું કે પાકિસ્તાનની પ્રગતિ થાય અને આબાદી વધે તેવી અમારી શુભેચ્છાઓ છે. અમે પોતે પણ અમારી પ્રજાનાં જીવનધોરણો સુધારવા મથી રહ્યા છીએ. એકબીજા સામે યુદ્ધ કરવાને બદલે આપણે ગરીબી, રોગચાળો અને અજ્ઞાન સામે યુદ્ધ આદરીએ. બંને દેશોની આમજનતાની આશાઓ, એષણાઓ અને પ્રશ્નો એકસરખા છે. તેમને સંઘર્ષ કે યુદ્ધ ખપતાં નથી. લોકોને પ્રગતિ અને શાંતિની અભિલાષા છે, તેમને શસ્ત્રો કે દારૂગોળાની જરૂર નથી, તેમને જોઈએ છે અન્ન, વસ્ત્ર અને વિસામો.' (બુદ્ધિપ્રકાશ (માસિક), જાન્યુઆરી 1966, પુસ્તક 113, અંક-1) યુદ્ધના વિજેતા રાષ્ટ્રના વડાનું આવું વક્તવ્ય વિશ્વ ઇતિહાસમાં મળવું દુર્લભ છે. તેની તુલના અમેરિકન આંતરવિગ્રહ પછી અબ્રાહમ લિંકને આપેલા ભાષણ સાથે પણ કરી શકાય તેમ છે.

30 જૂન, 1965ના રોજ બપોરે બાર વાગ્યે યુદ્ધવિરામના કરાર પર બંને દેશોના પ્રતિનિધિઓએ સહીઓ કરી અને 1 જુલાઈ, 1965ના રોજ સવારે 6 વાગ્યાથી યુદ્ધવિરામનો બંને દેશોએ અમલ શરૂ કર્યો હતો. યુદ્ધવિરામ પછી સીમા વિવાદ માટે નિમાયેલા આંતરરાષ્ટ્રીય પંચની પહેલી બેઠક ફેબ્રુઆરી 1966માં મળી. આ પંચે પાકિસ્તાન સાથેની કુલ સાડા ત્રણ હજાર ચોરસ માઈલ તકરારી જમીનમાંથી 90 ટકા ભારતને અને 10 ટકા પાકિસ્તાનને આપવાનું ઠરાવ્યું. જે અંતર્ગત કચ્છના છાડબેટ સહિત લગભગ 350 ચોરસ માઈલ વિસ્તાર પાકિસ્તાનમાં ગયો. આ જાહેરાતના કચ્છ અને દેશમાં ભયંકર પ્રત્યાઘાતો પડ્યા. કચ્છમાં તો 1968માં સત્યાગ્રહ પર શરૂ થયો હતો. વિરોધ પક્ષના સંયુક્ત મોરચાએ 21 એપ્રિલ, 1965ના રોજ ભુજથી 70 કિલોમીટર દૂર ખાવડા અને બાંદીમાં સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે 144ની કલમ લગાવી, સભા-સરઘસ પર બંધી ફરમાવી. છતાં સત્યાગ્રહીઓએ ડગ્યા વગર જાહેરસભાઓ વગેરે દ્વારા સત્યાગ્રહ ચાલુ રાખ્યો. 6 મે ના રોજ 5 હજાર લોકોએ 'કચ્છ કી ધરતી દેશ કી ધરતી'ના બુલંદ નારા સાથે 70 કિલોમીટર લાંબી કૂચ કરી. પ્રતિક્રિયા રૂપે સરકાર તરફથી લાઠીચાર્જ, સોટીમાર અને ધરપકડ જેવાં ઉપાયો અજમાવવામાં આવ્યા. (ધોળકિયા : 1991 : 81-92) લોકલાગણીનો પડઘો ઝીલી થયેલા આ સત્યાગ્રહે કચ્છમાં ભલે વિરોધ પક્ષોને સફળતા ન અપાવી હોય પણ કોંગ્રેસ વિરુદ્ધ એક નેજા હેઠળ આવવાની પૃષ્ઠભૂમિ તો કચ્છના આ સત્યાગ્રહે રચી આપી હતી. સત્યાગ્રહનો હેતુ ઉમદા હતો પણ મજબૂત વ્યવસ્થાપનના અભાવે કોઈ ફલશ્રુતિ પ્રાપ્ત થઈ ન હતી.

1965ના યુદ્ધમાં કચ્છે જાનહાનિ અને ધનહાનિની રીતે ઘણું સહેવું પડ્યું હતું, પરંતુ યુદ્ધ પછી કચ્છ તરફ

લોકોનું ધ્યાન પણ ખેંચાયું હતું. કારણ એ હતું કે આ યુદ્ધની પ્રસ્તાવના કચ્છની સરહદ અંગેના સંઘર્ષમાંથી રચાઈ હતી. કચ્છી પ્રજાએ યુદ્ધ દરમિયાન અસાધારણ ખમીર બતાવ્યું હતું. 1965ના યુદ્ધના અનુભવો અંગે હરજીવન આચાર્ય નામના લેખકે 'સળગતા સીમાડા' શીર્ષકથી પુસ્તક લખ્યું છે.

1965ના યુદ્ધના આઘાતમાંથી ભારત હજુ બહાર પણ આવ્યું ન હતું ત્યાં તો માત્ર છ જ વર્ષમાં બીજા યુદ્ધે દસ્તક દીધી. 1971ના અંતભાગમાં પૂર્વ પાકિસ્તાને (આજનું બાંગ્લાદેશ) આઝાદી માટેની જેહાદ જગાવી. 4 ડિસેમ્બરે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જાહેર થયું. 4 ડિસેમ્બરથી શરૂ થયેલા યુદ્ધનો 18 ડિસેમ્બરે અંત આવ્યો. આ 14 દિવસના ગાળામાં સાયરન, બ્લૅક આઉટ અને ગોળીબાર, મોટાં શહેરોમાં નાસભાગ તથા બૉમ્બમારો જેવા ઘટનાક્રમો ચાલતાં રહ્યા હતાં. બૉમ્બમારાથી સમગ્ર કચ્છ ધ્રૂજતું અને ભયના ઓથાર હેઠે જીવતું હતું. સ્થાનિક લેખકોના માટે કચ્છને 1965 કરતાં 1971નું ભારત-પાકિસ્તાન યુદ્ધ વધુ યાદ રહે તેવું હતું (ધોળકિયા : 1981-77) ટૂંકમાં કચ્છ પ્રદેશે તેની અનેક કુદરતી આપત્તિઓની સાથે યુદ્ધ જેવી માનવસર્જિત આપદાઓ પણ જોઈ હતી, પરંતુ કુદરતી આપદાઓની જેમ જ માનવસર્જિત સમસ્યાઓનો પણ કચ્છે મજબૂતીથી મુકાબલો કર્યો હતો. ભુજના ઍરપૉર્ટનું રાતોરાત નિર્માણ જેવી બાબતો તો હિંદી ચલચિત્રની વિષયવસ્તુ પણ બની છે.

**કચ્છના ઘડવૈયા :**

કચ્છ તેના શાસકો, મુત્સદીઓ, વ્યાપારીઓ અને પ્રયોજકોને કારણે પણ ઇતિહાસમાં પ્રસિદ્ધ થયું છે. વિશિષ્ટ પ્રકારની ભૌગોલિક સ્થિતિ ધરાવતા કચ્છના વિકાસમાં કચ્છના સીમાડાની અંદર અને બહાર અનેક મહાનુભાવોએ યોગદાન આપ્યું છે. જેમાં જગડુ શાહ, જેઠીબાઈ, સુંદરજી સોદાગર, જયરામ શિવજી, ડુંગરશી સંપટ, જયંત ખત્રી, તુલસીદાસ શેઠ, અર્થશાસ્ત્રી જે. જે. અંજારિયા અને ભવાનજી અર્જુનજી ખીમજી જેવા અનેક ઘડવૈયાઓનો સમાવેશ થાય છે. અત્રે કેટલાક નમૂનારૂપ કચ્છી અંગ્રેજોએ કચ્છના ઇતિહાસ અને સંસ્કૃતિમાં આપેલા યોગદાનનો પરિચય આપવામાં આવ્યો છે.

**1. જગડુશાહ (આશરે ઈ.સ. 12-10-1275) :**

કચ્છના ભદ્રેશ્વરના આ ઓશવાળ જૈન વ્યાપારી આંતરરાષ્ટ્રીય વ્યાપારી અને દાનેશ્વરી હતા. તેમના ધનવાન બનવા પાછળ અનેક દંતકથાઓ પ્રચલિત છે. (કારાણી : 1945:149) આ અદ્વિતીય દાતારે 1256-58માં પડેલા કારમા દુષ્કાળ વખતે સમગ્ર દેશમાં સખાવતો કરી હતી. તેમણે ભદ્રેશ્વરમાં મુસ્લિમો માટે 'ખીમલી મસ્જિદ' બંધાવી હતી. તેનો મકસદ માત્ર ધર્મ નિરપેક્ષતા ન રહેતાં વ્યાપારી કારણ પણ હતો. પ્રોફેસર મકરંદ મહેતાના મતે આરબ અને મુસ્લિમ વેપારીઓને ભદ્રેશ્વર જેવાં દૂરના બંદર સુધી આકર્ષવા તેમણે મસ્જિદ બાંધી હતી. તે દ્વારા જગડુ શેઠે ગુજરાતના અહિંસક અને ધર્મસહિષ્ણુ મૂલ્યોનો પરિચય પણ આપ્યો હતો. જગડુ શાહના જીવન અને કાર્યને નિરૂપતું ચરિત્ર 'શ્રી જગડુચરિત કાવ્યં' શીર્ષકથી સર્વાનંદસૂરિએ સંસ્કૃતમાં રચ્યું (આશરે 1319) છે. (મહેતા : 2-22:2-4)

**2. સુંદરજી સોદાગર (1764-1822) :**

સુંદરજી શિવજી સોદાગર કચ્છના ઇતિહાસનું ગૌરવશાળી વ્યક્તિત્વ છે. માંડવી પાસે ગુંદિયાળી ગામના સુંદરજી યુવાનીમાં કુછંદી અને દરેક પ્રકારનાં દૂષણોથી યુક્ત યુવાન હતા. તેમનું જીવનપરિવર્તન એક કેસ સ્ટડી કરતાં લેશમાત્ર ઓછું નથી. સુંદરજીના જીવનનો વિકાસ મહાન વ્યાપારી અને રાજકીય વગવાળી વ્યક્તિ તરીકે થયો હતો. તેઓ મધ્યકાળનો અંત અને અર્વાચીન યુગના ઉદયનું એટલે કે સંધિકાળનું સંતાન હતા. સત્તાની સાઠમારીમાં ઊભી થયેલી તકોનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. તેમનો ઉપરોક્ત સંદર્ભમાં બદલાવ અશ્વના વ્યાપાર થકી આવ્યો હતો. યુવાનીમાં ઘોડા પાળવા અને ગમે તેવા તોફાની ઘોડાને નિયંત્રણમાં કરી શકતા હતા. તેમનામાં અશ્વવ્યાપારનો શોખ જાગ્યો હતો. સુન્દા તરીકે કુખ્યાત થયેલો ગુંદિયાળી ગામનો યુવાન જીવનથી હારી-થાકી 17 વર્ષની વયે માંડવીના નગરશેઠ ભોજરાજ શાહ

પાસેથી 7 હજાર કોરી લઈ અશ્વનો વ્યાપાર શરૂ કરે છે તેમનો અશ્વનો વેપાર કચ્છ-સૌરાષ્ટનાં રજવાડાંઓ, અંગ્રેજો ઉપરાંત ઠેઠ મૈસૂરમાં ટીપુ સુલતાન સાથે હતો. વ્યાપારના લીધે કચ્છમાં તેમની ત્રણ અને મુંબઈ ઇલાકામાં 22 પેઢીઓ ચાલતી હતી. અશ્વના ધમધોકાર વેપારના કારણે તેમની હૂંડીઓ આખા હિન્દુસ્તાનમાં ચાલતી હતી.

કરોડપતિ સાહસિક તરીકે પંકાયેલા સુંદરજીએ અંગ્રેજ અફસરોના પ્રભાવમાં સતીપ્રથા અને દૂધપીતીના કુરિવાજો સામે સહકાર આપ્યો હતો. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને પોરબંદરના દીવાન અને અંગ્રેજોના નેટિવ એજન્ટ (1802) તરીકે પણ રહ્યા હતા. સુંદરજી બહુશ્રુત અને તીક્ષ્ણ બુદ્ધિશક્તિ ધરાવતા હતા. બીજાઓને સમજાવવાની અદ્‌ભુત કુનેહ પણ તેમનામાં હતી. શરાફ તરીકે તેઓએ સૌરાષ્ટ્રના શાસકોને પણ અઢળક રકમ વ્યાજે આપી હતી. દાન-દક્ષિણા કરવામાં પણ તેમનો તત્કાલીન સમયમાં વિકલ્પ ન હતો. 1792માં દુષ્કાળપીડિતો માટે 1 લાખ રૂપિયાનું દાન કરી તેઓ 'બીજા જગડુશાહ'નું ઉપનામ પામ્યા હતા. તેમની દાતારીની પરિસીમા કુંભના મેળામાં દેખાઈ હતી. કુંભ મેળામાં યાત્રાળુઓને સતત 6 મહિના સુધી ભોજન કરાવવાનો કીર્તિમાન તેમના નામે છે. તેમના વિશે એવી આખ્યાયિકા છે કે 5 હજાર વર્ષ પૂર્વે પાંડવોએ 4 દિવસ સુધી ભંડારો કર્યો હતો, ત્યારપછી કોઈએ પણ ભંડારો કર્યો હોય તો તે સુંદરજી શિવજીએ કર્યો છે. પુત્રના લગ્નમાં 6 મહિના સુધી ગુંદિયાળી ગામના ચૂલા બંધ રખાવી ગામ ધુમાડો બંધ કરાવી જમણવાર કર્યો હતો. જૂનાગઢમાં ગિરનારનો રસ્તો સમારવાનો શ્રેય પણ તેમના ફાળે જાય છે. આ દરમિયાન જ ગિરનારનો શિલાલેખ પ્રાપ્થ થયો અને અશોકના વિશ્વકલ્યાણના વિચારો દુનિયા આખીમાં ફેલાયા હતા. 25 ઑગસ્ટ, 1813ના 'Bombay Courier' મુજબ 'એક માણસમાં દાન કરવાની કેટલી શક્તિ હોય તેનો સુંદર દાખલો સુંદરજી શેઠે બેસાડ્યો હતો. આ વર્ષે તેમણે આપેલાં દાનનો આંકડો 2 લાખ જેટલો હતો.' (રાવલ : 2016:131-35) તેમના દાનેશ્વરી સ્વભાવને લગતું એક કવિત પણ ઉપલબ્ધ છે.

'સુકૃત ખજીના સોઈ કરી જનસફાઈ કમાઈ,<br>
પરમારથ કાજ ધરમ કી પાજ બંધાઈ,<br>
ગઢ જૂનો ગિરનાર, દામોદર ઘાટ બંધાયો'

આવા મહાન મુત્સદી, દાનેશ્વરીનું 20 માર્ચ, 1822ના રોજ 11 વાગ્યે ભગંદરના રોગથી અવસાન થયું હતું. રાજસત્તા પર આર્થિક સત્તાના પ્રભાવનું જ્વલંત ઉદાહરણ પણ સુંદરજી સોદાગર છે.

**3. જેઠીબાઈ ખત્રી :**

આ મહાન પ્રયોજક મહિલાના ઉલ્લેખ વગર કચ્છનો જ નહિ, ગુજરાતનો ઇતિહાસ પણ અધૂરો છે. તેમના કુટુંબીઓએ કચ્છના માંડવીથી સ્થળાંતર કરી દીવ બંદરે રંગાટી અને વણાટકામનો વ્યવસાય શરૂ કર્યો હતો. દીવમાં મુસ્લિમ સલ્તનતના અંત પછી પોર્ટુગીઝ શાસન સ્થપાયું હતું. દીવ માટે પોર્ટુગીઝ શાસન ધર્માંતરણ વગેરે કારણોને લઈ નઠારું - અત્યાચારી નીવડ્યું હતું. તેનાથી હિંદુઓ ત્રસ્ત હતા. તેની સામે જેઠીબાઈએ મોરચો ખોલ્યો હતો. દીવના સ્થાનિક બૅરિસ્ટરની સલાહ લઈ તેમણે પોર્ટુગલ જવાનું નક્કી કર્યું. પોર્ટુગીઝ સરકારના જુલમની હૃદયદ્રાવક કહાણી પોર્ટુગીઝ ભાષામાં અરજી રૂપે એક રેશમી ઓઢણી પર છાપી, તેની ચારેકોર સુંદર ફૂલવેલ છાપી ઓઢણીને કળાત્મક બનાવી. અરજીમાં ધર્મના નામે ચાલતા પાદરીઓના જુલમોનો આબેહૂબ ચિતાર હતો. અરજી છાપેલી ઑફિસમાં ઓઢણીને સુંદર કિનખાબની થેલીમાં મૂકી. તેના પર દીવના હિંદુ ગૃહસ્થોની સહીઓ લેવામાં આવી. અરજી સાથે જેઠીબાઈ દીવ બંદરેથી પ્રસ્થાન કરી પોર્ટુગલ પહોંચ્યાં. અહીં તેમણે પોર્ટુગલના ગવર્નરના બે મોટા અધિકારીઓની મુલાકાત લઈ તેમની સહાનુભૂતિ પ્રાપ્ત કરી. મુલાકાત વખતે જેઠીબાઈ ધોળે દિવસે હાથમાં સળગતી મશાલ લઈ ગયાં હતાં. તેના કારણમાં તેમણે કહ્યું હતું કે દીવમાં પોર્ટુગીઝ રાજમાં ઘોર અંધકાર છે એટલે અમને રોશનીની ખૂબ જરૂર છે. તે પછી પોર્ટુગીઝ

અધિકારીઓએ રાણી ડોન લ્યુઝાની મુલાકાત ગોઠવી આપી. મુલાકાત લાંબી ચાલી. મુલાકાત દરમિયાન જેઠીબાઈએ રાણી સમક્ષ હૃદય ખોલી પોર્ટુગીઝ શાસનના અત્યાચારોની રજૂઆત કરી. જેઠીબાઈની કરુણ રજૂઆતે રાણીની આંખોમાં આંસુ લાવી દીધાં. તેમણે તાત્કાલિક અસરથી પોર્ટુગીઝ શાસનમાં ચાલતો ધર્માંતરણનો કાયદો ખાસ ફરમાન કરી રદ કરાવી દીધો. તેની સાથે જેઠીબાઈની ઓઢણીને 'પાન - દ - જેઠીબાઈ' નામ આપવામાં આવ્યું. રાણીની આજ્ઞાને તામ્રપત્ર પર કોતરી જેઠીબાઈને અર્પણ કરવામાં આવી અને ઓઢણી સાથે જેઠીબાઈનું નામ રૂઢ થયું અને અનોખી ગણાયેલી ઓઢણીની આ જાત જેઠીબાઈના નામે વિશ્વવિખ્યાત થઈ હતી. તે પછી તો જેઠીબાઈના માનમાં અઠવાડિયામાં એક વાર દીવમાં તેમના ઘર આગળ બૅન્ડ વગાડવાનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. જેઠીબાઈ જીવ્યાં ત્યાં સુધી આ ક્રમ ચાલતો રહ્યો હતો. વિશેષમાં પોર્ટુગીઝ અફસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતી વેળાએ માથેથી હેટ ઉતારી જેઠીબાઈ પ્રત્યે સન્માન પ્રગટ કરતા હતાં. (કારાણી : 1945 : 369-70) અત્રે કચ્છના ઘડવૈયા તરીકે રજૂ કરવામાં આવેલા કેસ સ્ટડી સામાન્ય નામો નથી. આજના પીએચ.ડી.ના યુવા સંશોધકો શીર્ષકોની તલાશમાં રહે છે. તેમના માટે ઉપરોક્ત વ્યક્તિવિશેષો પીએચ.ડી. શોધ શીર્ષકનું વિષયવસ્તુ બની શકે તેમ છે. તે માટે જરૂર છે નવું શોધવાની મહત્ત્વાકાંક્ષા અને મહત્ત્વાકાંક્ષાને અનુરૂપ તનતોડ મહેનત કરવાની તૈયારી. એના વગર તો સફળતા પણ ક્યાંથી સાંપડે ?

ગુજરાતના બધા પ્રદેશોમાં કચ્છનો ઇતિહાસ અને સંસ્કૃતિ પ્રાચીનતમ ઉપરાંત વૈવિધ્યસભર છે. એ રીતે ગુજરાતમાં સૌથી પ્રાચીનતમ પ્રદેશ કચ્છનું ઇતિહાસમાં સ્થાન અતુલનીય છે. તેનો યુગયુગીન ઇતિહાસ અને સંસ્કૃતિ તથા સીમાસ્તંભો જોતાં ઉપસંહાર રૂપે કચ્છ માટે પ્રયોજાતી પંક્તિ...

'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલો ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, મારો કચ્છડો બારે માસ.'

થી વધુ શું હોઈ શકે ?

**સંદર્ભ :**


- કારાણી દુલેરાય (વિ.સં. 2001), કચ્છ કલાધર ભાગ-1, અમદાવાદ
- ગાલા મણિલાલ (સંપા. 1989), પ્રારંભિક ક્ષિતિજો : 19મી સદી દરમિયાન કચ્છમાં જ્ઞાન સંશોધન, અમદાવાદ.
- ભટ્ટી નાગજીભાઈ (1992), કચ્છ : સંસ્કૃતિના ઉષઃકાળ : ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં, અમદાવાદ
- મહેતા મકરંદ (2022), ગુજરાતના ઘડવૈયા સ્વવિકાસની પ્રયોગશાળા ભાગ-1, અમદાવાદ
- મહેતા મકરંદ (2003), ગુજરાતીઓ અને પૂર્વ આફ્રિકા : ગુજરાતીપણાની શોધમાં, અમદાવાદ
- ધોળકિયા કુંદનલાલ (1981), શ્રુતિ અને સ્મૃતિ : કચ્છ, ગુજરાત
- ધોળકિયા કુંદનલાલ (1996), કચ્છના અંતરંગો, મુંબઈ
- પરીખ રામલાલ (1961), ગુજરાત એક પરિચય, ભાવનગર
- પારેખ હીરાલાલ (1937), અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન ખંડ-1-ભૂમિકા (સન 1801 થી 1857), અમ.
- પેટલીકર ઈશ્વર (1964), વિદ્યાનગરના વિશ્વકર્મા : ભાઈકાકા, મુંબઈ
- શાહ કાન્તિલાલ (2000), રાષ્ટ્રસપૂત સ્વ. શ્રી બળવંતરાય ગો. મહેતા : જીવન અને કાર્ય, લોકસેવક મંડળ, ભાવનગર
- રાવલ પ્રફુલ્લા (સંપા. 2016), ગુજરાતના કાઠિયાવાડી અશ્વ, અમદાવાદ
- Patel G. D. (1972), Gazetteer of Gujarat : Kuchchh District, Ahmedabad.

# ગરીબી અંગે માનવઅર્થશાસ્ત્રનો અભિગમ

– મંજુલા લક્ષ્મણ*

**ટૂંકસાર :**

મુખ્યધારા કે નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે, બજારમાં જ્યારે વ્યક્તિ પોતાની પ્રાથમિક ભૌતિક જરૂરિયાતો ઉપર નાણાકીય ખર્ચ ન કરી શકે તે ગરીબ છે, ગરીબી એ પ્રાથમિક વપરાશની ખર્ચની અશક્તિ અને ટૂંકા ગાળાની સમસ્યા છે, જે લાંબા ગાળે દૂર થઈ જશે. ગરીબી એ માત્ર પ્રાથમિક ભૌગોલિક વપરાશી ખર્ચની અસક્ષમતા માત્ર નથી, પરંતુ તે માનવીને અનુભવાતી સામાજિક-આર્થિક વંચિતતા અને માનવગૌરવની રુગ્ણ સ્થિતિ સૂચવે છે, તેમ માનવ અર્થશાસ્ત્ર (Humandistic Economics) જણાવે છે. માનવઅર્થશાસ્ત્ર એ સુધારાવાદી અર્થશાસ્ત્ર (Heterodox Economics)ની વિચારશાખા છે, જે 1980 બાદ વિકાસ પામી છે, નવશિષ્ટ અર્થશાસ્ત્રથી વિરુદ્ધ માનવઅર્થશાસ્ત્રનો પાયો નીતિશાસ્ત્ર (Ethics) આધારિત છે. વૈશ્વિક સમસ્યાઓ પૈકી ગરીબીની સમસ્યા અંગે વિકાસના અર્થશાસ્ત્રમાં નોંધપાત્ર ખેડાણ થયું છે. ગરીબીને એકાંગી નહિ પણ બહુઆયામી પરિબળો, સાધન (inputs), સિદ્ધિ (Output) માપનના સ્થાને પ્રભાવ (outcomes) કેન્દ્રિત આધારિત છે. અલ્પ ક્ષમતાઓ, વંચિતતા, બાળગરીબી, માનવગરીબી, બહુસ્તરીય ગરીબી વગેરે આર્થિક-સામાજિક ન્યાયના આધારે ગરીબીને તપાસે છે. પ્રસ્તુત લેખ મુખ્યધારાના ગરીબીના માપન અભિગમની સમીક્ષા સાથે ગરીબીની વિભાવનામાં આવેલ પરિવર્તનની પ્રક્રિયા  તપાસે છે અને માનવઅર્થશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં ગરીબીના વિવિધ અભિગમો ચર્ચે છે. સમગ્ર પૃથક્કરણના આધારે કહી શકે કે, ગરીબી એકાંગી, નાણાકીય બાબત નથી પરંતુ મનુષ્યના આત્મગૌરવ, આર્થિક-સામાજિક ન્યાય અને સુખાકારી પ્રાપ્તિની ક્ષમતા જેવાં માનવ મૂલ્યો અને નીતિ જેવા મૂલ્યોનો સ્વીકાર થઈ રહ્યો છે.

**પ્રસ્તાવના :**

વિશ્વબૅંક 1990થી વિશ્વના દેશોની ગરીબીને આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા વડે માપે છે. વિશ્વબૅંકના મતે, 1985ના વર્ષના સંદર્ભે સમખરીદશક્તિ આધારિત આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા 1 ડૉલર હતી એટલે વિશ્વનો કોઈ પણ નાગરિક દૈનિક 1 ડૉલર જેટલો ખર્ચ ન કરી શકે તેને તીવ્ર ગરીબ કહેવાયા. વર્ષ 2017ના સંદર્ભે તીવ્ર ગરીબીરેખા 2.15 ડૉલર કરી છે. (World Bank) એટલે કે આ બજાર ગરીબી છે. વિશ્વબૅંક (2022)ના આંતરરાષ્ટ્રીય ગરીબીના માપનના અંદાજ મુજબ વિશ્વમાં 685 મિલિયન વસતિ તીવ્ર ગરીબીમાં જીવે છે. ગરીબોમાં સહુથી વધારે ગરીબો દક્ષિણ એશિયા અને આફ્રિકાના દેશોમાં છે. સંયુક્ત રાષ્ટ્રના સંપોષિત વિકાસ ધ્યેયોમાં પ્રથમ ધ્યેય વૈશ્વિક તીવ્ર ગરીબોમાં ઘટાડો કરવાનો છે. સંયુક્ત રાષ્ટ્રે તેના સભ્ય દેશોને 2030 સુધીમાં વૈશ્વિક તીવ્ર ગરીબી (આંતરરાષ્ટ્રીય ગરીબીના માપદંડ અનુસાર) ત્રણ ટકાએ ઘટાડવાનો લક્ષ્યાંક આપેલ છે.  આ સંદર્ભે સંયુક્ત રાષ્ટ્ર (2023) જણાવે છે કે, '2030 સુધીમાં સર્વત્ર તમામ લોકો માટે તીવ્ર ગરીબી નાબૂદ કરવી એ ટકાઉ વિકાસ માટે 2030નું મુખ્ય લક્ષણ છે.' સંયુક્ત રાષ્ટ્રનો સંપોષિત વિકાસનો બીજો લક્ષ્યાંક વૈશ્વિક ભૂખમરાની નાબૂદીનો છે. વૈશ્વિક સ્તરે એ સ્વીકારવામાં આવ્યું છે કે,ગરીબી, ભૂખમરો અગ્રતા ધરાવતી સમસ્યાઓ છે.** સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ બૅંક 'બજાર ગરીબી'ના સંદર્ભે ગરીબોની સંખ્યા માટે છે, જે મુખ્યધારા

* પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૯. ઈમેઇલ -

સાભાર : પ્રસ્તુત લેખ Poverty less Society : The Humanistic Approach in the 21st Century (Laxman, M, 2022), Gujarat Vidhyapith, Rawat Publicationsને આધારિત છે.

** વધુ વિગત માટે જુઓ સંયુક્ત રાષ્ટ્ર સંપોષિત વિકાસ ધ્યેયો : https://www.undp.org/sustainable-development-goals

+ પ્રસ્તુત લેખમાં માર્ગદર્શન આપનાર ડૉ. વિદ્યુતભાઈ જોષીનો હૃદયપૂર્વક આભાર માનું છું.

અથવા નવશિષ્ટ અર્થશાસ્ત્રની પદ્ધતિને અનુસરે છે.

નવશિષ્ટ અર્થશાસ્ત્ર (Neoclassical Economics)ની માનવ અને આર્થિક સંસ્થાઓની વર્તનની ધારણામાં ન્યૂનતમ ખર્ચ અને મહત્તમ લાભવૃત્તિ આધારિત મહત્તમ તુષ્ટિગુણ અંગેની છે. તેઓ માનવવર્તનની ધારણાના આધારે રચાયેલા આર્થિક જગત/બજાર-અર્થતંત્રને વસ્તુલક્ષી (ભૌતિક) અને વ્યક્તિલક્ષી સુખાકારી(લાભ-ખર્ચ)નું અંતિમ ધ્યેય માને છે. આર્થિક માનવ પોતાના સ્વહિત માટે જે આર્થિક નિર્ણયો લેશે તેમાં આર્થિક લાભ કેન્દ્રમાં હશે, સ્પર્ધાત્મક બજાર વ્યવસ્થા આર્થિક પ્રતિભાગીઓ સ્વ-લાભ આધારિત પસંદગીઓ અને નિર્ણય વડે તેઓની ભૌતિક સુખાકારી વધારશે જેથી વ્યક્તિગત અને સામાજિક સુખાકારીમાં પણ વધારો થશે. નવશિષ્ટ અર્થશાસ્ત્રની મહત્ત્વની લાક્ષણિકતાઓ આ મુજબ છે.

- માનવ આર્થિક વર્તન સ્વ-હિત પ્રેરિત હોય છે એટલે કે આર્થિક માનવ છે.
- ન્યૂનતમ ખર્ચ અને મહત્તમ લાભ તેનો અંતિમ આદર્શ હોય છે.
- સુખ-તુષ્ટિગુણને ભૌતિક જથ્થો અને નાણાકીય મૂલ્યમાં માપવામાં આવે છે.
- વ્યક્તિગત સુખાકારી વધશે તો સામાજિક સુખાકારી પણ વધશે.
- મનુષ્યનું અંતિમ ધ્યેય ભૌતિક સુખાકારી પ્રાપ્તિનું છે.
- આ સુખાકારી માટે બજારતંત્ર વ્યવસ્થા આદર્શ વ્યવસ્થા છે.
- ટૂંક ગાળામાં ઉત્પાદનનાં સાધનો, ઉત્પાદિત બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે અસંતુલન કામચલાઉ હશે, લાંબા ગાળે અર્થતંત્રમાં ઈષ્ટતમ સમતુલા પ્રાપ્ત થશે.

જોકે, આદર્શ બજારવ્યવસ્થા કે વ્યક્તિગત અને સામાજિક કલ્યાણ વચ્ચે વાસ્તવિક જગતમાં મોટો તફાવત જણાય છે. સુધારવાદી અર્થશાસ્ત્ર માત્ર બજાર આર્થિક સંસ્થા અને વ્યક્તિલક્ષી ભૌતિક સુખાકારીની ધારણાનો અસ્વીકાર કરે છે. બજારવ્યવસ્થામાં સંપત્તિ, સાધન, આવક સ્રોતો ન ધરાવનારાઓને વપરાશથી વંચિત રાખવામાં આવે છે. આથી તીવ્ર આર્થિક અસમાનતા, સંસાધનહીનોમાં વધારો થતો રહે છે, જેનો ખુદ બજારતંત્ર પાસે ઉકેલ, પેટાવ્યવસ્થા નથી. જો બજારતંત્ર સ્વયં પોતાની મર્યાદાઓ ખાળી શક્યું હોય તેવાં પ્રમાણો પણ મળતા નથી. અમર્ત્ય સેન (2004) જણાવે છે કે, બજાર આધારિત અર્થતંત્રમાં ગરીબી જેવા સામાજિક પ્રશ્નની ઉપેક્ષા કરવામાં આવી છે. કાર્લ માર્ક્સ (1859), જોસેફ શુમાખર (1973), જોન ગાલબ્રેથ (1958), મહેબૂબ ઉલ હક્ક (1991), જોન સ્ટીગલિઝ (2003), અમર્ત્ય સેન (1999), થોમસ પીકેટી (2014), માઈકલ સેન્ડલ (2012) કે જેઓએ મુખ્યધારા કે નવશિષ્ટ અર્થશાસ્ત્રપ્રેરિત બજારતંત્ર, માનવ વર્તણૂક અંગેની ધારણામાં રહેલ સ્વ-કેન્દ્રિત હિત આધારિત આર્થિક માનવની ધારણા, સુખ-કલ્યાણનાં માપનની એકાંગી અને ભૌતિક પદ્ધતિનો અસ્વીકાર કરે છે. તેઓના મતે, ગરીબી એ માત્ર પ્રાથમિક જરૂરિયાતો પાછળ ખર્ચની અસમક્ષતા માત્ર નથી, પરંતુ તે માનવીને અનુભવાતી આર્થિક-સામાજિક અસમક્ષતા, વંચિતતા અને માનવગૌરવની રુગ્ણ સ્થિતિ સૂચવે છે. વાસ્તવિક જગતમાં વૈશ્વિક સ્તરે આર્થિક વિકાસ, શાંતિ અને ખુશહાલી ત્યારે જ સ્થાપિત થઈ શકે જ્યારે સામૂહિક કલ્યાણની સ્થાપના થાય એટલે કે આર્થિક ન્યાયના મૂલ્યને અર્થશાસ્ત્ર સાથે જોડવામાં આવે. સુધારવાદી અર્થશાસ્ત્રના મતે ગરીબી કોઈ પણ રાષ્ટ્રની સંસ્થાકીય, આર્થિક-રાજકીય પ્રક્રિયાઓમાંથી નિષ્પન્ન થતી ઘટના છે, આથી ગરીબીના માપનનો એકાંગી અભિગમ ગરીબીનું માપ અને ગરીબો અંગે સાચું ચિત્ર રજૂ કરતો નથી. સુધારવાદી અર્થશાસ્ત્રની વિવિધ પ્રશાખાઓમાં માનવઅર્થશાસ્ત્ર (Humanistic Economics)નો સમાવેશ થાય છે. માનવઅર્થશાસ્ત્ર મુખ્યધારા અથવા નવશિષ્ટ અર્થશાસ્ત્રની ધારણાઓ ઉપર પ્રહાર કરે છે, ગરીબીના માપન અંગેના નાણાકીય માપદંડની સમીક્ષા સાથે માનવ ગરીબી આંક (UN, 1997), બહુસ્તરીય ગરીબી આંક (MPI, 2010),

બાળગરીબી આંક (OECD, 2010) વગેરે માપો સાધન (Input) સિદ્ધિ (Output)ના સ્થાને પ્રભાવ (Outcomes) આધારે વ્યક્તિની સન્માનપૂર્ણ જીવન માટેની પ્રાપ્તિની વંચિતતા દ્વારા ગરીબીને માપે છે.

વૈશ્વિક સ્તરે ગરીબીની વિભાવનામાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવી રહ્યાં છે, જે સૂચવે છે કે, ગરીબી એ વ્યક્તિગત, સામૂહિક કે રાષ્ટ્રનો પ્રશ્ન નથી પરંતુ વૈશ્વિક સમસ્યા છે જેનો ઉકેલ નવશિષ્ટ અર્થશાસ્ત્ર પાસે નથી. પ્રસ્તુત લેખ માનવઅર્થશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં ગરીબીને તપાસે છે જેમાં અર્થઘટન અભિગમ (Linterpretive Approach)નો આધાર લેવાયો છે, લેખમાં ગરીબી અંગે મુખ્યધારાના અભિગમની સમીક્ષા કરીને ગરીબીના માપન પરિમાણોમાં આવેલ ફેરફારોને તપાસેલ છે, તેમજ માનવઅર્થશાસ્ત્રનો ગરીબી અંગેનો અભિગમ તપાસે છે. સમગ્ર લેખને છ વિભાગમાં વહેંચેલ છે. બીજા વિભાગમાં નવશિષ્ટ અર્થશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્રની વાસ્તવિક જગતમાં જોવા મળતી મર્યાદાઓ તપાસી છે. ત્રીજા વિભાગમાં માનવઅર્થશાસ્ત્રનો પરિચય જ્યારે ચોથા વિભાગમાં ગરીબીની વિભાવનામાં આવેલ ફેરફારોને તપાસ્યા છે, પાંચમા વિભાગમાં ગરીબી અંગે માનવ અર્થશાસ્ત્ર અને મુખ્યધારાના અર્થશાસ્ત્રના અભિગમની તુલના કરી છે અંતિમ વિભાગમાં ઉપસંહાર છે.

**નવશિષ્ટ અર્થશાસ્ત્ર : પદ્ધતિશાસ્ત્રની મર્યાદાઓ :**

શિષ્ટ (Classical), નવશિષ્ટ (Neo-Classical), નવઅર્થશાસ્ત્ર (New Economics) વિચારશાખાઓને મુખ્યધારાના અર્થશાસ્ત્ર (Mainstream Economics) તરીકે ઓળખવામાં આવે છે (Dequech, 2007), તેઓ આર્થિક જગત અંગે ચોક્કસ ધારણાઓ કરે છે, અને તે ધારાધોરણોના આધારે આર્થિક પ્રવૃત્તિ-ઘટનાઓનું વિશ્લેષણ અને આગાહી કરે છે. તેમની મુખ્ય ધારણા આર્થિક માનવ (homo economicus) અંગેની છે. તેમના મતે આર્થિક માનવ સ્વહિત સાધવા તાર્કિક આર્થિક નિર્ણયો લઈને મહત્તમ ભૌતિક સુખ મેળવે છે અને બીજી ધારણા સ્પર્ધા આધારિત બજારવ્યવસ્થા અંગેની છે, બજારવ્યવસ્થામાં દરેક તર્કબદ્ધ પ્રતિભાગી (પેઢી, ગ્રાહક) તુષ્ટિગુણ (લાભ-ખર્ચ) આધારિત પસંદગી, નિર્ણયો લેશે જે અંતે વ્યક્તિ અને સમાજની ભૌતિક સુખાકારી વધારશે (Zaman, 2019).

આલ્ફ્રેડ માર્શલ સ્થાપિત નવશિષ્ટ (Neo classical Economics)ના પદ્ધતિશાસ્ત્રે વ્યક્તિકેન્દ્રિત તાર્કિકતા આધારિત બજારકેન્દ્રિત મૂડીવાદી અર્થવ્યવસ્થાની વિભાવનાને વ્યાપક બનાવીને માનવના વર્તનને બજારપ્રેરિત એકમ ધારીને વ્યક્તિમાં રહેલ બિનઆર્થિક પાસાંઓ અને સામાજિક પરિબળોની ઉપેક્ષા કરી. આથી ગરીબીને બજારકેન્દ્રિત ગ્રાહકની ખરીદીની નાણાકીય અસક્ષમતા વડે માપવામાં આવી, તેમજ ગરીબીને વ્યક્તિગત, ટૂંકા ગાળાની સમસ્યા તરીકે ધારવામાં આવી. પરિણામે, વિશ્વમાં ભૌતિક સમૃદ્ધિની સમાંતર આર્થિક અસમાનતા અને ગરીબીના પ્રશ્નો એટલા જ ગંભીર બની રહ્યા છે. આથી જ, મુખ્યધારાના અર્થશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્ર સામે વિવિધ સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે. મુખ્યધારાના અર્થશાસ્ત્રમાં અત્યંત પ્રભાવી નવશિષ્ટ અર્થશાસ્ત્રની કેટલીક મર્યાદાઓ આ મુજબની છે.

- નવશિષ્ટ અર્થશાસ્ત્રે આર્થિક માનવી અને આર્થિક સંસ્થાઓની વ્યવસ્થાને કેન્દ્રમાં રાખીને સાર્વત્રિક સમતુલાનો સિદ્ધાંત રજૂ કર્યો, જેનો મૂળ આધાર મુખ્યત્વે આ બાબતો ઉપર ટકેલો છે જેમ કે, માત્ર આર્થિક પરિપ્રેક્ષ્ય, માનવીની આર્થિક તર્કબદ્ધતા, બજારની એકમ અને સમષ્ટિ સમતુલા, ઇષ્ટતમ ઉત્પાદન-ઇષ્ટતમ કલ્યાણ, સ્થૈતિક આર્થિક સંદર્ભ (આપેલ ચોક્કસ સમયની આર્થિક ગતિવિધિનું વિશ્લેષણ) અને બજારતંત્ર આધારિત મૂડીવાદી વિચારધારાને સમર્થન આપે છે અને આદર્શ માને છે.
- Guerrien (2004) અનુસાર, મુખ્યધારાનું અર્થશાસ્ત્ર નિષ્ફળતા અને સંઘર્ષથી બચવા 'બજાર વ્યવસ્થા'ની કાર્યક્ષમતાને આગળ ધરે છે. મુખ્યધારાનું અર્થશાસ્ત્ર સમગ્ર ઉત્પાદન ક્ષેત્રના એકમોને મુક્ત

વ્યવસ્થા દ્વારા મહત્તમ ઉત્પાદન કેવી રીતે કરી શકે છે તેના ઉપર વિશેષ ભાર મૂકે છે, પરંતુ તેની બાહ્ય અસરો જેમ કે, ઉત્પાદન, વહેંચણી અને વપરાશની પ્રવૃત્તિ દ્વારા આર્થિક અસમાનતા અને ગરીબીના પ્રશ્ન અંગે મૌન છે. નવશિષ્ટ અર્થશાસ્ત્ર વાસ્તવિક ઘટનાનું આંકડાકીય અને ગાણિતિક વિશ્લેષણ કરે છે જેમાં માનવસંસ્થાઓ, ઘટનાઓ, પરિબળોની નોંધ લેવાતી નથી. આ એકાંગી આર્થિક અભ્યાસ માત્ર અભ્યાસ સંબંધિત આગાહી કરે તે સર્વમાન્ય અને સર્વસ્વીકાર્ય બની શકતો નથી. (Brockway, 2001).

- નવશિષ્ટ કે મુખ્યધારાનું અર્થશાસ્ત્ર પસંદગી (Choice)નું શાસ્ત્ર છે, ઇચ્છા(needs)ઓનું શાસ્ત્ર નથી (Kartwright, 2011). નવશિષ્ટ અર્થશાસ્ત્ર આધારિત ગરીબીના માપનના વસ્તુલક્ષી અભિગમની ટીકા થાય છે (Sen, 1976, 1999; World Bank, 1990; OECD, 2001; Alkire & Santos, 2010; Alkire & Foster, 2011; UNDP, 2010).
- નવશિષ્ટ અર્થશાસ્ત્ર આર્થિક સંદર્ભે વર્ગીય વિભાવના દ્વારા સમાજને વિભાજિત કરે છે. મૂડીપતિ, જમીનદાર, નિયોજક અને શ્રમિક. આ ચારેય આર્થિક એકમો બજારમાં વધુ લાભ મળે તે આધારિત પસંદગીની વર્તણૂક કરે છે. જો શ્રમિકને રોજગારી નથી મળતી તો બજારમાં મંદી અથવા નરમાઈ છે. પણ રોજગારી ન મળવાથી તેની ગરીબી, ભૂખમરો, કુપોષણ વધે છે, તે અંગે બજાર તટસ્થ છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રે મૂડીવાદી વિચારધારા કેન્દ્રિત બજારવ્યવસ્થા આધારિત ભૌતિક વિકાસનો માપદંડ ઊભો કર્યો, જે રાષ્ટ્રીય આવક, વપરાશ અને મૂડીરોકાણ કેન્દ્રિત છે, પરંતુ આર્થિક અસમાનતા અને ગરીબી અંગે ઉકેલ આપી શક્યું નથી (Zaman, 2019, Piketty, 2014).
- નવશિષ્ટ અર્થશાસ્ત્રમાં કાર્યક્ષમતા અને ઇષ્ટતમના ખ્યાલો પ્રચલિત છે. તેના સમર્થનમાં આર્થિક માનવ તાર્કિક માનવ જે (તેણી/તે) તકવાદી (optimising) અને સમાજથી સ્વતંત્ર (atomistic) છે, તેમ ધારવામાં આવ્યું. પરિણામે આર્થિક માનવી વ્યક્તિગત ઇચ્છા-હિત સંતોષવા બજારમાં વધુ તુષ્ટિગુણ પ્રાપ્ત થાય તે રીતે નિર્ણયો લે છે. અહીં તેનું સમાજ સાથેનું અનુંબધ, પ્રભાવ કે માનસિક સ્થિતિ કે મૂલ્યો અને નીતિની ઉપેક્ષા કરી છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રએ શિષ્ટ અર્થશાસ્ત્રના નીતિશાસ્ત્રને અર્થશાસ્ત્રમાંથી સંપૂર્ણ બાકાત કરી દીધું છે. (Peil & Staveren, 2009; Sharma, 2007).
- મુખ્યધારાના અર્થશાસ્ત્રમાં નવશિષ્ટ અર્થશાસ્ત્ર ચોક્કસ ધારણા આધારિત પદ્ધતિશાસ્ત્ર મુખ્યત્વે વાસ્તવવાદી, આંકડાકીય અને ગણિતીય મૉડેલો આધારિત વિશ્લેષણ પદ્ધતિને અનુસરે છે, જે માનવવર્તન, આર્થિક ઘટનાઓના સંબંધો અને સંભાવના રજૂ કરે છે, જે ખરું ચિત્ર રજૂ કરતું નથી (Lawson, 2014).
- ઝમન (Zaman, 2019) નવશિષ્ટ અર્થશાસ્ત્રના વૈચારિક મૂળની પૃષ્ઠિભૂમિના સંદર્ભમાં સમીક્ષા કરે છે. તેમના મતે :

  યુરોપમાં થયેલ જ્ઞાનસર્જને સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું, મુખ્યધારાના અર્થશાસ્ત્રે મુખ્યત્વે યુરોપના ધનિક રાષ્ટ્રોના આર્થિક અનુભવોના આધારે વિશ્વનાં અન્ય રાષ્ટ્રોના ભૌતિક, સામાજિક અને સાંસ્કૃતિક ભિન્નતાનું સરળીકરણ કરીને યુરોપ કેન્દ્રિત અનુભવો આધારિત સૈદ્ધાંતિક માળખાની ધારણા હેઠળ આર્થિક પ્રશ્નોના ઉકેલો આપીને યુરોપ કેન્દ્રિત અર્થશાસ્ત્ર અન્ય રાષ્ટ્રો ઉપર હાવી થઈ ગયું છે. આ શાસ્ત્રમાં બિનઆર્થિક પરિબળો જેવાં કે સામાજિક વ્યવસ્થા, સામાજિક સંગઠનો, ઇતિહાસ, નાગરિક સમાજ, સંગઠનોના પ્રવાહ અને તે આધારિત આર્થિક વર્તણૂકનો સમાવેશ કરતું નથી. ભૌતિક સંદર્ભે કાર્યક્ષમતા અને સામાજિક કલ્યાણના પરિપ્રેક્ષ્યમાં સમતુલાઓ દ્વારા ઇષ્ટતમ કલ્યાણની સ્થિતિની

સૈદ્ધાંતિક કલ્પના કરે છે, પરંતુ વાસ્તવિક ઐતિહાસિક, સામાજિક અને આર્થિક પ્રશ્નોની ઉપેક્ષા કરે છે. સ્થૈતિક સંદર્ભે ઉત્પાદન અને તેની વહેંચણીની ચર્ચા કરે છે જ્યારે આર્થિક અસમાનતા, ગુલામ સમાજ, આર્થિક ભેદભાવ, સાંસ્કૃતિક, સામાજિક-આર્થિક વંચિતતા, આર્થિક પ્રભુત્વ, આર્થિક શોષણના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય, આર્થિક ન્યાય, સમાનતા અને નૈતિકતા વગેરેનો તેમાં સમાવેશ થતો નથી. આમ, મુખ્યધારાના અર્થશાસ્ત્રમાં વાસ્તવવાદી (positivism) અભિગમ મુખ્ય બનાવો જ્યારે આદર્શવાદી (normative) અભિગમની ઉપેક્ષા થઈ છે.

મુખ્યધારાના અર્થશાસ્ત્રના પ્રતિવિચાર રૂપે સુધારવાદી અર્થશાસ્ત્ર(Heterodox Economics)નો ઉદ્ભવ અને વિવિધ વિચારશાખાઓ જેમ કે માર્ક્સનું અર્થશાસ્ત્ર, સંસ્થાકીય અર્થશાસ્ત્ર, પર્યાવરણીય અર્થશાસ્ત્ર, કુદરતી સંસાધનોનું અર્થશાસ્ત્ર, નારી અર્થશાસ્ત્ર, વર્તનનું અર્થશાસ્ત્ર, સામાજિક અર્થશાસ્ત્ર, માનવઅર્થશાસ્ત્ર વગેરે વિકસ્યા છે. સુધારવાદી અર્થશાસ્ત્રની ભિન્ન વિચારશાખાઓ બજાર આધારિત મૂડીવાદી વ્યવસ્થાના વિકલ્પો રજૂ કરે છે, જેનો મુખ્ય હેતુ માનવ અને બાહ્ય જગત માટે ન્યાયી વ્યવસ્થાની રચના કરવાની છે.

સુધારવાદી અર્થશાસ્ત્ર બજારકેન્દ્રિત આર્થિક પરિપ્રેક્ષ્યને ઐતિહાસિક, સામાજિક, સંસ્થાકીય, લૈંગિક, મનોવૈજ્ઞાનિક, સંસ્થાકીય, નીતિશાસ્ત્ર અને ન્યાયના જેવા પરિમાણો દ્વારા ગરીબીની તપાસ કરે છે તેમજ સ્વીકારવામાં આવી રહ્યું છે કે, વિશ્વના દેશોમાં પ્રવર્તમાન ગરીબીના પ્રશ્નનો ઉકેલ મુખ્યધારાના આર્થિક સિદ્ધાંતોના બદલે વૈકલ્પિક આર્થિક વિચારશાખાઓ પાસેથી મળી શકશે. સુધારવાદી અર્થશાસ્ત્રની શાખા તરીકે માનવઅર્થશાસ્ત્ર (Humanistic Economics) વિચારશાખા 1980 બાદ વિકાસ પામી છે. તેના મતે અર્થશાસ્ત્રમાં નીતિશાસ્ત્રને જોડીને ગરીબીનો પ્રશ્ન હલ કરી શકાશે, કારણ કે મનુષ્ય માત્ર આર્થિક એકમ નથી, તેની સાથે પ્રત્યક્ષ પરોક્ષ રીતે જોડાયેલ નૈતિક મૂલ્યવ્યવસ્થાઓ તેના આર્થિક વર્તનને પ્રભાવિત કરે છે. આથી આર્થિક માનવની કૃત્રિમ ધારણા આધારિત આર્થિક સંસ્થાઓ ન્યાયનાં પાસાંઓની પરવાહ કરતી નથી.

**3. માનવઅર્થશાસ્ત્ર : પરિચય :**

એડમ સ્મિથથી લઈને જ્હોન મેનાર્ડ કેઇન્સ સુધી અર્થશાસ્ત્રને નૈતિક વિજ્ઞાન તરીકે વ્યાપકપણે સ્વીકારવામાં આવતું હતું. સ્મિથ ગ્લાસગોમાં નૈતિક ફિલૉસૉફીના પ્રાધ્યાપક હતા જ્યારે કેઇન્સે તેમના સમગ્ર કાર્ય દરમિયાન અર્થશાસ્ત્રને નૈતિક વિજ્ઞાન તરીકે સ્પષ્ટપણે માન્યતા આપી હતી. જોકે, વીસમી સદી દરમિયાન, નવશિષ્ટ અર્થશાસ્ત્રના પ્રભાવે અર્થશાસ્ત્રમાં રહેલ નૈતિકશાસ્ત્ર હાંસિયામાં ધકેલી દીધું (Staveren & Peil, 2009).

માનવઅર્થશાસ્ત્રનાં મૂળ માનવવાદ (humanism) સાથે જોડાયેલા છે. ચૌદમીથી સોળમી સદીમાં યુરોપમાં થયેલ પુનઃજાગરણની બૌદ્ધિક ચળવળે માનવવાદનું મૂલ્ય સ્થાપિત કર્યું (LLutz, 2009). યુરોપમાં પ્રસરેલી ધાર્મિક-રાજકીય ક્રાંતિએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવાં માનવમૂલ્યોના આધારે રાજાશાહી અને ધાર્મિક વ્યવસ્થાની પકડમાંથી વ્યક્તિને સ્વતંત્ર કરી માનવમૂલ્યો રજૂ કર્યા. માનવઅર્થશાસ્ત્રના મૂળ માનવવાદ (hymanism)માં નિહિત છે. માનવવાદ મનુષ્યમાં રહેલ બુદ્ધિ અને નૈતિકતાને પરસ્પર સાંકળી આદર્શ મનુષ્યની કલ્પના કરે છે, માનવવાદીઓના મતે, વ્યક્તિમાં રહેલી નૈતિકતા બુદ્ધિનિષ્ઠા દ્વારા પ્રેરિત થાય છે. આથી નૈતિક બનવા માટે વ્યક્તિએ માત્ર માનવ બનવાની જરૂર ઉપર ભાર મૂકે છે. માનવવાદમાં સ્વાતંત્ર્ય, જ્ઞાન સત્ય એ આધારભૂત મૂલ્યો છે. નવમાનવવાદ માને છે કે બુદ્ધિનિષ્ઠ અને નૈતિક સમાજ રચી શકાય છે. કારણ કે માનવી પ્રકૃતિથી જ બુદ્ધિનિષ્ઠ છે તેથી કોઈ દબાણ હેઠળ નહિ પરંતુ સ્વૈચ્છાએ તે નૈતિક બની શકે છે. કારણ કે નૈતિકતા એ માનવપ્રકૃતિમાં જ નિહિત છે (Parikh, 1990).

માનવઅર્થશાસ્ત્રનાં મૂળ એડમ સ્મિથ(1959)ના પુસ્તક The Theory of Moral Sentimentમાં જોવા

મળે છે. એડમ સ્મિથે 1776માં વિશ્વનાં રાષ્ટ્રોની સંપત્તિસર્જનનો અભ્યાસ કરતાં An Inquiry into the Cases of the Wealth of Nations પુસ્તકમાં રાષ્ટ્ર કેવી રીતે સંપત્તિવાન બને તેને અસર કરતાં વિવિધ પરિબળો અને આર્થિક વ્યવસ્થા સૂચવી, વ્યક્તિગત સ્વહિત, મુક્તઅર્થતંત્ર, બજાર, ઉત્પાદનનાં સાધનો, શ્રમવિભાજન, શ્રમવિશેષીકરણ અને રાજ્ય અલ્પ હસ્તક્ષેપની ભલામણ કરી. જોકે તે પહેલાં 1759માં 'The 'Theory of Moral Sentiment' પુસ્તકમાં તેઓ નોંધે છે કે, મનુષ્ય ફક્ત સ્વહિત દ્વારા પ્રેરિત નથી થતાં, અન્ય લોકો સાથે કુદરતી સહાનુભૂતિ અનુભવે છે, તેમ જ સદ્‌ગુણની કુદરતી ભાવના ધરાવે છે (Cartwright, 2011). તેઓના મતે, સહાનુભૂતિ પરસ્પર માનવીય ક્રિયા-પ્રતિક્રિયામાં વ્યક્ત થાય છે અને તેમાં લાગણીઓનો સમાવેશ થાય છે. તેઓ એ બાબતે સ્પષ્ટ હતા કે, ન્યાય માટેની નિયમ વ્યવસ્થા માત્ર વ્યક્તિનાં નૈતિક વર્તનને માટે જ નહિ પરંતુ રાષ્ટ્રની સુખાકારી માટે એટલી જ મહત્ત્વની છે (Smith, 1759).

માનવઅર્થશાસ્ત્રમાં એડમસ્મિથ બાદ મહત્ત્વપૂર્ણ યોગદાન ફ્રેંચ અર્થશાસ્ત્રી સિસમોનડે ડે સિસમોન્ડીએ આપ્યું (1773-1842) છે, તેમણે 'New Principles of Political Economy' (1819) પુસ્તકમાં શિષ્ટ અર્થશાસ્ત્રની ટીકા કરીને સ્પષ્ટ કર્યું કે, અર્થશાસ્ત્ર માત્ર સંપત્તિના સર્જન ઉપર વિશેષ ભાર મૂકે છે, જ્યારે ખુશહાલીની ઉપેક્ષા કરે છે. સંપત્તિ માનવસુખાકારી માટે ઉપયોગી છે, પરંતુ એનાથી વિશેષ મહત્ત્વ માનવ ખુશહાલી છે. ઓગણીસમી સદી નવશિષ્ટ અર્થશાસ્ત્રનો વિકાસનો તબક્કો હતો, 1902માં કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય, લંડનમાં આલ્ફ્રેડ માર્શલે વિધિવત્ અર્થશાસ્ત્ર વિભાગ શરૂ કર્યો, આ પહેલાં અર્થશાસ્ત્ર ઈતિહાસ અને નીતિશાસ્ત્રનો ભાગ હતું જે લુપ્ત થયું (Sharma, 2007). માર્શલપ્રેરિત નવશિષ્ટ અર્થશાસ્ત્રે વિશ્વના વિશ્વવિદ્યાલયોના અર્થશાસ્ત્ર વિભાગોમાં મુખ્ય સ્થાન મેળવી લીધું, તેનો પ્રભાવ લાંબો ન ચાલ્યો, નવશિષ્ટ અર્થશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્ર સામે પ્રશ્નો ઉપસ્થિત થયા.

એડમ સ્મિથ (1723-1790), જ્હોન સ્ટુઅર્ટ મિલ (1806-1873), જ્હોન રસ્કિન (1819-1900), જોન એટકિન્સન હૉબ્સન (1858-1940), ટાવની રિચાર્ડ હેન્રી (1880-1962), શુમાખર (1911-1977), અને મહાત્મા ગાંધી (1869-1948) માનવઅર્થશાસ્ત્રના પ્રણેતા છે (Lutz and Lux, 1979). આ વિચારકોએ મુખ્યધારાનાં અર્થશાસ્ત્ર સામે પ્રશ્નો ઉપસ્થિત કરીને બજારવ્યવસ્થાના વૈકલ્પિક અભિગમ રજૂ કર્યા. આ ઉપરાંત મુખ્યધારાના અર્થશાસ્ત્રના વ્યક્તિવાદ, એકાંગી કલ્યાણના અભિગમ સામે સામાજિક કલ્યાણ, આર્થિક અને રાજકીય સંસ્થાઓમાં ન્યાયનાં મૂલ્યો સ્થાપિત કરનારા ભીમરાવ આંબેડકર, જોન ગાલબ્રેથ, મહેબૂબ ઉલ હક્ક, અમર્ત્ય સેન, હરમન ડેલી, થોમસ પીકેટી, જોન સ્ટીગલિઝ અને માઇકલ સેન્ડીલનો સમાવેશ કરી શકાય, જેઓએ મુખ્યધારાના અર્થશાસ્ત્રના મૂલ્યનિરપેક્ષ અભિગમન સ્થાને નીતિશાસ્ત્ર અને ન્યાય માટે સંસ્થાકીય વ્યવસ્થા ઉપર ભાર આપીને સામૂહિક માનવશ્રેયને સ્થાનિક કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

માનવઅર્થશાસ્ત્ર (Humanistic Economics)ના વિકાસમાં માનવમનોવિજ્ઞાન અને બુદ્ધ અર્થશાસ્ત્રનો પ્રભાવ છે (Schumacher, 1973). માનવઅર્થશાસ્ત્ર, માનવવર્તનની ધારણામાં આર્થિક પ્રતિભાગી(economic agent)ના સ્વ-હિત આધારિત તર્કબદ્ધ આર્થિક વર્તણૂકના સ્થાને નૈતિક (Ethics) અને પ્રેરણા(Motivation)ઓને અનુસરતા સહાનુભૂતિયુક્ત અને જવાબદાર માનવીની ધારણા કરે છે. બ્રોકવે પોતાના પુસ્તક 'The End of Economics Man' (Brockway, 2001) માં મુખ્યધારાના અર્થશાસ્ત્રની સમીક્ષા કરતાં નોંધે છે કે, માનવઅર્થશાસ્ત્ર એ માનવજીવના નૈતિક (યોગ્ય) આચરણને ધ્યાનમાં રાખીને અર્થશાસ્ત્રનો એક 'નૈતિક વિજ્ઞાન' તરીકે અભ્યાસ કરે છે. તેમના મતે, માનવઅર્થશાસ્ત્ર આર્થિક માનવની ધારણાના વિચારથી

અલગ પડે છે, વાસ્તવમાં આર્થિક માનવ (ઉત્પાદક, ગ્રાહક) મુક્ત અને જવાબદાર નથી. તે પોતાનો ભૌતિક લાભ અનુસાર આર્થિક વર્તણૂક કરે છે, તે સ્વાર્થનો અવતાર છે. તેનું કાર્ય કરવા માટે તેનું આર્થિક વર્તન આવું હોવું જ જોઈએ. અર્થશાસ્ત્રની મોટા ભાગની કહેવાતી ધારણાઓ તેના સતત સ્વ-હિત વર્તન આધારિત છે. જો 'આર્થિક માનવી'ની ધારણાને હટાવી લેવામાં આવશે તો પરિણામ અલગ આવશે.

માનવઅર્થશાસ્ત્ર તર્કસંગત સ્વાર્થપરાયણ માનવની ધારણાને પડકારે છે, મનોવૈજ્ઞાનિક અબ્રાહમ મૅસ્લોએ આર્થિક માનવીની ધારણાને પડકારીને જણાવ્યું કે, માનવી માત્ર આર્થિક ધ્યેયો, જરૂરિયાતોના આધારે જીવન સાફલ્ય અનુભવતો નથી, આર્થિક પ્રેરણા-જરૂરિયાત ઉપરાંત વ્યક્તિ સ્વયંનો અન્યો દ્વારા થતાં સ્વીકારભાવ, શ્રેષ્ઠતાની અનુભૂતિ જેવી પ્રેરણાઓ-જરૂરિયાતો દ્વારા જીવનની સંતુષ્ટિ મેળવે છે. તેમણે વ્યક્તિની જરૂરિયાતોને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરી જેમ કે, શારીરિક, સલામતી, પ્રેમ, સન્માન અને સ્વ-ઓળખ (Meslow, 1943, 394), મૅસ્લોએ સ્તરિત જરૂરિયાતના સિદ્ધાંત દ્વારા એ સ્પષ્ટ કર્યું કે, માનવીની સર્વાંગી જરૂરિયાતોમાં આર્થિક બાબત એક હિસ્સો છે, મનુષ્યની સમગ્ર જરૂરિયાતો કોટિક્રમ ધરાવે છે અને અંતિમ ધ્યેય સ્વ-ઓળખ/જાગૃતિ છે. તેના વડે જીવન સફલ્યના સ્તરે પહોંચે છે. મોસ્લોએ માનવની આર્થિક જરૂરિયાતોની સાથે મનોવૈજ્ઞાનિક, સામાજિક અને આધ્યાત્મિક પરિપ્રેક્ષ્ય સ્પષ્ટ કર્યું.

માનવની લાભ મહત્તમ કરવાની વ્યૂહરચના અનુસાર વર્તણૂક નિર્ધારિત હોતી નથી, પરંતુ તેનો રસ, જરૂરિયાતો (Need) અને ઇચ્છાઓ (Wants) બાહ્ય જગત સાથેના અનુભવો અને સંસર્ગ વડે આકાર પામે છે (Pirson, 2017). માનવઅર્થશાસ્ત્ર આર્થિક એકમોની માત્ર નાણાકીય કે ભૌતિક સંતોષ માટેની પ્રવૃત્તિઓના બદલે વ્યક્તિની કે સમગ્રસ્તરે ગુણાત્મક જીવન અને મૂલ્યો દ્વારા જીવનની ફળશ્રુતિ(શ્રેય)ને સાધ્ય માને છે, તેમજ આર્થિક એકમો વચ્ચેની હરીફાઈમાં ન્યાય અને મૂલ્યોને અનિવાર્ય માને છે, આથી બજાર જેવી સંસ્થાકીય વ્યવસ્થાને સ્થાને સામુદાયિક, સહકારી અને બિનવળતરની પ્રવૃત્તિઓ દ્વારા સંસાધન અને આવકની ન્યાયી વહેંચણીની ભૂમિકા સ્વીકારે છે. માનવઅર્થશાસ્ત્ર આર્થિક નૈતિકતા અને ન્યાયના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખે છે, મુખ્યધારાના અર્થશાસ્ત્રથી ભિન્ન પદ્ધતિશાસ્ત્ર દ્વારા આર્થિક પ્રશ્નોની તપાસ કરતું શાસ્ત્ર, જે શિષ્ટ, નવશિષ્ટ અર્થશાસ્ત્રની 'આર્થિક માનવ' અંગેની મૂળભૂત ધારણાઓનો અસ્વીકાર કરે છે.

માનવ અર્થશાસ્ત્ર બજારકેન્દ્રિત મૂડીવાદ અને રાજ્યની ઈજારાશાહી(સામ્યવાદ)ના વિકલ્પો ખોળે છે, બજારઆધારિત વ્યવસ્થાનું અતિક્રમણ મનુષ્ય સમાજનાં મૂલ્યો અને જીવનશૈલીને પ્રભાવિત કરીને પોતાની અનિવાર્યતાને સ્થાપિત કરે છે (Sandel, 2012). કાર્લ માર્ક્સે (1867) ઐતિહાસિક વિશ્લેષણે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં બજારઆધારિત વ્યવસ્થામાં શ્રમસાધનના શોષણની પદ્ધતિ શોધી કે મૂડીવાદી વ્યવસ્થામાં શ્રમનું શોષણ, શ્રમિકની કામ સાથેની વિછિન્નતા, વર્ગીય અસમાનતા, આર્થિક કેન્દ્રીકરણ, વ્યાપક બેરોજગારી અને ગરીબી ધરાવતી મૂડીવાદી સામે સામ્યવાદી આર્થિક વ્યવસ્થાનો વિકલ્પ આપ્યો (Wright, 2010). જ્યારે એન્ટીનો ગ્રામસી (સાંસ્કૃતિક પ્રભુત્વવાદના સિદ્ધાંત અન્વયે સામાજિક-રાજકીય પ્રભુત્વયુક્ત વ્યવસ્થામાં આર્થિક અસમાનતા, વૈચારિક પરાધિનતાની વ્યવસ્થા, સામાજિક-આર્થિક પ્રભુત્વ ધરાવતો કુલીનવર્ગ રાજકીય સાંઠગાંઠ કરીને કેવી રીતે સામાજિક આર્થિક અસમાનતાને બરકરાર રાખે છે તે સમજાવે છે (Cammentt, 1976). જોસેફ શુમાકર (1973) મૂડીવાદી વ્યવસ્થા સામે વૈકલ્પિક અર્થતંત્રની વિભાવના રજૂ કરે છે જ્યાં આર્થિક પ્રવૃત્તિઓ માનવકેન્દ્રિત હોય, અમર્ત્ય સેન બજારવ્યવસ્થામાં આર્થિક પસંદગીઓની તકો જેઓને ઉપલબ્ધ નથી તેવા ગરીબ/વંચિત સમુદાય માટે આર્થિક ન્યાય ઉપર ભાર મૂકીને આર્થિક નીતિમાં 'ન્યાય' અને 'નીતિ' જેવાં મૂલ્યોને જોડીને ન્યાયિક સામાજિક-રાજકીય અને આર્થિક સંસ્થાઓ

સ્થાપવાની તરફેણ કરે છે. માનવ અર્થશાસ્ત્ર વધુ ઉદાર અને ન્યાયી અર્થતંત્ર તરફ દોરી જશે, જેમાં લોકો પોતાના રોજિંદા જીવનમાં અનિશ્ચિતતા, તણાવ, સંઘર્ષ, કપટ અને ડરમાંથી રાહત મેળવશે, આ અર્થતંત્ર એ કલ્પના નહિ પરંતુ મહદ્અંશે પ્રાપ્ત કરી શકાય તેમ છે (Komios, 2021).

**4. ગરીબી માપનના વૈકલ્પિક અભિગમો :**

ગરીબીની વિભાવના અને માપનનો લાંબો ઇતિહાસ છે, શરીર શક્તિ માટેની ન્યૂનતમ જરૂરિયાત આધારિત નિરપેક્ષ ગરીબીની સહુપ્રથમ વિભાવના 20મી સદીની શરૂઆતમાં સિબોમ રૉટ્રીએ 1901માં આપી હતી (Rowntry, 1901). વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણથી, ગરીબી વિશે પ્રથમ અભ્યાસ સિબોમ રૉટ્રી દ્વારા 1901માં લંડનમાં યોર્ક શહેરના સંદર્ભે થયો. ટાઉનસેન્ડ (1979:31) અનુસાર, ગરીબીના પ્રારંભિક અભ્યાસોમાં, સિબોમ રૉટ્રીનું કાર્ય સૌથી મહત્ત્વપૂર્ણ છે, તેમણે 1899માં, બ્રિટનના યોર્ક શહેરમાં શ્રમજીવી પરિવારો વિશે વિગતવાર માહિતી એકત્રિત કરી, તેઓની આવક અને વપરાશી ખર્ચની વિગતોના આધારે 'પ્રાથમિક ગરીબો' તરીકે એવા પરિવારોને વ્યાખ્યાયિત કર્યા કે જેમની 'કુલ કમાણી તેઓની ભૌતિક કાર્યક્ષમતા જાળવવા માટે લઘુતમ આવશ્યકતાઓ મેળવવા માટે અપૂરતી છે' (Ajakaiye & Adeyeye, 2001).

આમ, તેમણે આપેલ 'પ્રાથમિક ગરીબી'નો અભિગમ સ્વીકારીને ગરીબીને શારીરિક ન્યૂનતમ ભૌતિક જરૂરિયાતોની બજાર ખરીદશક્તિની નિષ્ફળતા ગરીબી તરીકે ઓળખવામાં આવી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વબૅંક (1944), IMF (1945) અને સંયુક્ત રાષ્ટ્રસંઘ(1945)એ વિશ્વના દેશોના પડકારો માટે સામૂહિક પ્રયાસો શરૂ કર્યા. આ સમયે વિકસિત અને વિકસતાં રાષ્ટ્રો એમ બે ભાગમાં વિભાજિત હતાં, વિકસિત રાષ્ટ્રોના બીજા વિશ્વયુદ્ધ બાદની તારાજીમાંથી ફરી બેઠા થવા માટે જ્યારે વિકાસશીલ દેશોમાં ગરીબીનો મુદ્દો મહત્ત્વપૂર્ણ બની રહ્યો હતો. આથી આ અંગે વિચારણાઓ શરૂ થઈ, પરંતુ જીવનનિર્વાહ આધારિત ગરીબીનો અભિગમ સામાન્ય રીતે સ્વીકારાયેલ જ રહ્યો.

સિબોમ રૉટ્રીએ આપેલ નિરપેક્ષ ગરીબીનો માપદંડ 1970 સુધી પ્રભાવશાળી રહ્યો. 1978માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને શ્રમિકની ખોરાકની જરૂરિયાતોનું કેલેરી દ્વારા માપન કર્યું. આ કેલેરી આધારિત બજારકિંમતે ખાદ્યખર્ચ આધારે ન્યૂનતમ વેતનદર નિર્ધારિત કર્યા, જે શ્રમિકની કેલેરીની જરૂરિયાત આધારિત હતો. ત્યારબાદ કેલેરી આધારિત ગરીબીના માપનનો અભિગમ વ્યાપક બન્યો. 1979માં ટાઉનસેન્ડે સાપેક્ષ ગરીબીનો ખ્યાલ આપ્યો, જે વ્યક્તિને તેના સામાજિક જીવનસ્તરના સંદર્ભે સાપેક્ષ ગરીબી માપી. તેમના મતે, વ્યક્તિ પોતાના સામાજિક વર્તુળમાં સ્વીકારવામાં આવેલ લઘુત્તમ જીવનસ્તર કરતાં ઓછા સ્રોતો/આવક ધરાવતા હોત તો તે સાપેક્ષ ગરીબ ગણાય.

1970ના દાયકામાં ખાસ કરીને 1973માં નૈરોબીમાં વર્લ્ડબૅંક ઑફ ગવર્નર્સ સમક્ષ રોબ્રટ મેકનામારાના પ્રખ્યાત ભાષણને કારણએ અને ત્યારબાદ વૃદ્ધિ સાથે પુનઃવિતરણના પ્રકાશનને કારણે ગરીબી મુખ્ય મુદ્દો બની હતી (Ajakaiye & Adeyeye, 2001). 1990માં, વિશ્વબૅંક (WB) એ 'વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ' પ્રકાશિત કર્યો જે વિકાસશીલ દેશોમાં ગરીબી દૂર કરવા પર ભાર મૂકે છે. વિશ્વબૅંક જણાવે છે કે સિદ્ધિઓની તે પૃષ્ઠભૂમિ સામે, તે વધુ આશ્ચર્યજનક અને વધુ શરમજનક બાબત એ છે કે, વિકાસશીલ વિશ્વમાં એક અબજથી વધુ લોકો ગરીબીમાં જીવે છે. અમર્ત્ય સેને (1983a), ગરીબી અને દુષ્કાળ અંગેના પુસ્તકમાં બંગાળના દુષ્કાળના અભ્યાસના આધારે જણાવે છે કે ગરીબી માત્ર સાપેક્ષ હોતી નથી. તેમણે ગરીબીને ચોક્કસ લઘુતમ ક્ષમતાઓ હાંસલ કરવામાં નિષ્ફળતા તરીકે વ્યાખ્યાયિત કરી. તેમણે ગરીબીને સંસાધન અધિકારની વંચિતતા

સાથે જોડી. સેને (1983b) આ જ વર્ષમાં 'Poorm Relatively Speaking' ઉપરના લેખે ગરીબી અંગેની ચર્ચામાં મોટો વળાંક આપ્યો.

આ સાથે 1960થી શરૂ થયેલી આર્થિક વિકાસ અંગેની ચર્ચામાં માનવસુખકારીનાં ધ્યેયોમાં ક્રમશઃ ભૌતિક પરિમાણોની સાથે બિનભૌતિક, સામાજિક માપદંડોનો સ્વીકાર થવા લાગ્યો, વિકાસ અંગેની ચર્ચામાં માનવસુખાકારી વધારવાની સાથે આર્થિક અસમાનતા, ગરીબી, કુપોષણ, નીચું સરેરાશ આયુષ્ય, અક્ષરજ્ઞાનનો દર વગેરે મુદ્દાઓ વિકસતા રાષ્ટ્રોના સંદર્ભે વધુ પ્રસ્તુત બનતા રહ્યા. તેની સાથે ગરીબી માત્ર વ્યક્તિગત અને ભૌતિક જરૂરિયાતો કરતાં વિશેષ છે, તે સ્વીકારવવા લાગ્યું. ઉપરાંત ગરીબી માટેના જવાબદાર પરિબળોમાં વ્યક્તિગત પરિબળોની સાથે આર્થિક-રાજકીય અને સામાજિક સંસ્થાકીય બાબતો અંગે વિચારણા શરૂ થઈ. સંસ્થાકીય માળખાઓમાં માનવમૂલ્યો બળવત્તર બનાવીને વહેંચણીની વ્યવસ્થાને વધુ ન્યાયી બનવી ગરીબી, વંચિતતાની સમસ્યાને હળવી કરી શકાય છે તે સ્પષ્ટ થતું ગયું.

1995માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સામાજિક વિકાસ સંમેલનમાં ગરીબીના નાણાકીય માપદંડના સ્થાને મૂળભૂત માનવીય જરૂરિયાતો અને સામાજિક/જાહેર સેવાઓની વંચિતતાની સ્થિતિને ગરીબી તરીકે ઓળખાવી. ગરીબોની આંતરરાષ્ટ્રીય સરખામણી કરવા માટે વિશ્વબૅંકે 1990નાં વિશ્વ વિકાસ હેવાલમાં બજારઆધારિત આંતરરાષ્ટ્રીય ગરીબીની નાણાકીય વિભાવના આપી. વિશ્વબૅંકે જણાવ્યા મુજબ, પ્રતિવ્યક્તિ પ્રતિદિન 1 ડૉલર જેટલી આવક મેળવી શકતા ન હોય તેઓ આંતરરાષ્ટ્રીય ગરીબ છે (World Bank, 1990). 2001માં આર્થિક સહકાર અને વિકાસ સંગઠન(OECD)એ વિકસિત રાષ્ટ્રો માટે બહુસ્તરીય ગરીબીના માપન અંગેની પ્રક્રિયા શરૂ કરી. ગરીબીની ઓળખ અને તેને અસર કરનાર પરિબળો સાથે ઘટાડા માટેની વૈશ્વિક લક્ષ્યાંકો સાથેની વ્યૂહરચના રજૂ કરી, ગરીબીને બહુપરિમાણીય ઘટના તરીકે ઓળખાવી.

'ગરીબી બહુપરિમાણીય છે. ગરીબી એ લોકોને સામાજિક રીતે પર્યાપ્ત, જીવનધોરણોમાંથી બાકાત રાખવાનું સૂચવે છે અને તે વંચિતોની શ્રેણીને સમાવે છે. ગરીબીનાં પરિમાણો માનવક્ષમતાઓનાં વિશિષ્ટ પાસાઓને આવરી લે છે : આર્થિક (આવક, આજીવિકા, યોગ્ય કાર્ય), માનવ (આરોગ્ય, શિક્ષણ), રાજકીય (સશક્તીકરણ, અધિકારો, સહભાગિતા), સામાજિક-સાંસ્કૃતિક (સ્થિતિ, પ્રતિષ્ઠા) અને રક્ષણાત્મક (અસુરક્ષા, જોખમ, નબળાઈ). તેનાં તમામ પરિમાણોમાં ગરીબી ઘટાડવા માટે લિંગ આધારિત ગરીબી ઘટાડીને મુખ્ય તેઓને પ્રવાહમાં લાવવા જરૂરી છે અને ગરીબી ઘટાડવા માટે કુદરતી સંસાધન આધારને ટકાવી રાખવો જરૂરી છે' (OECD, 2001, p.18).

સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલના ઑક્સફર્ડ ગરીબી અને માનવ વિકાસ પહેલ (Oxford Poverty and Human Development Initiative (OPHI)) એકમ દ્વારા 2010માં બહુસ્તરીય ગરીબી આંક (Multidimensional Poverty Index)ની મદદ વડે શિક્ષણ, સ્વાસ્થ્ય અને જીવનસ્તર એ મુખ્ય આયામ અને દસ નિર્દેશકોના સંયુક્ત આંક દ્વારા કુટુંબની વંચિતતાનાં માપન દ્વારા ગરીબાઈની સ્થિતિ માપી. આ આંકની મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, તે બિનનાણાકીય અને લાંબા ગાળાની ગરીબીના કારણ અને પરિણામનું ચિત્ર રજૂ કરે છે. આ અંગે બહુસ્તરીય ગરીબી આંકની વિભાજના રજૂ કરનાર અલકિર અને સનટોસ (Alkire and Santos, 2014) જણાવે છે કે, માત્ર આવકનું સ્તર ગરીબી માપન વાસ્તવિક ગરીબીનું પૂર્ણ ચિત્ર રજૂ કરતું નથી, વ્યક્તિ કરતાં કુટુંબ અને તેના જીવનસ્તર સાથે જોડાયેલા સ્રોતો અને ક્ષમતાઓની વંચિતતાની સ્થિતિ ગરીબી સૂચવે છે. આમ ગરીબીના માપન અંગે વિવિધ અભિગમો રજૂ થયા. આ સંદર્ભે કેટલાક અભિગમોની વિગત કોષ્ટકમાં રજૂ કરી છે.

**કોષ્ટક-1 : વૈશ્વિક સ્તરે ગરીબીની વિભાવનામાં આવેલ બદલાવ**

| પ્રેરક | પરિમાણ/માપદંડ | સ્વરૂપ |
|---|---|---|
| શિબોમ રૉટ્રી (1901) | નિરપેક્ષ ગરીબી<br>કેલેરી આધારિત ન્યૂનતમ પ્રાથમિક જરૂરિયાતો સંતોષવાની અસક્ષમતા | બજારઆધારિત વૈયક્તિક નાણાકીય ગરીબી |
| ટાઉનસેન્ડ (1979) | સાપેક્ષ ગરીબી<br>વ્યક્તિ-કુટુંબ જે તે સામાજિક બૃહદ પરિપ્રેક્ષ્યમાં લઘુતમ સ્વીકાર્ય જીવનશૈલી જેટલા સાધનસ્રોતો ધરાવતા નથી તેઓ સાપેક્ષ ગરીબ છે. | બજારઆધારિત સાધન-સ્રોતોની વૈયક્તિક નાણાકીય સાપેક્ષ અપર્યાપ્તતા,<br>સાપેક્ષ નાણાકીય ગરીબી |
| અમર્ત્યસેન (1983, 1985, 2001) | ચોક્કસ ન્યૂનતમ ક્ષમતાઓ (Capability)ની પ્રાપ્તિમાં નિષ્ફળતા, માનવ ગરીબી આંક, બહુસ્તરીય ગરીબી, ગરીબોમાં ગરીબ | માનવ ક્ષમતાઓની નિષ્ફળતા |
| OECD (2001) | બહુસ્તરીય ગરીબી | માનવક્ષમતાઓની નિષ્ફળતા |
| સંયુક્ત રાષ્ટ્ર (1995) સામાજિક વિકાસ સંમેલન, | મૂળભૂત માનવીય જરૂરિયાતો અને સામાજિક સેવાઓની વંચિતતા (Exclusion) | આર્થિક અને સામાજિક/જાહેર સેવાઓમાં વંચિતતા |
| વિશ્વબૅંક (2010) | આંતરરાષ્ટ્રીય ગરીબીરેખા નિર્ધારિત પ્રતિવ્યક્તિ દૈનિક આવક/ખર્ચ કરતાં નીચી આવક ધરાવનાર, આંતરરાષ્ટ્રીય ગરીબીરેખા | બજારઆધારિત નાણાકીય વૈયક્તિક ગરીબી |
| UNDP (1997) | માનવ ગરીબી આંક | વિકસતા અને વિકસિત રાષ્ટ્રોમાં માનવ ગરીબીનું માપન : |
| UNDP & OPHI (2010) સંયુક્ત રાષ્ટ્ર સંઘ, ઑક્સફર્ડ ગરીબી અને માનવ વિકાસ પહેલ | બહુસ્તરીય ગરીબી આંક<br>જીવન સ્તર ટકાવી રાખવા માટેનાં જરૂરી સાધન/સ્રોતોની વંચિતતા | માનવવિકાસનાં પરિમાણો વડે, સંયુક્ત આંક દ્વારા કુટુંબની વંચિતતાનું માપન (બહુસ્તરીય માપન) |

સ્રોત : લેખક.

ગરીબી અંગેના બજારકેન્દ્રિત નાણાકીય માપનના સ્થાને સક્ષમતા, વંચિતતા અભિગમો સ્વીકાર્ય બની રહ્યા છે. એટલું જ નહિ પરંતુ ગરીબીનિવારણ અંગેના અભિગમોમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. ક્રમશઃ એ સ્વીકારી લેવાયું છે કે, ગરીબીનો પ્રશ્ન ન્યાય અને નીતિશાસ્ત્ર સાથે જોડાયેલ છે. આ માટે એકાંગી (માત્ર રાજ્યપ્રેરિત પગલાંઓ) નહિ પરંતુ આર્થિક વ્યવસ્થામાં બજાર સિવાયની સંસ્થાકીય વ્યવસ્થા આધારિત અર્થતંત્ર/વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા અંગેના ચિંતન, પ્રયોગો અને સંસ્થિતીકરણ તરફનો ઝોક વધી રહ્યો છે (Zademach and Hillebrand, 2013, Ostrom, 2010).

**5. ગરીબી અંગે માનવઅર્થશાસ્ત્રનો અભિગમ :**

માનવવાદી અર્થશાસ્ત્રી અમર્ત્ય સેને પરંપરાગત આર્થિક માનવીની (homo economics) ધારણા પડકારી કે 'તાર્કિક આર્થિક માનવી' સ્વ-હિતઆધારે પ્રેરિત થાય છે, પરંતુ ન્યાય સમાજના જીવનનું ઘટક છે (Sen, 2010), સેને સક્ષમતા અભિગમ દ્વારા વિકાસની પરિભાષા વિકસાવી, ભૌતિક વૃદ્ધિની સાથે સમુદાયની સક્ષમતામાં વૃદ્ધિ ન્યાયયુક્ત વિકાસનો માપદંડ રજૂ કર્યો (Sen, 2009). જોસેફ સ્ટીગલિઝ મુક્ત બજાર અને મુક્ત આંતરરાષ્ટ્રીય વ્યાપારના મૂડીવાદી આર્થિક પ્રતિમાનની સમીક્ષા કરે છે કે, સામાજિક કલ્યાણ સાધવામાં મૂડીવાદી વ્યવસ્થા સફળ થઈ શકી નથી (Stiglitz, 2003). છેલ્લા બે દાયકામાં, આર્થિક માનવીની ધારણાની ટીકાના સ્વરૂપે રમતના સિદ્ધાંત (game theory), વર્તનનું અર્થશાસ્ત્ર (Behavioral economics), મસ્તિક અર્થશાસ્ત્ર (Neuro-economics) શાખાઓ વિકસી છે અને શોધ્યું કે, વાસ્તવમાં આર્થિક પ્રતિભાગીઓ (Economic agents) ખૂબ ઓછા પ્રમાણમાં તર્કસંગત આર્થિક વર્તણૂક કરે છે, પરંતુ મોટા પ્રમાણમાં આવેગજન્ય વર્તણૂક અને તે જ સમયે, નવશિષ્ટ મૉડલ ધારે છે તેના કરતાં નૈતિક વર્તણૂક વધારે કરે છે (Zak, 2004). માનવ અર્થશાસ્ત્ર આર્થિક નીતિશાસ્ત્રના વિમર્શમાં આર્થિક માનવીની ધારણાથી વિરુદ્ધ વ્યક્તિની સ્વતંત્રતા અને જવાબદારીપૂર્ણ વર્તન અને ભૂમિકા/ધારણા ઉપર વિશેષ ભાર મૂકે છે (Dierksmeier, 2011).

માનવઅર્થશાસ્ત્ર ગરીબી માટે જવાબદાર પરિબળો અંગે પણ નવશિષ્ટ અર્થશાસ્ત્રથી ભિન્ન અભિગમ ધરાવે છે. નવશિષ્ટ અર્થશાસ્ત્ર બજાર વ્યવસ્થામાં જેઓ ગેરલાભની સામે નીચો લાભ મેળવે છે તેઓ નુકસાન ભોગવશે. ઉદાહરણ તરીકે, સ્પર્ધાયુક્ત બજાર આધારિત પેઢીની સમતુલામાં પેઢી ક્યાં તો નફો અથવા ખોટની સ્થિતિ પ્રાપ્ત કરશે, તે જ રીતે શ્રમિક તેની માંગ અને પુરવઠાના આધારે રોજગારી અને વધુ કે ઓછા વેતન-વળતર મેળવશે. જેઓ જીવનનિર્વાહ પોષક વેતન આવક મેળવી શકતા નથી તેઓ ગરીબ બનશે. પરંતુ આ સ્થિતિ અસ્થાયી છે. શ્રમના પુરવઠા સામે માંગ વધી જશે તો આપોઆપ રોજગારી વેતન વધશે અને શ્રમિક નીચા વપરાશી ખર્ચમાંથી બહાર આવી જશે, આથી આ બજારની સમતુલામાં બાહ્ય હસ્તક્ષેપની આવશ્યકતા નથી તેમ કેઈન્સ પહેલાંનાં નવશિષ્ટ અર્થશાસ્ત્રીઓ માનતા હતા. જોકે કેઈન્સે બજારની મંદીની સ્થિતિમાં શ્રમિકોની રોજગારી અને આવકમાં વધારા માટે રાજ્યના હસ્તક્ષેપની ભલામણ કરી, પરંતુ ગરીબીને નાણાકીય સંદર્ભે માપવાનો અભિગમ યથાવત્ રહ્યો. ગરીબી અંગે માનવ અર્થશાસ્ત્ર નવશિષ્ટ અર્થશાસ્ત્રથી કેવી રીતે જુદું પડે છે તે તપાસીએ.

**કોષ્ટક-2 : ગરીબી અંગે નવશિષ્ટ અર્થશાસ્ત્ર અને માનવઅર્થશાસ્ત્રનો અભિગમ**

| વિચારશાખા | ગરીબીની વિભાવના અને કારણો | ગરીબી નિવારણ કેવી રીતે થશે ? |
|---|---|---|
| નવશિષ્ટ અર્થશાસ્ત્ર | ● ગરીબીની ઓળખનો નાણાકીય માપદંડ<br>● કેલેરી આધારિત નિરપેક્ષ ગરીબી, આવક/સંપત્તિ આધારિત સાપેક્ષ ગરીબી, પ્રતિવ્યક્તિ પ્રતિદિન આવક/વપરાશ આધારિત આંતરરાષ્ટ્રીય ગરીબીરેખા<br>● ગરીબી (વંચિતતા) માટે વ્યક્તિ ખુદ જવાબદાર છે.<br>● મુક્ત બજારતંત્રમાં વ્યક્તિ પાસે રહેલ ઉત્પાદનના સાધનોનો બિનકાર્યક્ષમ ઉપયોગ નીચું ઉત્પાદન, આવક અને ગરીબી સર્જાય<br>● બજારની નિષ્ફળતા : મંદી બેરોજગારી<br>● વ્યક્તિનું બજારતંત્ર ઉપર નિયંત્રણ હોતું નથી.<br>● વ્યક્તિની નીચી ઉત્પાદકતા અને નીચી પ્રેરણા વંચિતતા (ગરીબી) માટે જવાબદાર છે. | ● બજારતંત્ર દ્વારા સાધનોની અસરકારક ફાળવણી દ્વારા ગરીબી દૂર કરી શકાય.<br>● કાર્યક્ષમ બજારતંત્ર દ્વારા આવકની વહેંચણી ગરીબી દૂર કરશે.<br>● વ્યક્તિગત ઉત્પાદકતા/માનવમૂડી રોકાણ અને પ્રેરણાનું સર્જન વંચિતતા (ગરીબી) દૂર કરશે.<br>● સામાજિક કલ્યાણની ઈષ્ટતમ સમતુલા<br>● બજારતંત્રમાં રાજ્યે હસ્તક્ષેપ કરવાની જરૂર નથી.<br>● રાજ્યની મર્યાદિત ભૂમિકા બજારકેન્દ્રિત અર્થવ્યવસ્થા<br>● ખાધપૂરક નાણાતંત્ર : રોજગારી સર્જન |
| માનવ અર્થશાસ્ત્ર | ● ગરીબીની ઓળખનો વંચિતતા/ગૌરવ/ન્યાય/સુખાકારીનો માપદંડ.<br>● માનવ ગરીબી બહુપરિમાણીય ગરીબી આત્મલક્ષી ગરીબી<br>● આર્થિક માનવીની ધારણા (અર્થશાસ્ત્રમાં નૈતિકતા અને ન્યાયનાં મૂલ્યોની અનુપસ્થિતિ)<br>● હરીફાઈ : બજાર કેન્દ્રિત મૂડીવાદી આર્થિક વ્યવસ્થા.<br>● રાજ્યમૂડીવાદ, (બજારતંત્ર આધારિત) આર્થિક રાજ્ય વ્યવસ્થા)<br>● સંસાધનોની અસમાન ફાળવણી અને આવકની અસમાન વહેંચણી<br>● ખામીયુક્ત સામાજિક-આર્થિક અને રાજકીય સંસ્થાઓ | ● આર્થિક માનવના સ્થાને નૈતિક, જવાબદાર આર્થિક વર્તન.<br>● સ્પર્ધાને સ્થાને સહકાર, બજારતંત્રની વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા, બજાર વ્યવસ્થાને સ્થાને સહકારી ઉત્પાદન, વિતરણ પ્રવૃત્તિઓ, સામુદાયિક મંડળો<br>● આર્થિક-રાજકીય જાહેર સંસ્થાઓમાં ન્યાય અને સમતાનાં ધ્યેયો, વહીવટ<br>● ન્યૂનતમ રાજ્ય - સમતામૂલક રાજ્ય<br>● ઉત્પાદન, વહેંચણીની વ્યવસ્થામાં વિકેન્દ્રીકરણ, સ્થાનિક અર્થશાસ્ત્ર<br>● લોકસંગઠનો, નાગરિક સંગઠનો, સહકારી મંડળો, સ્થાનિક સ્વૈચ્છિક સંગઠનો. |

સ્રોત : Laxman, 2022.

માનવ અર્થશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં ગરીબી એ વ્યક્તિગત સ્વાર્થ, તાર્કિક આર્થિક માનવીની ધારણા આધારિત આર્થિક, સામાજિક અને રાજકીય સંસ્થાઓ, માળખા અને અભિગમને જવાબદાર માને છે. ગરીબી વ્યક્તિગત કરતાં વધારે ગંભીર સામાજિક સમસ્યા છે, કારણ કે, ગરીબીનું મૂળ કારણ આર્થિક સંસ્થાકીય વ્યવસ્થા દ્વારા સંસાધનોની અસમાન ફાળવણી અને વહેંચણીની ફળશ્રુતિ છે. બજારકેન્દ્રિત આર્થિક વ્યવસ્થા વ્યક્તિગત લાભની સામે સામૂહિક કલ્યાણની ઉપેક્ષા કરે છે, જે બજારની નિષ્ફળતા તરીકે ઓળખાય છે. ગરીબી માત્ર બજારની નિષ્ફળતા નથી, પરંતુ સામાજિક-આર્થિક સંસ્થાકીય વ્યવસ્થાની નિષ્ફળતા છે.

માનવઅર્થશાસ્ત્ર નીતિશાસ્ત્ર (Ethics) અને ન્યાય (Justice)ને કેન્દ્રમાં રાખે છે, જે વ્યક્તિગત અને સામૂહિક વર્તણૂકને પ્રભાવિત કરે છે, વ્યક્તિગત તાર્કિકતા માત્ર આર્થિક લાભ માટેની નથી હોતી પણ જૂથ, સામુદાયિક કે રાષ્ટ્રીય હોય છે. માનવઅર્થશાસ્ત્ર વિચારશાખા ગરીબીનું માપન માત્ર પરિમાણાત્મક નહિ પરંતુ આર્થિક ન્યાય, સહભાગિતા, ગૌરવ, સક્ષમતા અને સુખાકારીની સ્થિતિ વડે માપશે. આમ માનવઅર્થશાસ્ત્ર ગરીબી અંગે બહુઆયામી અભિગમ ધરાવે છે. હજુ પણ વિશ્વવિદ્યાલયો અને સંશોધનોમાં નવશિષ્ટ અર્થશાસ્ત્રનો ગાઢ પ્રભાવ છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્ર અને આર્થિક જગતને અભિગમ આધારિત આર્થિક સંસ્થાઓ અને આર્થિક વ્યવસ્થામાં આર્થિક અસમાનતા અને ગરીબી જોવા મળે છે, જેને નવશિષ્ટ અર્થશાસ્ત્રના સમર્થકો સંક્રમણકાળની કામચલાઉ ઘટના તરીકે ઓળખાવે છે તેમજ તેના ઉકેલ માટેનો અભિગમ એકતરફી છે. કારણ કે તેઓના મતે ગરીબી માત્ર આર્થિક ઘટના છે. નવશિષ્ટ અર્થશાસ્ત્રની ભિન્ન વિશ્લેષણ પદ્ધતિશાસ્ત્ર આધારિત વિવિધ વિચારશાખાઓ વિકસી રહી છે જેમાં ગરીબી અંગેનો અભિગમ બહુઆયામી, ન્યાયી અને વાસ્તવિક છે.

**6. ઉપસંહાર :**

ગરીબી હવે કોઈ રાષ્ટ્રની સમસ્યાના બદલે વૈશ્વિક સમસ્યા તરીકેના ઉકેલ આંતરરાષ્ટ્રીય સંસ્થાકીય જવાબદેહી સ્વરૂપે થાય છે, જેમ કે સંયુક્ત રાષ્ટ્રએ 2015માં જાહેર કરેલ વૈશ્વિક સંપોષિત વિકાસના કુલ સત્તર ધ્યેયોમાં પ્રથમ ધ્યેય ગરીબી નિર્મૂલન અંગેનો છે, અને પ્રતિબદ્ધતા દર્શાવી છે કે 2030 સુધીમાં સમગ્ર વિશ્વમાં ગરીબી (વિશ્વબેંકે આપેલ આંતરરાષ્ટ્રીય ગરીબીની વ્યાખ્યા મુજબ) ઘટીને ન્યૂનતમ ત્રણ ટકાના સ્તરે પહોંચાડવાનું લક્ષ્ય છે. અર્થાત્ ગરીબી વ્યક્તિગત ઘટના નથી, પરંતુ સામાજિક, આર્થિક અને રાજકીય ઘટનાઓનું પરિણામ છે, એમ સ્વીકારાઈ રહ્યું છે, આથી જ ગરીબીના માપન અને ગરીબીનિવારણ અંગેના અભિગમોનો જોક સંસ્થાકીય વ્યવસ્થાઓમાં ન્યાયનાં પરિમાણો મહત્ત્વનું સ્થાન લઈ રહ્યાં છે.

માનવઅર્થશાસ્ત્ર વિચારશાખાનો વિકાસ વિશેષરૂપે ન્યાય અને નીતિઆધારિત અર્થશાસ્ત્ર તરીકે માનવ અંગેની ધારણા, અર્થતંત્ર અંગેની ધારણામાં સ્પર્ધાને સ્થાને સહકાર, આર્થિક, નીતિઓ, સંસ્થાકીય વ્યવસ્થાઓ ઉપર ફેરવિચાર કરવાનો અવકાશ પૂરો પાડે છે. આથી, ગરીબીનાં માપન અને ઉકેલો અંગે માનવઅર્થશાસ્ત્ર નવશિષ્ટ અર્થશાસ્ત્રથી ભિન્ન દૃષ્ટિકોણ ધરાવે છે. માનવ અર્થશાસ્ત્રનો ગરીબી અંગેનો અભિગમ માનવકેન્દ્રિત છે, આથી તેનું માપન માત્ર ભૌતિક અને એકાંગી નહીં પરંતુ બિનભૌતિક અને બહુસ્તરીય પરિબળોને ધ્યાને લેવાય છે. બીજું માનવઅર્થશાસ્ત્ર ગરીબીના ઉકેલ માટે બજારવ્યવસ્થાના વિકલ્પો ખોળે છે, જ્યાં શોષણ, અસમાનતા, પરતંત્રતા અને વંચિતતાનું સ્થાન ન હોય.

**સંદર્ભ નોંધ**

Ajakaiye, D. O., & Adeyeye, V. A. (2001). Concept, Measurement and Causes of Poverty. *CBN Economic and Financial Review, 39*(4). Retrieved November 29, 2021, from https://

dc.cbn.gov.ng/cgi/viewcontent.cgi?artical=1960&context=efr
Alkire, S., & Foster, J. (2011). Understandings and misunderstandings of multidimensional poverty measurement (OPHI et al. No. 43). Oxford: Oxford University.
Alkire, Sabina and Maria Emma Santos, (2010). "Acute Multidimensional Poverty: A New Index for Developing Countries," Oxford Poverty and Human Development Initiative, Working Paper 38, University of Oxford.
Brockway, G.P. (2001). The End of Economic Man: An Introduction to Humanistic Economics, Fourth edition (2001), W.W. Norton & Company, London.
Cammentt, J. M. (1976). Antonio Gramsci and the Origins of Italian Communism, Sandford University Press. p.204.
Cartwright, E. (2011). *Behavioural Economics*, Routledge, London.
Dequech, D. (2007). Neoclassical, mainstream, orthodox, and heterodox economics (2007) Journal of Post Keynesian Economics / Winter 2007–8, Vol. 30, No. 2 279. Available at: https://www.researchgate.net/publication
5173060_Neoclassical_mainstream_orthodox_and_heterodox_economics.
Dierksmeier (2011). Dierksmeier, C., Amann, W., von Kimakowitz, E., Spitzeck, H., Pirson, M. (Eds.)*Humanistic Ethics in the Age of Globality* 2011, Hound mills: Palgrave Macmillan.
Galbraith, J.K., (1958). *The Affluent Society, 4the edition 1998*, New York, Mariner Books.
https://www.worldeconomicsassociation.org/newsletterarticles/islamic-economics/.
Komlos John (2021) Humanistic economics, a new paradigm for the 21st century [University of Munich, Germany] Copyright: John Komlos, 2021 You may post comments on this paper at https://rwer.wordpress.com/comments-on-rwer-issue-no-96.
Lavoie M. (2006). *Introduction to Post-Keynesian Economics*, Palgrave Macmillan, New York.
Lawson T. (2013). What is this 'school' called neoclassical economics? *Cambridge Journal of Economics*.
Laxman, M. (2022). Poverty less Society: The Humanistic Economics perspective in the 21st Century, Jaipur, Rawat Publication.
Lutz, M.A. (2009). Humanism, Handbook of Economics and Ethics (2009) Jan Peil and Irene van Staveren (eds), Published by Edward Elgar Publishing Limited U.K. P.244.
Lutz, M.A., and Lux, K. (1979). The Challenge of Humanistic Economics, Menlo Park, CA: Benjamin/Cummings.
Mahbub ul Haq (1995). Reflections of Human Development. Berlin: Oxford University Press.
Marx, K (1867) Capital: A Critique of Political Economy, Vol.-I. Progress Publishers, Moscow, USSR.
Maslow, A. H. (1943). A Theory of Human Motivation. *Psychological Review*, Vol-50, No-4 July.
OECD (2001), *Poverty Reduction*, The DAC Guidelines, OECD Publishing, Paris, Available at: https://doi.org/10.1787/9789264194779-en.

Ostrom, F. (2010). Beyond markets and states: Polycentric governance of complex economic systems. *American Economic Review*, *p. 100*. Available at: http://wtf.tw/ref/ostrom_2010.pdf. Accessed on December 2022.
Parikh, G.D. (1990). *Roy: Rationalist though*, University Publishing Board, Ahmedabad.
Philip, E. & Miguel Sanchez Martin (2014). A review of the economic theories of poverty, National Institute of Economic and Social Research.
Piketty, Thomas (2014). Capital: Capital in the Twenty-First Century, Translated by Arthur Goldhammer, The Belk nap Press of Harvard University Press, England.
Prison, M. (2017). A New Humanistic Model. In *Humanistic Management: Protecting Dignity and Promoting Well-Being* (pp. 26-57). Cambridge: Cambridge University Press. doi:10.1017/9781316675946.005.
Rowntree S. (1901). Poverty: A Study of Town Life, MacMillian Company, London.
Sandel, M. J. (2012). What Money Can't Buy The Moral Limits of Markets, ALLEN LANE, an imprint of PENGUIN BOOK.
Schumacher E.F. (1973). Small is Beautiful: Economics as If People Mattered. London: Blond & Brigg.
Sen, A. (1983a). Poverty and Famines: An Essay on Entitlement and Deprivation, OUP Oxford.
Sen, A. (1987) On Ethics and Economics, Blackwell Publishing.
Sen, A. (2009). The Idea of Justice. Cambridge, MA: Belk nap Press of Harvard University Press.
Sen, A. (2010). The Idea of Justice, Penguin Book Ltd.
Sen, A. K. (1976). Poverty: An ordinal approach to measurement. Econometrica, 44, 219–231.
Sen, A. K. (1987). *The Standard of living*. Cambridge: Cambridge University Press.
Sen, A. K. (1999). *Development as freedom*. Oxford: Oxford University Press.
Sen, A.K. (1983b). 'Poor, Relatively Speaking', Oxford Economic Papers.
Sen, A.K. (1985). 'A Sociological Approach to the Measurement of Poverty: A Reply to Professor Peter Townsend', Oxford Economic Papers.
Sen, A.K. (2001) Development as Freedom. New York: Alfred A Knopf. p.41.
Sharma, S. (2007). From a Moral Philosopher to a Poor Economist, The Journal of Philosophical Economics, E1, 95–118.
Simonde, J. C.L. De Sismondi (1991/1819) New Principles of Political Economy: Of Wealth in Its Relation to Population. Translated by Richard Hyse, Transaction Publishers, London, UK.
Smith Adam (1776b). The Wealth of Nations, I.IV. Introduction, p. 246.
Smith, A. (1759). *The Theory of Moral Sentiments, I. iv. 2.6-9; in this edition, pp. 220–1* (Smith [1759] 1984, Part VII. III, p. 317).
Stahel, A.W. (2020). Is economics a science? Real-world economics review, issue no-94.
Staveren and Peil, (2009). An Introduction, Handbook of Economics and Ethics, Jan Peil and Irene van Staveren (eds), Published by Edward Elgar Publishing Limited U.K..

Stiglitz, J. (2003). Ethics, Market and Government Failure and Globalisation. Available at: https://www.semanticscholar.org/paper/ETHICS%2C-MARKET-AND-GOVERNMENT-FAILURE%2C-AND-Stiglitz/4f4e9e78c4df62185c59202ef1bd92ddac7ba056.

Stiglitz, J. E., Sen, A. K., & Fitoussi, J. (2009). Report by the commission on the measurement of economic performance and social progress. Paris: Commission on the Measurement of Economic Performance and Social Progress.

Townsend, P. (1979). *Poverty in the United Kingdom, Harmondsworth*: Penguin.

Tylor, K. D. (2018). *Harms versus benefits: A practical critique of utilitarian calculations. The Ethical Case against Animal Experiments, Champaign*, University of Illinois Press, p.148–159.

UNDP (2010). Human Development Report, New York.

United Nations (2015). The Millennium Development Goals report 2015. New York: United Nations. https://www.undp.org/sustainable-development-goals.

United Nations (2023), https://www.un.org/sustainabledevelopment/poverty/.

United Nations (1997). Human Development Report, New York.

United Nations, (1995). Report of the World Summit for Social Development [online] Available at https://www.un.org/en/development/desa/population/migration/generalassembly/docs/globalcompact/A_CONF.166_9_Declaration.pdf.

World Bank. (1990). Poverty: World Development Report 1990. New York: Oxford University Press.

Wright, E.O. (2010). Envisioning Real Utopias, Verso, U.K.

Zademach and Hillebrand, (2013). Alternative Economies and Spaces: New Perspectives for a Sustainable Economy, (eds), (Transcript). Available at: http://dnb.d-nb.de. Excessed on January 12, 2023.

Zak, P. J. (2004). "Neuroeconomics" Philosophical Transactions: Biological Sciences 359 (1451): 1737-48.

Zaman, A. (2019). Mainstream Economics Versus Islamic Economics, Available in

**ગીતા**

ગીતા એ મહાભારતનો એક નાનકડો વિભાગ છે. મહાભારત ઐતિહાસિક ગ્રંથ ગણાય છે, પણ આપણે મન મહાભારત અને રામાયણ ઐતિહાસિક ગ્રંથ નથી પણ ધાર્મિક ગ્રંથ છે. તેને ઇતિહાસ કહીએ તો તે આત્માનો ઇતિહાસ છે અને હજારો વર્ષ પૂર્વે શું થયું તેનું વર્ણન નથી, પણ આજે પ્રત્યેક મનુષ્યદેહમાં શું ચાલી રહ્યું છે તેનો ચિતાર છે. મહાભારત અને રામાયણ બંનેમાં દેવ અને અસુરની - રામ અને રાવણની - વચ્ચે રોજ ચાલતી લડાઈનું વર્ણન છે... ગીતાનો અર્થ શ્રીકૃષ્ણે અર્જુનને આપેલો બોધ એમ થયો... આપણા દેહમાં અંતર્યામી શ્રીકૃષ્ણ ભગવાન આજે બિરાજે છે, ને જ્યારે જિજ્ઞાસુ અર્જુનરૂપે થઈને ધર્મસંકટમાં અંતર્યામી ભગવાનને પૂછીએ, તેનું શાસન લઈએ, ત્યારે તે આપણને આપવા તૈયાર જ છે. આપણે સૂતા છીએ. અંતર્યામી તો નિત્ય જાગતો છે. આપણામાં જિજ્ઞાસા થાય તેની તે વાટ જોઈને બેઠો છે.

**- મો. ક. ગાંધી**

## શ્રમિકોના કલ્યાણમાં કેશવજી વાઘેલાનું પ્રદાન

– ડૉ. હરપાલ બૌદ્ધ*

**સારાંશ :**

ગાંધીજી પૂર્વે સામાજિક અને આર્થિક ઉત્થાનની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા કેશવજી વાઘેલા જમીન સાથે જોડાયેલા અદના મજૂર નેતા હતા. શ્રમજીવીઓ અને અસ્પૃશ્યોના તેઓ હામી હતા. 1918 થી 1951 સુધી 33 વર્ષ અમદાવાદની મજૂરોની સેવામાં અર્પણ કરેલા છે. મજૂરો, શ્રમિકો, અસ્પૃશ્યો, મહિલાઓ અને બાળકોના વિકાસ અને તેમના જીવનને રૂપાંતરિત કરવામાં તેમની વિશિષ્ટ ભૂમિકા રહેલી છે. જીવનનો આટલો દીર્ઘ સમયગાળો વંચિતો, અસ્પૃશ્યો, મહિલાઓ, બાળકો અને મજૂરોના કલ્યાણમાં આપવો એ બહુ મોટી બાબત ગણાવી શકાય. એક શ્રમિક તરીકે મિલોમાં ખૂબ કામ કર્યું હોઈ મજૂરોના પ્રશ્નો, સમસ્યાઓથી સુપેરે માહિતગાર હતા. ગાંધી પૂર્વે અમદાવાદના મજૂરો, શ્રમિકોની સાથે ઘરોબો કેળવી મજૂરોને કેળવવામાં તથા મજૂર આંદોલન અને 'મજૂર મહાજન સંઘ'ની સ્થાપના માટે અગત્યની ભૂમિકા કેશવજી વાઘેલાએ નિભાવી હતી. શ્રમિકોનાં બાળકો માટે પોતાના ઘરે જ શાળાની શરૂઆત કરી હતી તથા રાત્રીશાળા ચલાવી શ્રમિકો અને શ્રમિકોના બાળકોનું ઘડતર કર્યું હતું. અમદાવાદમાં 'મજૂર મહાજન સંઘ'ની પ્રવૃત્તિઓ ફળીફૂલી હતી જેમાં કેશવજી વાઘેલાનું મહત્ત્વનું યોગદાન હતું. ગાંધીના આગમન પૂર્વે શ્રમિકો, મજૂરોના શિક્ષણ, વ્યવસાય, રોજગાર અને આર્થિક પ્રગતિ માટે કેશવજી વાઘેલાનું યોગદાન અપૂર્વ છે. શ્રમિકોના કલ્યાણમાં કેશવજી વાઘેલાનું અનન્ય પ્રદાન છે. તેમનો જન્મ 20 ફેબ્રુઆરી, 1899માં અમદાવાદ ખાતે થયો હતો અને મૃત્યુ 22 નવેમ્બર, 1954માં થયું હતું. 56 વર્ષની આયુમાં તેમણે શ્રમિક નેતા ઉપરાંત જાહેર જીવનમાં અનેક ઉમદા ભૂમિકાઓ ભજવી 'ગુજરાતના શ્રમિક ઈતિહાસ' અને 'સર્વહારા ઈતિહાસ' (Subaltern History)માં અજોડ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક મૂકસેવક બની જીવનપર્યંત શ્રમિકોના કલ્યાણ માટે અથાગ કાર્ય કરી શ્રમિક નેતા તરીકેના ઊંચા માપદંડો તેમણે સર્જ્યા હતા. શ્રમિકોના પ્રશ્નો તથા અસ્પૃશ્ય શ્રમિકો-મજૂરોના પ્રશ્નોને પણ તેમણે સહૃદયી બની સાર્થક ઉકેલ લાવ્યા હતા. શ્રમિકો અને તેમાં પણ અસ્પૃશ્ય શ્રમિકોની સમસ્યાઓ અને પીડાઓ કાંઈ ઓછી ન હતી. અસ્પૃશ્યતા અને આભડછેટે અછૂતોના જીવનને નરકાગાર બનાવી દીધું હતું. આવી વિષમ અને અસમાનભરી સ્થિતિમાં કેશવજી વાઘેલાએ માનવીય પક્ષને ધ્યાને લઈ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી હતી. ડભોઈના દલિત નેતા મોહનલાલ શર્માએ સદગત કેશવજી વાઘેલાને સન્માનાંજલિ આપતાં કહ્યું હતું કે 'તેઓ કેવળ અમદાવાદના જ નહિ, પરંતુ સમસ્ત ગુજરાતના અજોડ મૂંગા સેવક હતા. ગાંધીજી સાથે રહીને તેમની દોરવણીથી મજૂરોના પ્રશ્નો વિચારવાને તથા તેનો ઉકેલ લાવવાને ખૂબ ટેવાયેલા હતા.' (દીનબંધુ, 1-3-1964)

Keywords : સર્વહારા ઈતિહાસ, મજૂર મહાજન સંઘ, અછૂતોદ્ધાર, ડબ્લિંગ, ડોફર્સ, મુકાદમ, મિલ કોલસી, ફિટર, બોઈલર (મિલ સાથે જોડાયેલ વિવિધ પદો અને મશીન)

**ભૂમિકા :**

ગાંધીજી પૂર્વે સામાજિક અને આર્થિક ઉત્થાનની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા કેશવજી વાઘેલા જમીન સાથે જોડાયેલા અદના મજૂર નેતા હતા. શ્રમજીવીઓ અને અસ્પૃશ્યોના તેઓ હામી હતા. 1918 થી 1951 સુધી 33 વર્ષ અમદાવાદની મજૂરોની સેવામાં અર્પણ કરેલા છે. મજૂરો, શ્રમિકો, અસ્પૃશ્યો, મહિલાઓ અને બાળકોના વિકાસ અને તેમના જીવનને રૂપાંતરિત કરવામાં તેમની વિશિષ્ટ ભૂમિકા રહેલી છે. જીવનનો આટલો દીર્ઘ સમયગાળો વંચિતો, અસ્પૃશ્યો, મહિલાઓ, બાળકો અને મજૂરોના કલ્યાણમાં આપવો એ બહુ મોટી બાબત ગણાવી શકાય. એક શ્રમિક તરીકે મિલોમાં ખૂબ કામ કર્યું હોઈ મજૂરોના પ્રશ્નો, સમસ્યાઓથી સુપેરે માહિતગાર હતા. ગાંધી પૂર્વે અમદાવાદના મજૂરો,

* પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

શ્રમિકોની સાથે ઘરોબો કેળવી મજૂરોને કેળવવામાં તથા મજૂર આંદોલન અને 'મજૂર મહાજન સંઘ'ની સ્થાપના માટે અગત્યની ભૂમિકા કેશવજી વાઘેલાએ નિભાવી હતી. શ્રમિકોનાં બાળકો માટે પોતાના ઘરે જ શાળાની શરૂઆત કરી હતી તથા રાત્રીશાળા ચલાવી શ્રમિકો અને શ્રમિકોના બાળકોનું ઘડતર કર્યું હતું. અમદાવાદમાં 'મજૂર મહાજન સંઘ'ની પ્રવૃત્તિઓ ફળીફૂલી હતી જેમાં કેશવજી વાઘેલાનું મહત્ત્વનું યોગદાન હતું. ગાંધીના આગમન પૂર્વે શ્રમિકો, મજૂરોના શિક્ષણ, વ્યવસાય, રોજગાર અને આર્થિક પ્રગતિ માટે કેશવજી વાઘેલાનું યોગદાન અપૂર્વ છે. શ્રમિકોના કલ્યાણમાં કેશવજી વાઘેલાનું અનન્ય પ્રદાન છે. તેમનો જન્મ 20 ફેબ્રુઆરી, 1899માં અમદાવાદ ખાતે થયો હતો અને મૃત્યુ 22 નવેમ્બર, 1954માં થયું હતું. 56 વર્ષની આયુમાં તેમણે શ્રમિક નેતા ઉપરાંત જાહેર જીવનમાં અનેક ઉમદા ભૂમિકાઓ ભજવી 'ગુજરાતના શ્રમિક ઇતિહાસ' અને 'સર્વહારા ઇતિહાસ' (Subaltern History)માં અજોડ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક મૂકસેવક બની જીવનપર્યંત શ્રમિકોના કલ્યાણ માટે અથાગ કાર્ય કરી શ્રમિક નેતા તરીકેના ઊંચા માપદંડો તેમણે સર્જ્યા હતા. શ્રમિકોના પ્રશ્નો તથા અસ્પૃશ્ય શ્રમિકો-મજૂરોના પ્રશ્નોને પણ તેમણે સહૃદયી બની સાર્થક ઉકેલ લાવ્યા હતા. શ્રમિકો અને તેમાં પણ અસ્પૃશ્ય શ્રમિકોની સમસ્યાઓ અને પીડાઓ કાંઈ ઓછી ન હતી. અસ્પૃશ્યતા અને આભડછેટે અછૂતોના જીવનને નરકાગાર બનાવી દીધું હતું. આવી વિષમ અને અસમાનભરી સ્થિતિમાં કેશવજી વાઘેલાએ માનવીય પક્ષને ધ્યાને લઈ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ નિભાવી હતી. ડભોઈના દલિત નેતા મોહનલાલ શર્માએ સદ્‌ગત કેશવજી વાઘેલાને સન્માનાંજલિ આપતાં કહ્યું હતું કે 'તેઓ કેવળ અમદાવાદના જ નહિ પરંતુ સમસ્ત ગુજરાતના અજોડ મૂંગા સેવક હતા. ગાંધીજી સાથે રહીને તેમની દોરવણીથી મજૂરોના પ્રશ્નો વિચારવાને તથા તેનો ઉકેલ લાવવાને ખૂબ જ ટેવાયેલા હતા.' (દીનબંધુ, 1-3-1964) ધ્યેયનિષ્ઠ કેશવજી વાઘેલાને વંદન આપતાં 'દીનબંધુ' લખે છે કે 'સમસ્ત કૉંગ્રેસી હરિજનોમાં સદ્‌ગત શ્રી કેશવજી રણછોડજી વાઘેલા જ માત્ર એક એવા અડગ આદરણીય નેતા તરીકે પુરવાર થઈ ગયા છે કે જેમની તુલના તેમના સમકાલીન કોઈ પણ કૉંગ્રેસી હરિજન નેતા સાથે કરી શકાય એમ નથી. જેવી રીતે વીર માયાએ દેહનું બલિદાન આપીને સહસ્રલિંગ તળાવ પાણીથી ભરી દીધું હતું. તેવી રીતે શ્રી કેશવજીભાઈએ પોતાની જિંદગીનું બલિદાન આપીને મજૂર મહાજનરૂપી ઇમારતના ચણતરમાં હોમાઈ ગયા.' (દીનબંધુ, માર્ચ-1964)

**શ્રમજીવી સમાજસેવી તરીકે પ્રાદુર્ભાવ :**

એક શ્રમિક તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર કેશવજી વાઘેલાનો જન્મ 20 ફેબ્રુઆરી, 1899માં અમદાવાદના મિરઝાપુરના મિરાસીવાડમાં વેપારી વણકર પરિવારમાં થયો હતો. પિતાનું નામ રણછોડભાઈ અને માતાનું નામ ડાહીબહેન. આ સમયે અમદાવાદમાં અસ્પૃશ્ય સમુદાય માટે માત્ર બે જ શાળાઓના દરવાજા ખુલ્લા હતા. તેથી તેમણે પ્રથમ મ્યુનિસિપાલિટીની શાળામાં બે ધોરણ સુધી અને ત્યારબાદ ખ્રિસ્તી મિશન સ્કૂલમાં છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. આ સમયે અસ્પૃશ્ય બાળકો ખ્રિસ્તી મિશનરીઓની સ્કૂલમાં ભણતા. આગળ અભ્યાસ કરવો હોય તો ખ્રિસ્તી થવું પડે તેથી તેઓ માતા-પિતાની જાણ બહાર ખ્રિસ્તી બની જવા તૈયાર પણ થયા. આ સમયે તેમની ઉંમર બાર વર્ષની હતી. આ જ અરસામાં તેમનાં લગ્ન જમનાબહેન સાથે કરવામાં આવ્યાં. તેમનાં પત્નીએ પણ ખ્રિસ્તી થવું પડે. આ બાબતનો તેમણે અસ્વીકાર કર્યો અને એટલે અભ્યાસ છોડવો પડ્યો. આ પછી વડોદરામાં અસ્પૃશ્ય વિદ્યાર્થીઓની બોર્ડિંગમાં જોડવાનો પ્રયત્ન કર્યો પણ ત્યાં વડોદરા રાજ્યના વિદ્યાર્થીઓને લેવામાં આવતા હોઈ તેમને પ્રવેશ ન મળી શક્યો. પરિણામે 1912માં કેશવજી વાઘેલાને હંમેશને માટે આગળ ભણવાનો વિચાર છોડવો પડ્યો.

આ પછી કેશવજી વાઘેલા અમદાવાદની શાહપુર મિલમાં ડબ્લિંગ વિભાગમાં ડોફર્સ તરીકે જોડાયા. તેમાંથી મુકાદમ બન્યા. ત્યારબાદ મોતીલાલ હિરાભાઈની સીટી મિલમાં ફીટર તરીકે જોડાયા અને ત્રણ વર્ષ સુધી નોકરી કરી. આ નોકરી પણ છોડી અને પિતાના વ્યવસાયમાં મિલની કોલસીના કૉન્ટ્રાક્ટનું કામ શરૂ કર્યું. આ સાથે

લાકડાના પીઠાના કૉન્ટ્રાક્ટર તરીકે પણ સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. મિલ કામદાર તરીકે જોડાયા ત્યારે પોતાના અસ્પૃશ્ય સમાજને વેઠવી પડતી મુશ્કેલીઓથી પરિચિત થયા તથા બાળપણથી શિક્ષણ માટે અસ્પૃશ્યોને પડતી હાલાકીને પણ અનુભવી. તેમાંથી એક સમાજસેવી કેશવજી વાઘેલાનો જન્મ થયો. 1914ના અરસામાં અમદાવાદના અમરપુરા વિસ્તારમાં 'મજૂર મિત્ર મંડળ' શરૂ કરી રાત્રિ શાળા શરૂ કરી હતી. તેઓ અસ્પૃશ્ય મહોલ્લાના મિલ કામદારો તથા સફાઈ કામદારોનાં બાળકોને રાત્રે એકત્રિત કરી શિક્ષણના પાઠ ભણાવતા હતા.

સમાજસેવી જીવ કેશવજી વાઘેલા અછૂતોદ્ધારની પ્રવૃત્તિઓ સાથે બહુ શરૂઆતથી સંકળાયેલા રહ્યા હતા. 1916માં ગાંધીજી અમદાવાદ આવ્યા ત્યારે રાયપુર દરવાજા નજીક ખસીપુર વણકર વાસમાં તેમને ફૂલહાર માટે આમંત્રિત કરવામાં આવેલા તે સમયે કેશવજી વાઘેલા 'વણકર અંત્યજ મંડળ' ચલાવતા તેમજ ડૉ. બેન્જામિનની આગેવાની હેઠળ ચાલતા મંડળમાં ભાગ લઈ અસ્પૃશ્યો અને મજૂરોમાં સારો એવો પ્રચાર કરેલો. 1917માં તેઓ પોતાના ઘરે રાત્રિશાળા ચલાવતા. આ તેમની રાત્રિશાળાનું કામ જોવા શંકરલાલ બેન્કર અને અનસૂયાબહેન આવ્યા હતા. આ બંને કાર્યકરોએ તેમના કાર્યને બિરદાવી આ કાર્યને વધુ વેગ આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. 1918માં ગાંધીજીના જન્મદિન નિમિત્તે વધુ રાત્રિશાળાઓની શરૂઆત કરી અછૂતોદ્ધારના કાર્યને વધુ દૃઢતાથી આગળ વધાર્યું હતું. ત્રણ મહિના તો કોઈ જ વેતન વિના કામ કર્યું હતું. 1918માં જ મુંબઈમાં સયાજીરાવ ગાયકવાડના પ્રમુખપણા હેઠળ 'અસ્પૃશ્યતા નિવારણ પરિષદ' ભરાઈ જેમાં તેમણે ભાગ લઈને અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં જંપલાવ્યું હતું.

કેશવજી વાઘેલાની સમાજસેવાની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર બહુઆયામી હતું. અસપૃશ્યોનાં દુઃખ દર્દોની સાથે મજૂરો, સ્ત્રીઓ અને બાળકોની સ્થિતિ સુધારવા પ્રયાસો કર્યા હતા. 1918માં 'મજૂર મહાજન' સાથે જોડાયા. 1922માં ગાંધીજીના પ્રમુખપદે અમદાવાદમાં 'અસ્પૃશ્યતા નિવારણ પરિષદ' ભરાઈ જેમાં તેમણે મંત્રી તરીકે કામ કર્યું. શાહપુર મિલ પંચના ચુકાદાથી મજૂરોને ચાર આના ઓછા આપતી હતી. આ માટે તેમણે લડત ઉપાડી અને મજૂરોને ન્યાય અપાવ્યો. પરિણામે તેમને કોલસીનો કૉન્ટ્રાક્ટ ગુમાવવો પડ્યો હતો. '1936માં ગુજરાત અસ્પૃશ્યતા નિવારણ પરિષદ'ના સ્વાગત પ્રમુખ તરીકે કામ કર્યું. 1918થી 1951 સુધી 33 વર્ષ અમદાવાદની મજૂરોની સેવામાં અર્પણ કરેલાં છે. આજથી 30 વર્ષ ઉપર મજૂરોની આર્થિક, સામાજિક અને શારીરિક સ્થિતિ સાવ કંગાળ હતી. તેવી કપરી સ્થિતિમાં તેમણે મજૂરોમાં રચનાત્મક કાર્ય કર્યું. બહેનો અને બાળકોની સ્થિતિ સુધરે તે માટે ભારે જહેમત ઉઠાવી અને ધીરે ધીરે મજૂરોનો જે વિકાસ થતો ગયો તે આવા મૂંગા કામને જ આભારી હતી. (દીનબંધુ, માર્ચ-1964)

રાષ્ટ્રીય લડતોમાં કેશવજી વાઘેલાએ ભાગ લીધો હતો. ગાંધીજીના નેતૃત્વ હેઠળ હોમરૂલ લીગની પ્રવૃત્તિમાં જોડાયા હતા. 1930માં 'સવિનય કાનૂનભંગ'ની લડત દરમિયાન 'ધરાસણા મીઠાના સત્યાગ્રહ'માં અમદાવાદથી સ્વયંસેવકોની ટુકડી સાથે ગયા હતા. આ સમયે તેમને અને સ્વયંસેવકોની ટુકડીને માર ખાવો પડ્યો હતો. '1942ની લડત વખતે અમદાવાદના મજૂરોએ સાડા ત્રણ માસની હડતાલ પાડી અને લડતને વેગ આપ્યો. તે વખતે તેમને પકડવામાં આવ્યા એન ડિટેન્શનમાં લઈ નાસિક મોકલવામાં આવેલા. ત્યાર પછી અસ્પૃશ્યોના હોટેલ પ્રવેશ અને મંદિર પ્રવેશના આંદોલનમાં પણ આગળ પડતો ભાગ લીધેલો.' (દીનબંધુ, માર્ચ-1964)

જાહેર જીવનમાં પણ કેશવજી વાઘેલા એટલા જ પ્રવૃત્તિમય રહ્યા હતા. અસ્પૃશ્યતાનિવારણ પરિષદના અધિવેશનો, મજૂર મહાજનના સંમેલનો અને પ્રવૃત્તિઓમાં કાર્યશીલ ભાગ લીધો હતો. 1929માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. 'ગુજરાત પ્રાંતિક સમતિએ મુંબઈ ધારાસભા માટે તેમને ઉમેદવાર તરીકે ઊભા રાખ્યા હતા અને સારા મતોએ ચૂંટાઈ આવ્યા હતા. મજૂરો અને હરિજનોની તેમની સેવા તેમના પ્રશ્નોનો તેમનો ઊંડો અભ્યાસ એ પુસ્તકિયા નથી, પણ તેમણે રચનાત્મક કાર્ય કરી બતાવ્યું છે. હરિજનો અને મજૂરોના પ્રશ્નો તેમનાથી વધુ સારી રીતે સમજનાર બહુ જ થોડા માણસો

હશે.' (દીનબંધુ, માર્ચ-1964).

**શ્રમિકોનાં બાળકો માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

કેશવજી વાઘેલા ભલે વધુ ભણી શક્યા નહોતા પણ શિક્ષણ-કેળવણીનું મહત્ત્વ સમજ્યા હતા. આ સમયે અસ્પૃશ્યો માટે શિક્ષણની ખાસ કોઈ વ્યવસ્થા નહોતી. ખ્રિસ્તી મિશનરીઓ અછૂતોનાં બાળકોને ભણાવતા. બાકી સવર્ણસમાજની સાથે ભણવું દુષ્કર હતું. પોતે અસ્પૃશ્ય હોવાને લીધે આ અનુભવોમાંથી પસાર થઈ ચૂક્યા હતા. અસ્પૃશ્ય મજૂરોના બાળકોને ભણાવવાનો તેમણે નિર્ધાર કર્યો. છ વર્ષ મિલ મજૂર તરીકે કામ કર્યું હોઈ અછૂતો અને મજૂરોની સ્થિતિથી પરિચિત થયા હતા. આ સમયે જ તેમને મહોલ્લાનાં બાળકો અને યુવાનોને ભણાવવાનો વિચાર આવ્યો. આ માટે પોતાના મકાનને જ સ્કૂલ બનાવી તથા વારાફરતી દરેકે પોતાના ઘરેથી ગ્યાસતેલ લાવવાનું નક્કી કરી 1917માં રાત્રિશાળાની શરૂઆત કરી અસ્પૃશ્યોમાં શિક્ષણ-કેળવણીની મશાલ પ્રગટાવી. આ પ્રકારે 'મજૂર મિત્ર મંડળ' મારફતે તેમણે મિરઝાપુર અને અમરાપુર વિસ્તારમાં કેળવણીનો પાયો નાંખ્યો. શાળામાં 20 જેટલા યુવાનો તથા 10 જેટલા છોકરા 9 થી 10 વર્ષની વયના આવતા. દરેક પાસે ચાર-ચાર આનાનું ઉઘરાણું કરી પાટી, ચોપડી, પેન લાવવામાં આવતી. શાળા 8.30 થી 10 વાગ્યા સુધી શાળા ચાલતી. આ રાત્રિશાળામાં સૌથી વધુ ગામડાંઓમાંથી અમદાવાદની મિલોમાં મજૂરી અર્થે આવેલા અને સ્થાયી થયેલા અસ્પૃશ્ય મજૂરોનાં બાળકો હતા. તેઓ રાત્રે રાત્રિશાળા ચલાવતા અને દિવસ દરમ્યાન બોઈલરની બળેલી કોલસી ચાળી લઈ જવાની તથા કોલસાની થપ્પીઓ કરવાના દાદાના કૉન્ટ્રાક્ટમાં કામ કરતા તેમજ લાકડાં વેચવાનું પીઠું પણ ચલાવતા.

કેશવજી વાઘેલાની કેળવણી-વિષયક પ્રવૃત્તિઓ જોવા શંકરલાલ બૅંકર અને અનસૂયાબહેન સારાભાઈ અમરાપુર લત્તાની રાત્રિશાળામાં આવ્યાં. તેઓએ કેશવજી વાઘેલાના પ્રયાસોની સરાહના કરી અને આ પ્રકારની વધુ શાળાઓ ચાલુ કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું. મજૂરોના આરોગ્ય અને તેઓ કેવો ખોરાક લે છે તેની સઘન જાંચ-પડતાલ શંકરલાલ બૅંકર અને અનસૂયાબહેનની સાથે રહીને કરી હતી. આ પછી તો શાહપુર, રુસ્તમઅલીનો ઢાળ રાયખડ વગેરે મજૂર લત્તાઓમાં રાત્રિ-શાળાઓ અને દિવસ-શાળાઓ ખોલવામાં આવી હતી. આ સમયે અમદાવાદમાં 40 જેટલી મિલો ધમધમતી હતી. તેમાં મોટા ભાગના મજૂરો પછાત સમાજના જ હતા. ગાંધીજીના જન્મદિવસ 2જી ઑક્ટોબર, 1918માં સદરહુ મોહલ્લામાં પછાત સમાજનાં બાળકો માટે વધુ રાત્રિશાળાઓ શરૂ કરવામાં આવી. ત્રણ માસ સુધી વગર વેતને પોતાની ફરજ નિભાવી હતી. મિલ કામદારોનાં બાળકોને શિક્ષણ આપવાના હેતુથી અનસૂયાબહેનના પ્રયાસોથી અમદાવાદના અમરાપુરા વિસ્તારમાં જ્યૂબિલી મિલ સામેના ઓરડામાં 14 માર્ચ, 1914ના રોજ 'બાળશાળા' શરૂ કરવામાં આવી હતી. આ કાર્યમાં કેશવજી વાઘેલાએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા પ્રાથમિક કેળવણીનું કામ કરવા માટે 'સ્કૂલ બોર્ડ'ની રચના કરવામાં આવી હતી. જેમાં કેશવજી વાઘેલા અને શ્યામપ્રસાદ વસાવડા મજૂરોના પ્રતિનિધિ તરીકે સ્કૂલ બોર્ડના વિકાસ માટે ચૂંટાઈ આવ્યા હતા. શાળાઓના નિરીક્ષણની જવાબદારી પણ કેશવજી વાઘેલાએ સુપેરે નિભાવી હતી. આમ, કેશવજી વાઘેલાએ ખૂબ શરૂઆતથી જ અસ્પૃશ્ય અને પછાત સમાજનાં બાળકોમાં શિક્ષણના પ્રસાર અને પ્રચાર માટે હૃદયપૂર્વક સંનિષ્ઠ પ્રયત્નો કર્યા હતા.

**શ્રમિકોના કલ્યાણ માટેની રાજકીય પ્રવૃત્તિઓ :**

શ્રમિકોના કલ્યાણ માટે કેશવજી વાઘેલાએ જમીની સ્તરની પ્રવૃત્તિઓ કરી હતી. રાજકીય સ્તરે તેમણે શ્રમિકોની સમસ્યાઓ ન માત્ર ઉજાગર કરી પણ તેના સાર્થક ઉકેલ સારુ સાર્થક પ્રયાસો પણ કર્યા હતા. તેઓ નિર્ભિક, સ્પષ્ટવક્તા, સમજદાર, કોઠાસૂઝ ધરાવનાર તથા સમાજસેવાના ઉમદા ગુણો ધરાવનાર અગ્રણી નેતા હતા. તેઓ એક સક્રિય કાર્યકર્તા તરીકે મજૂર મહાજન સંઘ અને કૉંગ્રેસ સાથે વફાદારીપૂર્વક આજીવન જોડાયેલા રહ્યા હતા. સંસ્થાઓમાં રહીને તેમણે અછૂત મજૂરોના હિતાર્થે મહત્ત્વપૂર્ણ કાર્યો કરાવ્યાં હતાં. રાજકીય નેતા તરીકે તેમણે મજૂરોના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. મજૂરો

પ્રત્યેની હમદર્દીને કારણે જ તેમને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મજૂરોના પ્રતિનિધિ તરીકે મિલ મજૂરોના મહોલ્લાની સ્થિતિ સુધારવા માટે મોકલવામાં આવ્યા હતા. કેશવજી વાઘેલાને તેમની ઉમદા અને પ્રશંસનીય કામગીરી બદલ પ્રાંતિક સમિતિએ 1943 અને 1952માં મુંબઈ ધારાસભામાં અછૂતોના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા હતા. 1932માં 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના થઈ ત્યારથી માંડી છેક સુધી તેના સાચા સલાહકાર રહ્યા હતા. ગાંધીજીના પ્રમુખપદે ભરાયેલી અસ્પૃશ્યતાનિવારણ પરિષદના મંત્રી તરીકે, 1929માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સ્વતંત્ર સભ્ય તરીકે, 1930ના ધરાસણા નમક સત્યાગ્રહમાં 1936માં અમદાવાદ ખાતે મળેલી અસ્પૃશ્યતાનિવારણ સમિતિના સ્વાગતપ્રમુખ તરીકે તથા સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ મુંબઈ ધારાસભામાં અછૂતોના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અછૂતોની સાથે સમગ્ર રાષ્ટ્રના હિતનો ખ્યાલ નજર સમક્ષ રાખીને જ પ્રજા સેવા કરવાના સતત પ્રયાસો કર્યા હતા. આમ, મજૂર મહાજન સંઘના મંત્રી પદથી લઈને લવાજમ વિભાગ અને ધારાસભા સુધી અનેકવિધ રાજકીય પ્રવૃત્તિઓ કરી તથા ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓને સતત વેગ આપવાનું કાર્ય કર્યું હતું.

**'મજૂર મહાજન સંઘ' દ્વારા શ્રમિકોની કલ્યાણ પ્રવૃત્તિઓ :**

અમદાવાદમાં મજૂર હડતાલના પરિણામે અનસૂયાબહેનના પ્રયાસોથી ગાંધીજીના નેતૃત્વ હેઠળ મિરજાપુર વિસ્તારમાં 25 એપ્રિલ, 1920ના રોજ 'મજૂર મહાજન સંઘ'ની વિધિવત્ રીતે સ્થાપના કરવામાં આવી હતી. કેશવજી વાઘેલા અને વિઠ્ઠલદાસ ભાવસારે મહાજનના મુખ્ય વહીવટકર્તા તરીકે કામગીરી સંભાળી હતી. મહાજનના મંત્રીપદથી લઈ લવાજમ વિભાગ, સભ્યસંખ્યા વગેરેમાં નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી કેશવજી વાઘેલાએ શ્રમિક નેતા તરીકેના ઊંચા માપદંડો સર્જ્યા હતા. મૃત્યુ સુધી મહાજન સાથે જોડાયેલા રહ્યા અને સંસ્થા દ્વારા મજૂરોના પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયાસરત રહ્યા હતા.

અછૂત અને પછાત સમુદાયના શ્રમિકોનું હિત કેશવજી વાઘેલાના હૈયે વસેલું હતું. મજૂર મહાજન સંઘની સ્થાપનાથી લઈ મૃત્યુ સુધી મજૂરોના કલ્યાણ અર્થે જીવન સમર્પિત કર્યું હતું. મજૂર મહાજન સંઘમાં તેઓ પાયાના પથ્થર સમાન હતા. 35 વર્ષ સુધી અથાગ પરિશ્રમ અને દૃઢ રાજકીય નેતૃત્વ પૂરું પાડી તેમણે સંસ્થાની અમૂલ્ય સેવા કરી હતી તથા મજૂરોના ન્યાયિક અધિકારોની પૂર્તિ માટે પ્રયત્નશીલ રહ્યા હતા. 1914ના સમયથી જ તેઓ પ્રજાસેવકો અનસૂયાબહેન અને શંકરલાલ બેંકરના સહવાસમાં આવ્યા હતા અને મજૂર કલ્યાણને જીવનનું ધ્યેય બનાવ્યું હતું. મજૂરો પ્રત્યેની સૂજબૂજના લીધે જ અનસુયાબેન તથા મિલમાલિક મંડળના પ્રમુખ મંગળદાસ શેઠ મિલોના નાના-મોટા પ્રશ્નોના નિરાકરણ માટે કેશવજી વાઘેલાને બોલાવતા તથા તેમની આવડતનો સદુપયોગ કરતા. શ્રમિક નેતા અનસૂયાબહેનના તેઓ જૂના સાથી હતા અને તેમની સાથે રહી મજૂરો સંબંધી અનેક પ્રવૃત્તિઓ કરી હતી. મજૂર સંદેશ લખે છે કે, 'સ્વ. કેશવજીભાઈએ મજૂરોમાં પ્રથમ સામાજિક પ્રવૃત્તિ શરૂ કરી અને પછી મહાજનની સ્થાપનામાં, રચનામાં, સફળ સંચાલનમાં શ્રી અનસુયાબહેનની સાથે રહી તેમણે અત્યંત કિંમતી ફાળો આપ્યો છે. સને 1919માં મહાજનની સ્થાપના થઈ ત્યારથી આજ સુધીનાં 35 વર્ષો સુધી મજૂર જનતાની, ગરીબ અને પછાત લોકોની એકધારી સેવા એમણે કર્યા કરી છે.' (મજૂર સંદેશ, 27-11-1954) એટલું ચોક્કસથી કહી શકાય કે તેઓ અમદાવાદમાં મજૂર પ્રવૃત્તિની બુનિયાદ હતા.

'મજૂર મહાજન સંઘ'ના વિકાસમાં કેશવજી વાઘેલાએ પ્રાણ રેડ્યો હતો. સંસ્થાનો વિકાસ તેની સફળતામાં છે અને સફળતા પાછળ સંસ્થાના કાર્યકર્તાઓ છે. આ દૃષ્ટિએ કેશવજી વાઘેલા મજૂર મહાજન સંઘની સફળતામાં મિલના પત્થર સાબિત થયા હતા. ખંડુભાઈ દેસાઈ, અનસૂયાબહેન, શંકરલાલ બૅંકર, શ્યામાપ્રસાદ વસાવડા જેવા શ્રમિક નેતાઓ સાથે તેમણે ઘરોબો કેળવી મજૂરોની સમસ્યાઓનું નિરાકરણ કર્યું હતું. એક મજૂર નેતા તરીકે તેમણે સાથી મિત્રો અને મજૂર મહાજન સંઘ સાથે મળીને મજૂરોના પ્રશ્નો જેવા કે પગારવધારો, બોનસ, કામના કલાકો, રજા વગેરેનો સંતોષકારક ઉકેલ

લાવી મજૂરો અને મિલમાલિકો વચ્ચે સુમેળભર્યા વાતાવરણનું નિર્માણ કર્યું હતું. મજૂરોમાં અછૂતોની સમસ્યાઓ વિશેષ હતી. અસ્પૃશ્યતાના છાંટા મિલો સુધી પણ પહોંચતા અને ખૂબ હાલાકી થતી. આ સ્થિતિમાં કેશવજી વાઘેલાએ અસ્પૃશ્યોની સમસ્યાઓના નિરાકરણમાં અગ્રિમ ભૂમિકા ભજવી હતી.

**સમીક્ષા :**

આમ, કેશવજી વાઘેલાએ જીવન પર્યંત મિલ કામદારો, મજૂરો અને અછૂતોના કલ્યાણ માટે અનેકવિધ સાર્થક પ્રવૃત્તિઓ કરી ગુજરાત અને ભારતના શ્રમિક ઈતિહાસમાં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ શોષિતો અને પીડિતોના ઉદ્ધારક બાબાસાહેબ ડૉ. આંબેડકર દ્વારા સ્થાપિત 'બહિષ્કૃત હિતકારિણી સભા'ના સભ્ય પણ હતા અને બાબાસાહેબને ગુજરાતમાં અસ્પૃશ્યો પર થતા અમાનવીય અત્યાચારોની જાણ પણ કરતા હતા. કેશવજીનો અભિગમ અને કર્તૃત્વ હંમેશાં માનવીય રહ્યો હતો. દૃઢ મનોબળ, કર્તવ્યપરાયણતા અને લોકસેવાના તેઓ અદના સૈનિક હતા. એક યોદ્ધાની માફક શ્રમિકોના કલ્યાણ માટે કાર્યો કર્યાં હતા. તેમના લીધે જ અમદાવાદ 'મજૂર મહાજન સંઘ' અજેય ગઢમાં પરિણમ્યો હતો. તેમની સજાગતાના લીધે જ શ્રમિકો અને અસ્પૃશ્યોના હિતોની કોઈ અવગણના કરી શકતું નહોતું. શ્રમિકો પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાના લીધે જ જ્યારે તેમનું અવસાન થયું ત્યારે આખાય અમદાવાદની 80 મિલો બંધ રહી હતી અને શ્રમિકોએ ગંભીર શોક પાળ્યો હતો. 'તેમના અવસાનથી મજૂર મહાજન સંઘે એક નિખાલસ, સેવાભાવી અને ઊંચી કોટિનો કાર્યકર્તા ગુમાવ્યો છે અને મજૂર ભાઈઓને એક પુખ્ત અને અનુભવી સલાહકારના કિંમતી માર્ગદર્શનની ખોટ પડી છે.' (અમદાવાદ મજૂર મહાજન સંઘની વિકાસયાત્રાની પગદંડી) અમદાવાદમાં મજૂરોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ થઈ અને મજૂર હકો અર્થે જે અનેકવિધ સાર્થક પગલાંઓ લેવાયાં તેમાં કેશવજી વાઘેલાની અગ્રિમ ભૂમિકા રહેલી છે. ગાંધીવાદી પ્રવૃત્તિઓના મૂળમાં કેશવજી વાઘેલા જેવા સમર્પિત કાર્યકરો હતા. કેશવજી વાઘેલાની અછૂતોદ્ધાર અને મજૂર પ્રવૃત્તિઓના લીધે અમદાવાદમાં 'મજૂર મહાજન સંઘ' જેવી શ્રમિકોના કલ્યાણ માટે કામ કરતી સંસ્થાનો જન્મ થયો હતો અને તેના પાયામાં તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. મજૂરો, મહિલાઓ, અસ્પૃશ્યો, બાળકોના કલ્યાણ માટે સાડા ત્રણ દાયકાઓનો અમૂલ્ય સમય આપનાર કેશવજી વાઘેલા ખરેખર સમર્પિત સામાજિક કાર્યકર હતા. તેઓ સાચે જ અમદાવાદમાં મજૂર પ્રવૃત્તિની બુનિયાદ હતા.

**પારિભાષિક શબ્દો :**

મુકાદમ : મજૂરોની હાજરી પૂરનાર અને અઠવાડિક ખર્ચી ચૂકવનાર, એક પ્રકારનો સુપરવાઈઝર

ડબ્લિંગ : વણાટનો લાંબો પટ્ટો

ડોફર્સ : રૂની પૂણી કરવાવાળો, એક પ્રકારે તાણા વાળો, મિલમાં ડોફર વિભાગમાં ડબ્લિંગ બૉબિન ડોફ પર કામ કરનારો

બોઈલર : એક પ્રકારનું મશીન / વરાળયંત્ર

**સંદર્ભ :**

દીનબંધુ, 1-3-1964

દીનબંધુ શ્રી કેશવજી વાઘેલા સ્મૃતિ અંક માર્ચ-1964

મજૂર સંદેશ, 27-11-1954

ચાવડા, મુકેશ, ગુજરાતમાં દલિત નેતાગીરી ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં (1915 થી 1985)

મેહતા, મકરંદ, હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, અમી પબ્લિકેશન, બાલાહનુમાન, ગાંધી રોડ, અમદાવાદ, 1995

અમદાવાદ મજૂર મહાજન સંઘની વિકાસયાત્રાની પગદંડી સંયુક્ત કાર્યવાહક મંડળ અને સંયુક્ત પ્રતિનિધિ મહત્ત્વના ઠરાવો સને 1930 થી 1970

## સ્મરણાંજલિ : અર્થશાસ્ત્રી પ્રા. રમેશભાઈ શાહને

– પ્રો. થોમસ પરમાર*

### અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસુની વિદાય

અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસુ અને શિક્ષણવિદ પ્રો. રમેશભાઈ શાહે તા. 3 ફેબ્રુઆરી, 2024ના રોજ 88 વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. દેત્રોજ મુકામે તા. 14-11-1935ના રોજ તેમનો જન્મ થયો હતો. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં તેઓ બીજા ક્રમે હતા. સાત ધોરણ સુધીનું શિક્ષણ તેમણે દેત્રોજમાં લીધું હતું. આઠમાથી અગિયારમા ધોરણ (જૂનું મેટ્રિક)નું શિક્ષણ અમદાવાદની ન્યૂ પ્રકાશ હાઈસ્કૂલમાં લીધું હતું. 1955માં શહેરમાં સ્થપાયેલી શ્રી રામાનંદ મહાવિદ્યાલય (વર્તમાન એચ. કે. આર્ટસ કૉલેજ)માં પ્રવેશ મેળવ્યો. ત્યાંથી મુખ્ય વિષય તરીકે અર્થશાસ્ત્ર અને ગૌણ વિષય તરીકે ગુજરાતી સાથે બી.એ. થયા. એમ.એ.નો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં કર્યો. એ પછી એચ. કે. કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. આ માટે પ્રો. ઠાકોરભાઈ મિસ્ત્રીસાહેબે શ્રી યશવંતભાઈને ભલામણ કરી હતી. એકાદ વર્ષ પાર્ટટાઈમ વ્યાખ્યાતા તરીકે સેવા આપી; એ પછી પૂર્ણ સમયના વ્યાખ્યાતા થયા. 1997 સુધી લાગલગાટ 36 વર્ષ સુધી અધ્યાપન કર્યું. પ્રો. શિનોય અને પ્રો. ઠાકોરભાઈ મિસ્ત્રી જેવા અર્થશાસ્ત્રના પ્રખર વિદ્વાનો પાસે ભણવાની તેમને ઊજળી તક મળી.

અભ્યાસમાં તેમની તેજસ્વિતા અને સંશોધનવૃત્તિ કૉલેજકાળથી જ ઊભરી આવી હતી. સંસ્કૃતનાં અધ્યાપિકા અને વિદુષી એવાં ડૉ. ઇન્દુકલાબહેન ઝવેરીની પ્રેરણાથી કૉલેજના મૅગેઝિન 'સાબરમતી' માટે તેમણે મીરાં વિશે લેખ લખ્યો હતો. લેખ એટલો વિદ્વત્તાપૂર્ણ હતો કે કૉલેજનો વિદ્યાર્થી આટલું ઊંડાણભર્યું લખે તે વિશે ચકાસણી કરવા સંપાદક શ્રી નગીનદાસ પારેખે તેમને બોલાવ્યા અને પૂછ્યું, 'આ લેખ તમે જ લખ્યો છે ?' રમેશભાઈએ 'હા' કહી. બસ, આટલાથી જ નગીનકાકાને વિશ્વાસ બેસી ગયો અને લેખ 'સાબરમતી'માં છપાયો.

વિદ્યાર્થીકાળનો એક અન્ય પ્રસંગ ટાંકવો જરૂરી છે. મહાભારતનો કેટલોક ભાગ (સભાપર્વ) અભ્યાસક્રમમાં હતો, જે ડૉ. ઇન્દુકલાબહેન ઝવેરી ભણાવતાં હતાં. તેની રમેશભાઈ પર ઊંડી અસર પડી. વિકર્ણની ભૂમિકાનું વિવરણ ઇન્દુકલાબહેને કર્યું હતું. તે રમેશભાઈના માનસપટ પર કાયમ માટે અંકિત થઈ ગયું હતું. સાર એટલો કે, 'વડીલો પ્રત્યેના આદરને યથાસ્થાને રાખીને તમારે તમારા વિચારો સ્વતંત્ર રીતે વ્યક્ત કરવાના છે. એમના વિચારોનો આદર કરવો જરૂરી નથી.'

2005ના 'સાબરમતી'ના તેમના એક લેખ 'એચ. કે. ની મારી સ્મરણયાત્રા'માં તેઓ જણાવે છે કે, 'હું એક ખરાબ વિદ્યાર્થી હતો.' બે કે ત્રણ વર્ગોમાં જ હાજરી આપતા. સહાધ્યાયી હિરુભાઈ ભટ્ટ સાથે વાતો કરતા, પરંતુ અધ્યાપક થયા પછી તેમનામાં મોટું પરિવર્તન આવ્યું. કોઈના પણ વ્યાખ્યાનમાં વાત ન થાય તેની ખાસ કાળજી રાખતા હતા. પ્રો. મિસ્ત્રીસાહેબે અર્થશાસ્ત્ર વિશેની એક પુસ્તિકા લખી હતી - જેમાં બે પ્રકરણ રમેશભાઈએ લખ્યાં હતાં ત્યારથી અર્થશાસ્ત્ર વિષયમાં લેખો, પુસ્તકો લખવાની યાત્રા શરૂ થઈ હતી. પોતાના લેખમાં કે પુસ્તકમાં અન્ય વિદ્વાનોનાં અવતરણો જરૂરી હોય તો જ મૂકતા. તેઓ માનતા કે, 'એક અધ્યાપક એના શબ્દો વેડફી શકે નહિ. એમાં પૂરેપૂરી પ્રામાણિકતા હોવી જોઈએ.' વિદ્યાર્થીએ સારો દેખાવ કર્યો હોય તો એની કદર કરવાનો ઉમદા ગુણ તેમનામાં હતો. તેમને મન - 'શ્રી નગીનદાસ પારેખ એટલે સ્વાધ્યાયનિષ્ઠાનું મૂર્તિમંત સ્વરૂપ.' રમેશભાઈ પણ પારેખસાહેબની જેમ સ્વાધ્યાયનિષ્ઠ રહ્યા અને એટલે જ પારેખસાહેબની નિવૃત્તિ પછી સ્ટાફ કોમન રૂમની પારેખસાહેબની ખુરશીને શોભાવી હતી. અધ્યાપકોની એક સભામાં રમેશભાઈએ હિંમતપૂર્વક પોતાનો વિચાર

* નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, એચ. કે. આર્ટ્સ કૉલેજ, જાણીતા ઇતિહાસવિદ્
** 'વિશ્વવિહાર'માંથી સાભાર

વ્યક્ત કર્યો હતો કે યુનિવર્સિટીના વી.સી.ની જેમ કૉલેજના આચાર્ય પણ ત્રણ કે પાંચ વર્ષ માટે હોવા જોઈએ. નોંધવા યોગ્ય એ છે કે ત્યારે યશવંતભાઈ અઢાર વર્ષથી આચાર્યપદે રહ્યા હતા.

રમેશભાઈને નામે વીસ જેટલાં પુસ્તકો છે - તેમાં છ જેટલાં મૌલિક છે. પંદર પુસ્તકોમાં તેઓ સહલેખક તરીકે છે. કિશોરલાલ મશરૂવાળા તેમના પ્રિય લેખક હતા અને તેમનું 'સમૂળી ક્રાંતિ' પુસ્તક પ્રિય હતું. અર્થશાસ્ત્રની વ્યાખ્યા કરકસરના શાસ્ત્ર તરીકે આપી હતી. લેખ લખવા માટે ઓફ-પ્રિન્ટ કૉપીની કોરી બાજુનો સદુપયોગ કરતા. ગમે તેટલી ઠંડી હોય તોપણ સ્વેટર પહેરતા નહીં. ખૂબ જ ઠંડી હોય ત્યારે ક્યારેક જ મફલર ગળે વીંટાળતા. એમને પૂછવામાં આવે કે, 'તમને ઠંડી નથી લાગતી ?' ત્યારે તેઓ જવાબ આપતા કે, 'ઠંડી લાગવી એ માનસિક ખ્યાલ છે' અને દાખલો આપતા કે, 'હું સવારે કૉલેજ ચાલતો આવું છું ત્યારે રસ્તામાં ખુલ્લામાં એક ભાઈ ઠંડા પાણીથી નિરાંતે નહાતા હોય છે. એ ભાઈને કેમ ઠંડી લાગતી નથી ?' કૉલેજમાં વાંચનશિબિરો પ્રો. રમેશભાઈ ભટ્ટની સહાયથી યોજાતી, જેમાં અંબાજી અને સુરેન્દ્રનગરની શિબિરો મહત્ત્વની છે. આમાંના કેટલાક શિબિરાર્થીઓ તેમના વિષયના સફળ અધ્યાપકો અને વિદ્વાનો તરીકે જાણીતા થયા છે. તેમનું એક વાક્ય યાદ આવે છે કે, 'આપણે જે કંઈ સાંભળીએ છીએ તે ત્રીજી મિનિટ પછી ભુલાવાની પ્રક્રિયા શરૂ થાય છે.' ગુજરાતી સાહિત્યનો પણ ઊંડો અભ્યાસ હતો. સાહિત્યના ક્ષેત્રે જો તેઓ પ્રવેશ્યા હોત તો એક સારા વિવેચક હોત. રમેશભાઈએ પોતાના ઊંડા સ્વાધ્યાય વડે 'એચ. કે. આર્ટ્સ કૉલેજ' અને 'ગુજરાત વિશ્વકોશ' સંસ્થાને દીપાવી છે. તે માટે બંને સંસ્થા હંમેશ માટે તેમની ઋણી રહેશે. સાથે જ સામાજીક ગુજરાત સેવામંડળને પણ સેવા પૂરી પાડી હતી. પોતે સંપૂર્ણ રૅશનાલિસ્ટ હોવાથી પોતાના મૃત્યુ પછી કોઈ પણ ધાર્મિક કે સામાજિક વિધિઓ ન કરવાનું સૂચન કરતા ગયા હતા અને કુટુંબીજનોએ પણ તેમની ઇચ્છાને પૂર્ણ કરી. આવા રૅશનાલિસ્ટને શ્રદ્ધાંજલિ પણ કેમ અપાય ? જૈન ધર્મમાં સ્વાધ્યાયને એક પ્રકારનું તપ ગણવામાં આવ્યું છે. રમેશભાઈના એ તપને વંદન.

## આપણા દુઃખનું મૂળ

મારી સલાહ શૂરા, હિંમતવાળા, નિઃસ્વાર્તી અને ઈશ્વરથી ડરીને ચાલનારા લોકો માટે છે. વ્યક્તિઓ શું કે પ્રજાઓ શું સૌને તેમની પોતાની કરણીથી નુકસાન થાય છે. બહારનું બીજું કોઈ તેમને નુકસાન કરી શકતું નથી. અંગત લોભ-લાલચ, અંગત સ્વાર્થ અને નામર્દાઈથી આપણે આપણી સ્વતંત્રતા કેવી રીતે ગુમાવી તેના પાર વગરના દાખલાઓ આપણા દુઃખદ ઇતિહાસમાં ભરેલા છે.

**- મો. ક. ગાંધી**

• • •

## વિદ્યાર્થીને સલાહ

તમારે વિદ્યાર્થીઓને શુદ્ધ ચારિત્ર્ય અને ચિત્તશુદ્ધિ ઉપર તમારી કેળવણીનો પાયો નાખવો હોય તો નિત્ય, નિયમિત પ્રાતઃકાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકે નથી. જો કે આપણે અમુક પ્રવૃત્તિઓનાં પરિણામ સ્પષ્ટ રીતે જોઈ શકતાં નથી. તે છતાં શુદ્ધ ચિત્તથી થયેલી પ્રવૃત્તિનું પરિણામ શુભ આવે છે, પછી તે દશ્ય હોય કે અદશ્ય - એ અંગે સત્યાગ્રહી તરીકેની મારી શ્રદ્ધા પ્રગટ કરી. મૃત્યુ આજ આવે કે કાલ, તેનો ભય રાખ્યા વિના આપણે આપણો ધર્મ પાળવો, ફરજ બજાવવી એ શુદ્ધ પુરુષાર્થ છે.

**- મો. ક. ગાંધી**

(ટાઈટલ પેજ - **4** નું ચાલુ)

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમના નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો—સમાચાર—પ્રવૃત્તિ—નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**લેખક દ્વારા પ્રમાણપત્ર**

આથી હું/અમે ........................................................ જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ............................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેનાં લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટૅક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતાં પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પૂરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઇલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (250 શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસપદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસપદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપના લેખમાં 3000 શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફૉન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-2, ફૉન્ટ 12 અથવા યુનિકોડ ફૉન્ટ, ટાઈમ્સ રોમન-12 મુજબ ટાઈપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-3 પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**

**વર્ષ : 18, જુલાઈ 2024, અંક : 2**

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009